	જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે ...ઉ અથવા નફા-નુકસાનના પત્રક ખાતે ...ઉ તે ડિબેન્ચર વટાવ કે ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે		....	....

- **જ્યારે ડિબેન્ચરની રકમ એકસાથે મંગાવવામાં આવે ત્યારે :**

દા.ત., એક કંપનીએ ₹ 100નો એક એવા 8 ટકાના 2000 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 80ના ભાવે બહાર પાડ્યા, જેના પર પૂરેપૂરી રકમ મંગાવી, જે મળી ગઈ હતી.

કંપનીના ચોપડે આમનોંધ નીચે મુજબ થશે :

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
(i)	બૅન્ક ખાતે ઉ તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે [બા.જે. : 2000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 80 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		1,60,000	1,60,000
(ii)	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ ડિબેન્ચર વટાવ ખાતે ઉ તે 8 ટકાના ડિબેન્ચર ખાતે [બા.જે. : ₹ 100ના એક એવા 8 ટકાના 2000 ડિબેન્ચર ₹ 20ના વટાવથી બહાર પાડ્યાં તેના.]		1,60,000 40,000	2,00,000

- **જ્યારે ડિબેન્ચરની રકમ હપ્તેથી મંગાવવામાં આવે ત્યારે :**

ઉદાહરણ 3 : રાજકોટ ઑઇલ લિમિટેડે ₹ 100નો એક એવા 10 ટકાના 8000 ડિબેન્ચર ₹ 90ના ભાવે બહાર પાડ્યા. ડિબેન્ચર દીઠ નાણાં નીચે મુજબ ભરવાનાં છે :

અરજી સાથે ₹ 30

મંજૂરી વખતે ₹ 40 (વટાવ બાદ)

હપ્તા વખતે ₹ 20

કંપનીને 8000 ડિબેન્ચરની અરજીઓ મળી. કંપનીએ મંજૂરી વખતે મંગાવેલ રકમ પૂરેપૂરી મળી ગઈ, જ્યારે હપ્તા વખતે 300 ડિબેન્ચર સિવાય બાકીના બધા ડિબેન્ચર પર પૂરેપૂરી રકમ મળી ગઈ.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

જવાબ :

રાજકોટ ઑઇલ લિ. કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે 10 %ના ડિબેન્ચરઅરજી ખાતે [બા.જે. : 8000 ડિબેન્ચર પર ડિબેન્ચર દીઠ ₹ 30 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		2,40,000	2,40,000

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2	10 %ના ડિબેન્ચરઅરજી ખાતે	ઉ		2,40,000	
	તે 10 %ના ડિબેન્ચર ખાતે				2,40,000
	[બા.જે. : અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયાં તેના.]				
3	10 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે	ઉ		3,20,000	
	ડિબેન્ચર વટાવ ખાતે	ઉ		80,000	
	તે 10 %ના ડિબેન્ચર ખાતે				4,00,000
	[બા.જે. : મંજૂરીનાં નાણાં ₹ 10ના વટાવ બાદ, ડિબેન્ચર દીઠ ₹ 40 લેણાં થયાં તેના.]				
4	બૅન્ક ખાતે	ઉ		3,20,000	
	તે 10 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે				3,20,000
	[બા.જે. : મંજૂરી વખતે મંગાવેલી રકમ પૂરેપૂરી મળી ગઈ તેના.]				
5	10 %ના ડિબેન્ચર આખરી હપ્તા ખાતે	ઉ		1,60,000	
	તે 10 %ના ડિબેન્ચર ખાતે				1,60,000
	[બા.જે. : 8000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 20 લેખે હપ્તાની રકમ મંગાવી તેના.]				
6	બૅન્ક ખાતે	ઉ		1,54,000	
	ડિબેન્ચર બાકી હપ્તા ખાતે	ઉ		6000	
	તે 10 %ના ડિબેન્ચર હપ્તા ખાતે				1,60,000
	[બા.જે. : 300 ડિબેન્ચર સિવાય બાકીના 7700 ડિબેન્ચર પર હપ્તાની રકમ મળી ગઈ તેના.]				
	કુલ સરવાળો			**15,20,000**	**15,20,000**

ઉદાહરણ 4 : પંજાબ લિમિટેડે ₹ 100નો એક એવા 11 %ના 25,000 ડિબેન્ચર બહાર પાડ્યા, જેના પર ડિબેન્ચર દીઠ નાણાં નીચે મુજબ ભરવાનાં હતાં :

અરજી સાથે ₹ 30; મંજૂરી વખતે ₹ 35 અને પ્રથમ અને આખરી હપ્તા વખતે ₹ 35.

બધા જ ડિબેન્ચર માટે અરજીઓ આવી હતી. 800 ડિબેન્ચર ધારણ કરનાર જોગિન્દરે, મંજૂરી વખતે ડિબેન્ચરની બધી જ રકમ પૂરેપૂરી ચૂકવી દીધી. જ્યારે 200 ડિબેન્ચર ધારણ કરનાર હરજીતસિંહ મંજૂરી અને હપ્તાની રકમ ચૂકવી શક્યા નહિ.

બાકીના બધા જ ડિબેન્ચર પર સમયસર મંજૂરી અને હપ્તાની રકમ મળી ગઈ હતી.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

જવાબ :

પંજાબ લિમિટેડ કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે	ઉ		7,50,000	
	તે 11 %ના ડિબેન્ચરઅરજી ખાતે				7,50,000
	[બા.જે. : 25,000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 30 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]				
2	11 %ના ડિબેન્ચરઅરજી ખાતે	ઉ		7,50,000	
	તે 11 %ના ડિબેન્ચર ખાતે				7,50,000
	[બા.જે. : ડિબેન્ચર પરનાં અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયાં તેના.]				
3	11 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે	ઉ		8,75,000	
	તે 11 %ના ડિબેન્ચર ખાતે				8,75,000
	[બા.જે. : મંજૂરી વખતે લેણી થતી રકમ ડિબેન્ચર દીઠ ₹ 35 લેખે મંગાવી તેના.]				
4	બૅન્ક ખાતે	ઉ		8,96,000	
	ડિબેન્ચર પર મળવાના બાકી હપ્તા ખાતે	ઉ		7000	
	તે 11 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે				8,75,000
	તે અગાઉથી મળેલ હપ્તા ખાતે				28,000
	[બા.જે. : મંજૂરી પર 24,800 ડિબેન્ચરનાં નાણાં મળ્યાં તેના તેમજ 800 ડિબેન્ચર પર ડિબેન્ચર દીઠ ₹ 35 લેખે હપ્તાની રકમ અગાઉથી મળી તેના.]				
5	11 %ના ડિબેન્ચરનાં પ્રથમ અને આખરી હપ્તા ખાતે	ઉ		8,75,000	
	તે 11 %ના ડિબેન્ચર ખાતે				8,75,000
	[બા.જે. : હપ્તા વખતે લેણી થતી રકમ ડિબેન્ચર દીઠ ₹ 35 લેખે મંગાવી તેના.]				
6	બૅન્ક ખાતે	ઉ		8,40,000	
	મળવાના બાકી હપ્તા ખાતે	ઉ		7000	
	અગાઉથી મળેલ હપ્તા ખાતે	ઉ		28,000	
	તે 11 %ના ડિબેન્ચર પર પ્રથમ અને આખરી હપ્તા ખાતે				8,75,000
	[બા.જે. : આખરી હપ્તા વખતે 800 ડિબેન્ચર પર અગાઉથી મળેલ હપ્તાની રકમ બાદ કરતાં તેમજ 200 ડિબેન્ચર પર હપ્તાની રકમ નહિ ભરાતાં બાકીની રકમ મળી ગઈ તેના.]				
	કુલ સરવાળો			**50,28,000**	**50,28,000**

ઉદાહરણ 5 : મોહન ક્રિશ્ના લિમિટેડે ડિબેન્ચર દીઠ ₹ 500ની મૂળકિંમતના 10 ટકાના 80,000 ડિબેન્ચર, 10 ટકાના પ્રીમિયમથી બહાર પાડ્યા. રકમ નીચે મુજબ ચૂકવવાની હતી :

અરજી વખતે ₹ 250 (પ્રીમિયમ સહિત) અને બાકીની રકમ મંજૂરી વખતે.

આ ડિબેન્ચર 8 વર્ષ પછી પરત કરવાના છે. કંપનીને 1,00,000 ડિબેન્ચરની અરજીઓ મળી, જેમાંથી પ્રમાણસર ફાળવણી દ્વારા 80,000 ડિબેન્ચર મંજૂર કર્યા.

અરજી પરની વધારાની રકમ મંજૂરી ખાતે લઈ જવામાં આવશે. મંજૂરી વખતે મંગાવેલ રકમ પૂરેપૂરી મળી ગઈ. ડિબેન્ચર બહાર પાડતી વખતે કંપનીના ચોપડે થતી અસરોની આમનોંધ આપો :

જવાબ :

મોહન ક્રિશ્ના લિ.ના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ		2,50,00,000	
	તે 10 %ના ડિબેન્ચરઅરજી ખાતે			2,50,00,000
	[બા.જે. : 1,00,000 ડિબેન્ચરની અરજી પર, ડિબેન્ચર દીઠ ₹ 250 લેખે નાણાં મળ્યાં તેના.]			
2	10 %ના ડિબેન્ચરઅરજી ખાતે ઉ		2,50,00,000	
	તે 10 %ના ડિબેન્ચર ખાતે (80,000 ડિબે. × ₹ 200)			1,60,00,000
	તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે (80,000 ડિબે. × ₹ 50)			40,00,000
	તે 10 ટકાના ડિબેન્ચરમંજૂરી ખાતે (20,000 ડિબે. × ₹ 250)			50,00,000
	[બા.જે. : ડિબેન્ચરઅરજી પરનાં નાણાં ડિબેન્ચર ખાતે અને પ્રીમિયમ ખાતે લઈ ગયાં તેમજ વધારાની અરજી પરનાં નાણાં ડિબેન્ચરમંજૂરી ખાતે લઈ ગયાં તેના.]			
3	10 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે ઉ		2,40,00,000	
	તે 10 %ના ડિબેન્ચર ખાતે			2,40,00,000
	[બા.જે. : 80,000 ડિબેન્ચર પર ડિબેન્ચર દીઠ ₹ 300 લેખે મંજૂરીનાં નાણાં મંગાવ્યાં તેના.]			
4	બૅન્ક ખાતે ઉ		1,90,00,000	
	તે 10 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે			1,90,00,000
	[બા.જે. : મંજૂરી પરની રકમ મળી ગઈ તેના.]			
	કુલ સરવાળો		**9,30,00,000**	**9,30,00,000**

ઉદાહરણ 6 : કવિશ લિમિટેડે ડિબેન્ચર દીઠ ₹ 100ની મૂળકિંમતના 8 %ના 20,000 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 30ના પ્રીમિયમથી બહાર પાડ્યા. પૂરેપૂરી રકમ અરજી વખતે ભરવાની છે. કંપનીને 24,000 ડિબેન્ચરની અરજીઓ મળી હતી, જેમાંથી 4000 ડિબેન્ચરની અરજીઓ નામંજૂર કરી તેના પરની રકમ અરજદારોને પરત કરી હતી. બાકીની અરજીઓ પર ડિબેન્ચર મંજૂર કર્યા.

કવિશ લિમિટેડના ચોપડામાં ઉપરના વ્યવહારોની જરૂરી આમનોંધ પસાર કરો.

જવાબ :

નોંધ : જ્યારે કંપની દ્વારા ડિબેન્ચરની પૂરેપૂરી રકમ અરજી વખતે જ મંગાવવામાં આવે ત્યારે તે રકમ, 'ડિબેન્ચર અરજી ખાતે' લઈ જવાના બદલે 'ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે' જમા કરવામાં આવશે.

કવિશ લિમિટેડની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ		31,20,000	
	તે 8 %ના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે			31,20,000
	[બા.જે. : 24,000 ડિબેન્ચર પર ₹ 130 લેખે રકમ મળી તેના.]			
2	8 %ના ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ		31,20,000	
	તે 8 %ના ડિબેન્ચર ખાતે (20,000 ડિબે. × ₹ 100)			20,00,000
	તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે (20,000 ડિબે. × ₹ 30)			6,00,000
	તે બૅન્ક ખાતે (4000 ડિબે. × ₹ 130)			5,20,000
	[બા.જે. : 20,000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 100 લેખે ડિબેન્ચર ખાતે અને ડિબેન્ચર દીઠ ₹ 30 લેખે પ્રીમિયમ ખાતે લઈ ગયા તેના તેમજ નામંજૂર કરેલા 4000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 130 પરત કર્યા તેના.]			

ઉદાહરણ 7 : અમરેલીની અંકુશ લિમિટેડે ₹ 100નો એક એવા 9 %ના 5000 ડિબેન્ચર 10 ટકાના વટાવથી તા. 1-4-2017ના રોજ બહાર પાડ્યા. ડિબેન્ચર પર નાણાં નીચે મુજબ ભરવાનાં હતાં :

અરજી સાથે ₹ 25

મંજૂરી વખતે ₹ 25 અને બાકીની રકમ છેલ્લા હપ્તા વખતે

કંપનીને 5000 ડિબેન્ચરની અરજીઓ મળી હતી, જે બધી જ મંજૂર કરી. ડિબેન્ચર પર મંગાવેલ બધી જ રકમ સમયસર મળી ગઈ હતી. ડિબેન્ચર બહાર પાડવાનો ખર્ચ ₹ 16,000 થયો છે. ડિરેક્ટર્સે નક્કી કર્યું કે 'ડિબેન્ચર બહાર પાડવાના ખર્ચ ખાતે' અને 'ડિબેન્ચર વટાવ ખાતે' જે રકમ છે, તે દર વર્ષે તેનો $\frac{1}{5}$ ભાગ નફા-નુકસાનના પત્રકમાં લઈ જઈને માંડી વાળવો.

ઉપરના વ્યવહારો પરથી કંપનીના ચોપડામાં ફક્ત પ્રથમ વર્ષની આમનોંધ લખો.

જવાબ :

અંકુશ લિમિટેડ કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ		1,25,000	
	તે 9 %ના ડિબેન્ચરઅરજી ખાતે			1,25,000
	[બા.જે. : 5000 ડિબેન્ચરની અરજી પર, ડિબેન્ચર દીઠ ₹ 25 લેખે નાણાં મળ્યાં તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2	9 %ના ડિબેન્ચરઅરજી ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચર ખાતે [બા.જે. : મંજૂર કરેલા ડિબેન્ચર પરની અરજીની રકમ ડિબેન્ચર ખાતે લઈ ગયા તેના.]		1,25,000	 1,25,000
3	9 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે ઉ (5000 ડિબેન્ચર × ₹ 25) ડિબેન્ચર વટાવ ખાતે ઉ (5000 ડિબેન્ચર × ₹ 10) તે 9 %ના ડિબેન્ચર ખાતે (5000 ડિબેન્ચર × ₹ 35) [બા.જે. : મંજૂરી વખતે વટાવ બાદ ₹ 25 લેખે નાણાં મંગાવ્યાં તેના.]		1,25,000 50,000	 1,75,000
4	બૅન્ક ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચરમંજૂરી ખાતે [બા.જે. : મંજૂરીની પૂરેપૂરી રકમ મળી ગઈ તેના.]		1,25,000	 1,25,000
5	9 %ના ડિબેન્ચરના છેલ્લા હપ્તા ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચર ખાતે [બા.જે. : છેલ્લા હપ્તા વખતે ડિબેન્ચર દીઠ ₹ 40 લેખે નાણાં મંગાવ્યાં તેના.]		2,00,000	 2,00,000
6	બૅન્ક ખાતે ઉ તે 9 %ના ડિબેન્ચરના છેલ્લા હપ્તા ખાતે [બા.જે. : હપ્તા પર મંગાવેલી રકમ પૂરેપૂરી મળી ગઈ તેના.]		2,00,000	 2,00,000
7	ડિબેન્ચર બહાર પાડવાના ખર્ચ ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : ડિબેન્ચર બહાર પાડવાનો ખર્ચ થયો તેના.]		16,000	 16,000
8	નફા-નુકસાનના પત્રક ખાતે ઉ તે ડિબેન્ચર વટાવ ખાતે (50,000ના $\frac{1}{5}$) તે ડિબેન્ચર બહાર પાડવાના ખર્ચ ખાતે (16,000ના $\frac{1}{5}$) [બા.જે. : ચાલુ વર્ષે ડિબેન્ચર વટાવ અને બહાર પાડવાના ખર્ચના $\frac{1}{5}$ ભાગ નફા-નુકસાન ખાતે લઈ જઈને માંડી વાળ્યા તેના.]		13,200	 10,000 3200
	કુલ સરવાળો		**9,79,200**	**9,79,200**

6. રોકડ સિવાયના અવેજથી ડિબેન્ચર બહાર પાડવા (Issue of Debentures for Consideration Other than Cash)

શૅરની જેમ જ ડિબેન્ચર પણ રોકડ સિવાયના અવેજથી અમુક સંજોગોમાં બહાર પાડવામાં આવે છે. દા.ત., જમીન-મકાન, પ્લાન્ટ અને મશીનરી વગેરે જેવી મિલકતો ખરીદીની સામે વેચનારને ડિબેન્ચર આપવા. તે જ રીતે કોઈ ધંધાની ખરીદી વખતે, ધંધો વેચનારને ધંધાની ખરીદકિંમત પેટે કંપનીના ડિબેન્ચર આપવા. આ ડિબેન્ચર વેચનારને મૂળકિંમતે, પ્રીમિયમથી કે વટાવ દ્વારા આપવામાં આવે છે.

આ સંજોગોમાં નીચે પ્રમાણે આમનોંધ પસાર કરવામાં આવે છે :

(1)	**જ્યારે કોઈ ધંધો ખરીદવામાં આવે ત્યારે,**			
	(i) પરચૂરણ મિલકતો ખાતે ...ઉ			
	(ધંધાની લીધેલ મિલકતો)		....	
	તે પરચૂરણ દેવાં ખાતે (ધંધાનાં લીધેલ દેવાં)			....
	તે ધંધો વેચનાર ખાતે (ખરીદકિંમત)			....
	[બા.જે. : ધંધાની ખરીદી વખતે ધંધાની મિલકતો અને દેવાં લીધાં તેના.]			
	(ii) ધંધો વેચનાર ખાતે ...ઉ		....	
	તે ડિબેન્ચર ખાતે			....
	[બા.જે. : ખરીદકિંમત પેટે કંપનીએ ડિબેન્ચર આપ્યા તેના.]			
(2)	**જો કોઈ મિલકત ખરીદવામાં આવે ત્યારે,**			
	(i) મિલકતની ખરીદી વખતે,			
	મિલકત ખાતે ...ઉ		....	
	તે વેચનાર ખાતે			....
	[બા.જે. : મિલકતની ખરીદી કરવામાં આવે તેના.]			
(ii)	વેચનાર ખાતે ...ઉ		....	
	તે ડિબેન્ચર ખાતે			....
	[બા.જે. : વેચનારને મિલકત પેટે ડિબેન્ચર આપ્યા તેના.]			

ઉદાહરણ 8 : માનસી લિમિટેડે ₹ 6,00,000ની મશીનરી સુમન મેન્યુ. લિ. પાસેથી તા. 1-12-2017ના રોજ ખરીદી. ₹ 2,00,000 તરત જ ચૂકવી દીધા અને બાકીની રકમ પેટે માનસી લિ.ના ₹ 3,70,000ના 11 ટકાના ડિબેન્ચર આપ્યા. માનસી લિ.ના ચોપડામાં જરૂરી આમનોંધ પસાર કરો. જો માનસી લિ. બાકીની રકમ પેટે ₹ 4,20,000ના 11 ટકાના ડિબેન્ચર આપે તો તેની આમનોંધ કેવી રીતે લખાશે ?

જવાબ :

માનસી લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2017 ડિસે. 1	મશીનરી ખાતે ઉ		6,00,000	
	તે સુમન મેન્યુ. લિ. ખાતે			6,00,000
	[બા.જે. : સુમન મેન્યુ. લિ. પાસેથી મશીનરી ખરીદી તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
ડિસે. 1	સુમન મેન્યુ. લિ. ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : મશિનરીની ખરીદી સામે ₹ 2,00,000 તરત જ ચૂકવી દીધા તેના.]		2,00,000	 2,00,000
ડિસે. 1	સુમન મેન્યુ. લિ. ખાતે ઉ તે 11 ટકાના ડિબેન્ચર ખાતે તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે [બા.જે. : ₹ 4,00,000ની બાકી રકમની સામે ₹ 3,70,000ના ડિબેન્ચર આપતાં તફાવતની રકમ પ્રીમિયમ ખાતે લઈ ગયા તેના.]		4,00,000	 3,70,000 30,000

જો માનસી લિ. બાકીની રકમ પેટે ₹ 4,20,000ના 11 ટકાના ડિબેન્ચર આપે, ત્યારે ઉપરના ઉદાહરણમાં ફક્ત છેલ્લી આમનોંધ બદલાશે.

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
2017 ડિસે. 1	સુમન મેન્યુ. લિ. ખાતે ઉ ડિબેન્ચર વટાવ ખાતે ઉ તે 11 ટકાના ડિબેન્ચર ખાતે [બા.જે. : ₹ 4,00,000ની બાકી રકમની સામે ₹ 4,20,000ના ડિબેન્ચર આપ્યા તેના.]		4,00,000 20,000	 4,20,000

ઉદાહરણ 9 : નીતિન મેટલ્સ લિમિટેડે પટેલ ટ્રેડર્સની મિલકતો ₹ 8,80,000માં અને દેવાં (લેણદારો) ₹ 1,60,000માં ખરીદી લીધાં. ખરીદકિંમત પેટે ₹ 7,68,000 ચૂકવવાનું નક્કી કર્યું. નીતિન મેટલ્સ લિમિટેડે ખરીદકિંમત પેટે ₹ 100નો એક એવા 12 %ના ડિબેન્ચર, 20 % પ્રીમિયમથી આપ્યા.

કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો.

જવાબ : જરૂરી ગણતરી :

ખરીદકિંમત = ₹ 7,68,000 જે આપેલ છે.

ચોખ્ખી મિલકત = કુલ મિલકતો − દેવાં

= ₹ 8,80,000 − ₹ 1,60,000

= ₹ 7,20,000

ખરીદકિંમત − ચોખ્ખી મિલકત = પાઘડી

₹ 7,68,000 − ₹ 7,20,000 = **₹ 48,000 (પાઘડી)**

અહીં ₹ 7,68,000ની ખરીદકિંમત પેટે ₹ 100નો એક એવા 12 %ના ડિબેન્ચર, 20 % પ્રીમિયમથી આપે છે. ડિબેન્ચરની સંખ્યા આપેલ નથી.

$$\text{ડિબેન્ચરની સંખ્યા} = \frac{\text{ખરીદકિંમત}}{\text{ડિબેન્ચર દીઠ રકમ}} = \frac{7,68,000}{120\ (100\quad 20)}$$

= 6400 ડિબેન્ચર

કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	પરચૂરણ મિલકતો ખાતે ઉ		8,80,000	
	પાઘડી ખાતે ઉ		48,000	
	તે દેવાં (લેણદારો) ખાતે			1,60,000
	તે પટેલ ટ્રેડર્સ ખાતે			7,68,000
	[બા.જે. : પટેલ ટ્રેડર્સનાં મિલકતો અને દેવાં ખરીદ્યાં તેના.]			
2	પટેલ ટ્રેડર્સ ખાતે ઉ		7,68,000	
	તે 12 ટકાના ડિબેન્ચર ખાતે (6400 ડિબેન્ચર × ₹ 100)			6,40,000
	તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે (6400 ડિબેન્ચર × ₹ 20)			1,28,000
	[બા.જે. : ખરીદકિંમત પેટે 6400 ડિબેન્ચર 20 % પ્રીમિયમથી આપ્યા તેના.]			

7. આનુષંગિક જામીનગીરી તરીકે બહાર પાડેલા ડિબેન્ચર (Issue of Debentures as Collateral Security)

કંપની જ્યારે બૅન્ક કે અન્ય કોઈ વ્યક્તિ પાસેથી લોન મેળવે ત્યારે મુખ્ય જામીનગીરી(Principal Security)ની સાથે ગૌણ કે દ્વિતીય જામીનગીરી (Subsidiary or Secondary Security) તરીકે પોતાના ડિબેન્ચર આપે છે. આ રીતે આપેલ ડિબેન્ચરને આનુષંગિક જામીનગીરી તરીકે બહાર પાડેલા ડિબેન્ચર કહેવાય છે.

જો કંપની સમયસર લોનનાં નાણાં ભરી દે તો બૅન્ક કંપનીને ડિબેન્ચર પરત કરે છે અને આ રીતે પરત મળેલ ડિબેન્ચર કંપની રદ કરે છે.

પરંતુ જો કંપની લોનનાં નાણાં કે તેના પરનું વ્યાજ યોગ્ય સમય મર્યાદામાં ચૂકવે નહિ તો બૅન્ક કે લોન આપનાર સૌ પ્રથમ મુખ્ય જામીનગીરી વેચીને રકમ મેળવશે. જો મુખ્ય જામીનગીરીમાંથી લોનની પૂરી રકમ વસૂલ ન થાય તો લોન આપનારને દ્વિતીય જામીનગીરી પર મળેલ ડિબેન્ચર પર ડિબેન્ચર હોલ્ડર તરીકેના બધા હકો મળે છે એટલે કે લોન આપનાર ડિબેન્ચર વેચીને બાકીની રકમ વસૂલ કરી શકે છે.

આ રીતે બહાર પાડેલા ડિબેન્ચરને હિસાબમાં દર્શાવવા અંગે બે પદ્ધતિ છે :

(1) જામીનગીરી તરીકે બૅન્કને આપેલ ડિબેન્ચર એ ફક્ત લોનની રકમની સલામતી માટે છે. હિસાબના ચોપડામાં ડિબેન્ચર અંગે કોઈ નોંધ કરવામાં આવતી નથી. બૅન્ક લોન અંગેની જ આમનોંધ આપવામાં આવે છે. પાકા સરવૈયામાં દેવાં બાજુ 'બિન-ચાલુ દેવાં કે જવાબદારીઓ'ના શીર્ષક હેઠળ 'લાંબા ગાળાનાં દેવાં'ની નીચે દર્શાવાય છે. ઉદાહરણ 10માં આ દર્શાવેલ છે.

(2) આ પદ્ધતિમાં કંપનીના ચોપડામાં આનુષંગિક જામીનગીરી તરીકે આપેલ ડિબેન્ચરની નોંધ કરવામાં આવે છે. આ નોંધ નીચે મુજબ થશે :

	ડિબેન્ચર ઉપલક ખાતે ઉ		....	
	તે ડિબેન્ચર ખાતે			....
	[બા.જે. : બૅન્ક લોનની સામે આનુષંગિક ડિબેન્ચર તરીકે ડિબેન્ચર્સ આપ્યા તેના.]			

પાકા સરવૈયામાં, ઇક્વિટી અને દેવાં બાજુ, ડિબેન્ચરની રકમમાંથી ડિબેન્ચર ઉપલક ખાતું બાદ કરવામાં આવશે. જો બૅન્ક લોન કંપની દ્વારા ચૂકવી દેવામાં આવે તો, બૅન્ક પાસેથી પરત મળેલ ડિબેન્ચર કંપની દ્વારા રદ કરવામાં આવશે અને ઉપરની આમનોંધ ઉલટાવવામાં આવશે.

ઉદાહરણ 10 : એક કંપની તા. 1 એપ્રિલ, 2017ના રોજ બહાર પાડેલા ₹ 14,00,000ના 11 ટકાના ડિબેન્ચર ધરાવે છે. વર્ષ દરમિયાન કંપનીએ તા. 15 જુલાઈ, 2017ના રોજ ₹ 3,00,000ની બૅન્ક લોન લીધી. જેની સામે કંપનીએ આનુષંગિક જામીનગીરી તરીકે નવા ₹ 2,00,000ના 11 ટકાના ડિબેન્ચર આપ્યા.

ઉપરના વ્યવહારોને લગતી જરૂરી આમનોંધ બંને પદ્ધતિથી કંપનીના ચોપડામાં પસાર કરો. ડિબેન્ચર અને બૅન્ક લોન અંગેની વિગતો તા. 31 માર્ચ, 2018ના રોજ કંપનીના પાકા સરવૈયામાં દર્શાવો.

જવાબ : (પ્રથમ પદ્ધતિ પ્રમાણે)

કંપનીના ચોપડામાં આમનોંધ

15-7-17	બૅન્ક ખાતે ઉ તે બૅન્ક લોન ખાતે [બા.જે. : બૅન્ક લોન લીધી તેના.]		3,00,000	3,00,000

આ પદ્ધતિમાં લોનની સામે ડિબેન્ચર જામીનગીરી તરીકે આપ્યા છે, તેની કોઈ નોંધ થશે નહિ.

તા. 31 માર્ચ, 2018ના રોજનું પાકું સરવૈયું

વિગત	નોંધ નં.	31 માર્ચ 2018	31 માર્ચ 2017
(I) ઇક્વિટી અને જવાબદારી :			
શૅરહોલ્ડર્સનાં ભંડોળ :			
બિનચાલુ જવાબદારીઓ :			
લાંબાં ગાળાનાં દેવાં :			
11 ટકાના ડિબેન્ચર (આ ઉપરાંત, ₹ 2,00,000ના ડિબેન્ચર આનુષંગિક જામીનગીરી તરીકે આપ્યા.)		14,00,000	
બૅન્ક લોન (₹ 2,00,000ના ડિબેન્ચર આનુષંગિક જામીનગીરી તરીકે)		3,00,000	

(બીજી પદ્ધતિ પ્રમાણે) **કંપનીની આમનોંધ**

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ તે બૅન્ક લોન ખાતે [બા.જે. : બૅન્ક લોન લીધી તેના.]		3,00,000	3,00,000
2	ડિબેન્ચર ઉપલક ખાતે ઉ તે 11 ટકાના ડિબેન્ચર ખાતે [બા.જે. : બૅન્કમાંથી લીધેલ લોન સામે આનુષંગિક જામીનગીરી તરીકે ₹ 2,00,000ના 11 %ના ડિબેન્ચર આપ્યા તેના.]		2,00,000	2,00,000

તા. 31 માર્ચ, 2018ના રોજનું પાકું સરવૈયું

વિગત		નોંધ નં.	31 માર્ચ 2018	31 માર્ચ 2017
(I) **ઈક્વિટી અને જવાબદારી :**				
શૅરહોલ્ડર્સનાં ભંડોળ :				
બિનચાલુ જવાબદારીઓ :				
લાંબાં ગાળાનાં દેવાં :				
11 ટકાના ડિબેન્ચર	14,00,000		14,00,000	
11 ટકાના ડિબેન્ચર આનુષંગિક જામીનગીરી તરીકે આપેલ	2,00,000			
બાદ : ડિબેન્ચર ઉપલક ખાતે	2,00,000		–	
બૅન્ક લોન (₹ 2,00,000ના ડિબેન્ચર આનુષંગિક જામીનગીરી તરીકે)			3,00,000	

8. ડિબેન્ચર પર વ્યાજ (Interest on Debenture)

સામાન્ય રીતે ડિબેન્ચર પરનું વ્યાજ અર્ધ-વાર્ષિક ચૂકવવામાં આવે છે. ડિબેન્ચર પરનું વ્યાજ કંપનીના નફા-નુકસાન પત્રકમાં નોંધવામાં આવે છે. વ્યાજ એ નફા સામેનો ખર્ચ છે. તેથી કંપની ખોટ કરે કે પૂરતો નફો ન કમાય તોપણ ડિબેન્ચર પરનું વ્યાજ નિયમિત રીતે ચૂકવવું ફરજિયાત છે. ડિબેન્ચર શબ્દ સાથે જે વ્યાજનો દર જોડાયેલ હોય તે દરે ડિબેન્ચર પર વ્યાજ આપવામાં આવે છે. દા.ત., 9 ટકાના ડિબેન્ચર. અહીં ડિબેન્ચર પર 9 ટકાના દરે વ્યાજ ગણાશે.

આવકવેરા ધારા મુજબ, ડિબેન્ચર હોલ્ડર્સને ડિબેન્ચર પર વ્યાજ ચૂકવતાં પહેલાં કંપની દ્વારા વ્યાજની કુલ (ગ્રોસ) રકમ પર નિર્ધારિત દરે આવકવેરો બાદ કરી બાકીની રકમ ડિબેન્ચર હોલ્ડર્સને ચૂકવવાની હોય છે. આ રકમ ડિબેન્ચરહોલ્ડર્સ વતી કંપનીએ આવકવેરા વિભાગમાં જમા કરવાની હોય છે. જેને મૂળ સ્થાનેથી કપાયેલ આવકવેરો કહેવામાં આવે છે. (જેને અંગ્રેજીમાં TDS એટલે Tax Deducted at Source કહેવામાં આવે છે.)

જ્યારે કંપની દ્વારા હિસાબી સમય (Accounting Period) પૂરો થયા બાદ વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવે ત્યારે તારીખના તફાવતના કારણે ડિબેન્ચર પર લેણું થયેલું કે ચઢેલું વ્યાજ અંગેની અસરો આપવી પડે છે.

લેણું થયેલ કે ચઢેલ વ્યાજ અંગેની રીત :

(1) ચઢેલું વ્યાજ અને ચૂકવવાપાત્ર (Interest Accured and Due) : દા.ત., જો કંપની ડિબેન્ચર પર વ્યાજ 30મી જૂન અને 31મી ડિસેમ્બર એમ અર્ધવાર્ષિક ચૂકવતી હોય અને પાકું સરવૈયું 31મી માર્ચ, 2018ના રોજ તૈયાર કરવામાં આવે, ત્યારે 31મી ડિસેમ્બર, 2017નું અર્ધવાર્ષિક વ્યાજ ચૂકવવાનું બાકી હોય તો તેને 'ચઢેલું કે લેણું થયેલ વ્યાજ અને ચૂકવવાપાત્ર' એમ કહેવાશે.

(2) ચઢેલું વ્યાજ પરંતુ ચૂકવવાપાત્ર નહિ (Interest Accured but Not Due) : ઉપર આપેલ (1)માં તા. 1 જાન્યુઆરી, 2018થી 31 માર્ચ, 2018 સુધીનું ડિબેન્ચર પરનું વ્યાજ 'ચઢેલું વ્યાજ પરંતુ ચૂકવવાપાત્ર નહિ' તેમ ગણાશે.

ઉદાહરણ 11 : શિનોય લિમિટેડે તા. 1 એપ્રિલ, 2017ના રોજ ₹ 100ની મૂળકિંમતના 11 ટકાના 15,000 ડિબેન્ચર બહાર પાડ્યા. જેના પર 30 સપ્ટેમ્બર અને 31 માર્ચના રોજ વ્યાજ ચૂકવવાનું છે.

તા. 31 માર્ચ, 2018ના રોજ પૂરા થતા વર્ષ માટે ઉપરના વ્યવહારો અંગેની આમનોંધો પસાર કરો. ધારો કે આવકવેરાનો દર 20 ટકા છે.

જવાબ :

શિનોય લિમિટેડ કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1-4-2017	બૅન્ક ખાતે ઉ તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે [બા.જે. : 15,000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 100નાં નાણાં મળ્યાં તેના.]		15,00,000	 15,00,000
1-4-2017	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ તે 11 ટકાના ડિબેન્ચર ખાતે [બા.જે. : ડિબેન્ચરઅરજી વખતે મળેલ રકમ ડિબેન્ચર ખાતે લઈ ગયા તેના.]		15,00,000	 15,00,000
30-9-2017	ડિબેન્ચર પર વ્યાજ ખાતે ઉ તે ડિબેન્ચરહોલ્ડર ખાતે તે મૂળ સ્થાનેથી કપાયેલ ચૂકવવાપાત્ર આવકવેરા ખાતે [બા.જે. : 30 સપ્ટેમ્બરે 11 %ના ડિબેન્ચર પર વ્યાજ લેણું થયું અને તેમાંથી આવકવેરો બાદ કર્યો તેના.]		82,500	 66,000 16,500
30-9-2017	ડિબેન્ચરહોલ્ડર ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : વ્યાજ ચૂકવ્યું તેના.]		66,000	 66,000
30-9-2017	મૂળસ્થાનેથી કપાયેલ ચૂકવવાપાત્ર આવકવેરા ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : આવકવેરાની રકમ આવકવેરા વિભાગમાં ભરી તેના.]		16,500	 16,500
31-3-2018	ડિબેન્ચર પર વ્યાજ ખાતે ઉ તે ડિબેન્ચરહોલ્ડર ખાતે તે મૂળસ્થાનેથી કપાયેલ ચૂકવવાપાત્ર આવકવેરા ખાતે [બા.જે. : 31 માર્ચના રોજ ડિબેન્ચર પર વ્યાજ લેણું થયું અને તેમાંથી આવકવેરો બાદ કર્યો તેના.]		82,500	 66,000 16,500
31-3-2018	ડિબેન્ચરહોલ્ડર ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : વ્યાજ ચૂકવ્યું તેના.]		66,000	 66,000

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
31-3-2018	મૂળસ્થાનેથી કપાયેલ ચૂકવવાપાત્ર આવકવેરા ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : આવકવેરાની રકમ આવકવેરા વિભાગમાં ભરી તેના.]		16,500	16,500
31-3-2018	નફા-નુકસાન પત્રક ખાતે ઉ તે ડિબેન્ચર પરના વ્યાજ ખાતે [બા.જે. : પૂરા વર્ષની વ્યાજની રકમ નફા-નુકસાનના પત્રક ખાતે લઈ ગયા તેના.] (82,500 + 82,500)		1,65,000	1,65,000
	કુલ સરવાળો		**34,95,000**	**34,95,000**

9. ડિબેન્ચરનાં નાણાં પરત કરવા અંગે (For Redemption of Debentures)

ડિબેન્ચરનાં નાણાં પરત કરવામાં આવે ત્યારે નીચેની આમનોંધ પસાર થાય છે.

(i)	ડિબેન્ચરનાં નાણાં પરત કરવાના સમયે ડિબેન્ચર ખાતું બંધ કરી ડિબેન્ચરહોલ્ડર ખાતે લઈ જવું. ડિબેન્ચર ખાતે ...ઉ તે ડિબેન્ચરહોલ્ડર ખાતે		....	....
(ii)	જ્યારે ડિબેન્ચરહોલ્ડર્સને નાણાં પરત કરવામાં આવે ત્યારે, ડિબેન્ચરહોલ્ડર ખાતે ...ઉ તે બૅન્ક ખાતે		....	....

10. પરત કરી શકાય તેવા ડિબેન્ચર બહાર પાડતી વખતે તેની હિસાબી અસરો (Accounting Effects at the Time of Issue of Redeemable Debentures)

ડિબેન્ચર મૂળકિંમતે, પ્રીમિયમથી કે વટાવથી બહાર પાડી શકાય છે, પરંતુ જ્યારે ડિબેન્ચરહોલ્ડર્સને નાણાં પરત કરવામાં આવે ત્યારે ડિબેન્ચર મૂળકિંમતથી કે પ્રીમિયમથી જ પરત કરી શકાય છે. વટાવથી ડિબેન્ચર પરત કરી શકાતા નથી.

- **જ્યારે ડિબેન્ચર તેની મૂળકિંમતે પરત કરવાના હોય,** તેવા સંજોગોમાં ડિબેન્ચર બહાર પાડતી વખતે કોઈ વધારાની અસર સાથે આમનોંધ પસાર કરવામાં આવતી નથી. આ બાબતોનો નીચેના ટેબલ દ્વારા અભ્યાસ કરી શકાશે.

પરિસ્થિતિ (શરત)	ડિબેન્ચર બહાર પાડતી વખતે નોંધ	ડિબેન્ચર પરત કરતી વખતે નોંધ	ડિબેન્ચરહોલ્ડર્સને ચૂકવણી કરવામાં આવે ત્યારે નોંધ
(1) ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડી, મૂળ-કિંમતે પરત કરવાના હોય ત્યારે,	(i) બૅન્ક ખાતે ...ઉ તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે (ii) ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ...ઉ તે ડિબેન્ચર ખાતે	ડિબેન્ચર ખાતે ...ઉ તે ડિબેન્ચરહોલ્ડર ખાતે	ડિબેન્ચરહોલ્ડર ખાતે ...ઉ તે બૅન્ક ખાતે

પરિસ્થિતિ (શરત)	ડિબેન્ચર બહાર પાડતી વખતે નોંધ	ડિબેન્ચર પરત કરતી વખતે નોંધ	ડિબેન્ચરહોલ્ડર્સને ચૂકવણી કરવામાં આવે ત્યારે નોંધ
(2) ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડી, મૂળ-કિંમતે પરત કરવાના હોય ત્યારે,	(i) બૅન્ક ખાતે ...ઉ તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે (ii) ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ...ઉ તે ડિબેન્ચર ખાતે તે જામીનગીરી પ્રીમિયમ અના. ખાતે	ડિબેન્ચર ખાતે ...ઉ તે ડિબેન્ચરહોલ્ડર ખાતે	ડિબેન્ચરહોલ્ડર ખાતે ...ઉ તે બૅન્ક ખાતે
(3) ડિબેન્ચર વટાવથી બહાર પાડી, મૂળ-કિંમતે પરત કરવાના હોય ત્યારે,	(i) બૅન્ક ખાતે ...ઉ તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે (ii) ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ...ઉ ડિબેન્ચર વટાવ ખાતે ...ઉ તે ડિબેન્ચર ખાતે	ડિબેન્ચર ખાતે ...ઉ તે ડિબેન્ચરહોલ્ડર ખાતે	ડિબેન્ચરહોલ્ડર ખાતે ...ઉ તે બૅન્ક ખાતે

- **જ્યારે ડિબેન્ચર મૂળકિંમતે કે પ્રીમિયમથી કે વટાવથી બહાર પાડ્યા હોય અને આ ડિબેન્ચર પ્રીમિયમથી પરત કરવાના હોય ત્યારે,**

ડિબેન્ચર પરત કરતી વખતે આપવાનું થતું પ્રીમિયમ એ કંપની માટે ખોટ (મૂડી નુકસાન) છે. તેથી આ પરતના પ્રીમિયમની રકમ **'ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે'** (Loss on Issue of Debentures Account) ઉધારવામાં આવે છે. ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાનને ડિબેન્ચર પરતનાં નુકસાન તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમજ ભવિષ્યમાં આપવાનું થતું આ પ્રીમિયમ એ કંપની માટે દેવું છે. જેથી પ્રીમિયમની રકમ **'ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે'** (Premium on Redemption of Debentures Account) જમા કરવામાં આવે છે.

અહીં વિદ્યાર્થીઓએ ધ્યાનમાં રાખવાનું કે, ડિબેન્ચર બહાર પાડતી વખતે મંગાવેલ પ્રીમિયમ જે 'જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે' લઈ જવામાં આવે છે, તે કંપની માટે નફો છે. જ્યારે ડિબેન્ચર પરત કરતી વખતે ચૂકવવાનું થતું પ્રીમિયમ જે 'ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે' લઈ જવામાં આવે છે, તે કંપની માટે દેવું છે.

જ્યારે ડિબેન્ચર પ્રીમિયમથી પરત કરવાના હોય ત્યારે જુદી જુદી પરિસ્થિતિમાં નીચે પ્રમાણે આમનોંધ લખાશે.

(1) જ્યારે ડિબેન્ચર મૂળકિંમતથી બહાર પાડ્યા હોય, તે પ્રીમિયમથી પરત કરવાના હોય ત્યારે,

(i) ડિબેન્ચર બહાર પાડતી વખતે :

(a) બૅન્ક ખાતે ...ઉ તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે	(ડિબેન્ચરની મૂળકિંમત) (ડિબેન્ચરની મૂળકિંમત)
(b) ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ...ઉ ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે ...ઉ તે ડિબેન્ચર ખાતે તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે	(ડિબેન્ચરની મૂળકિંમત) (પરત કરતી વખતે થતી પ્રીમિયમની રકમ) (ડિબેન્ચરની મૂળકિંમત) (પરત કરતી વખતે થતી પ્રીમિયમની રકમ)

(ii) ડિબેન્ચર પરત કરતી વખતે :

ડિબેન્ચર ખાતે ...ઉ ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે ...ઉ તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે	(ડિબેન્ચરની મૂળકિંમત) (પરત પ્રીમિયમની રકમ) (કુલ ચૂકવવાપાત્ર રકમ)

(iii) ડિબેન્ચરહોલ્ડર્સને ચૂકવણી કરવામાં આવે ત્યારે,

ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ...ઉ તે બૅન્ક ખાતે	(કુલ ચૂકવેલ રકમ)

(2) જ્યારે ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડ્યા હોય, તે પ્રીમિયમથી પરત કરવાના હોય ત્યારે,

(i) ડિબેન્ચર બહાર પાડતી વખતે :

(a) બૅન્ક ખાતે ...ઉ તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે	(મૂળકિંમત + પ્રીમિયમની રકમ)
(b) ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ...ઉ ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે ...ઉ તે ડિબેન્ચર ખાતે તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે	(મૂળકિંમત + પ્રીમિયમની રકમ) (ડિબેન્ચર પરત કરતી વખતે થતી પ્રીમિયમની રકમ) (ડિબેન્ચરની મૂળકિંમત) (ડિબેન્ચર બહાર પાડતી વખતે મળેલ પ્રીમિયમ) (ડિબેન્ચર પરત કરતી વખતે થતી પ્રીમિયમની રકમ)

ડિબેન્ચર પરત કરતી વખતે અને ડિબેન્ચરહોલ્ડર્સને ચૂકવણી કરતી વખતે થતી આમનોંધ ઉપર પ્રમાણે 1(ii) અને 1(iii) મુજબ જ થશે.

(3) જ્યારે ડિબેન્ચર વટાવથી બહાર પાડ્યા હોય, તે પ્રીમિયમથી પરત કરવાના હોય ત્યારે,

(i) ડિબેન્ચર બહાર પાડતી વખતે :

(a) બૅન્ક ખાતે ...ઉ તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે	(મૂળકિંમત બાદ વટાવની રકમ)
(b) ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ...ઉ ડિબેન્ચર વટાવ ખાતે ...ઉ ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે ...ઉ તે ડિબેન્ચર ખાતે તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે	(મૂળકિંમત બાદ વટાવની રકમ) (બહાર પાડતા આપેલ વટાવ) (પરત કરતી વખતે થયેલ પ્રીમિયમની રકમ) (ડિબેન્ચરની મૂળકિંમત) (પરત કરતી વખતે થયેલ પ્રીમિયમની રકમ)

ડિબેન્ચર પરત કરતી વખતે અને ડિબેન્ચરહોલ્ડર્સને ચૂકવણી કરતી વખતે થતી આમનોંધ ઉપર પ્રમાણે 1(ii) અને 1(iii) મુજબ જ થશે.

- **કંપનીના પાકા સરવૈયામાં સ્થાન :**

ડિબેન્ચર વટાવ ખાતાની રકમ અને ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતાની રકમમાંથી, ડિબેન્ચરની મુદત પ્રમાણે દર વર્ષે અમુક રકમ જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતાની સામે કે નફા-નુકસાનના પત્રકમાં માંડી વાળવામાં આવે છે.

	નફા-નુકસાનના પત્રક ખાતે ઉ		....	
	કે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે ઉ		....	
	તે ડિબેન્ચર વટાવ ખાતે			....
	તે ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે			....

ડિબેન્ચર વટાવ અને ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે આ બંને ખાતાની બાકી રહેતી રકમ દર વર્ષે પાકા સરવૈયામાં મિલકત બાજુ 'અન્ય બિનચાલુ મિલકત' તરીકે દર્શાવવામાં આવે છે.

જ્યારે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતું એ વ્યક્તિ ખાતું છે, જેની જમા બાકી હોય છે. કંપની માટે આ એક પ્રકારની જવાબદારી છે. જે પાકા સરવૈયામાં ઇક્વિટી અને જવાબદારી બાજુ 'બિનચાલુ જવાબદારી' (Non-current Liabilities)ના શીર્ષક હેઠળ 'અન્ય લાંબાં ગાળાનાં દેવાં'(Other long term liabilities)ની નીચે જ્યાં સુધી ડિબેન્ચર પરત ના થાય ત્યાં સુધી દર્શાવવામાં આવે છે.

જ્યારે ડિબેન્ચર પરત કરવામાં આવે ત્યારે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતું ઉધાર કરી, ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે જમા કરીને, આ ખાતું બંધ કરી દેવામાં આવે છે.

ઉદાહરણ 12 : નીચેના વ્યવહારો પરથી ફક્ત ડિબેન્ચર બહાર પાડવા અંગેની આમનોંધો લખો. (બાબત જે વગર)

(1) ₹ 100ની મૂળકિંમતના 10 ટકાના 5000 ડિબેન્ચર મૂળકિંમતે જ બહાર પાડ્યા, જે મૂળકિંમતે પરત કરવાના છે.

(2) ₹ 100ની મૂળકિંમતના 10 ટકાના 5000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડ્યા, જે મૂળકિંમતે પરત કરવાના છે.

(3) ₹ 100ની મૂળકિંમતના 10 ટકાના 5000 ડિબેન્ચર 8 ટકાના પ્રીમિયમે બહાર પાડ્યા, જે મૂળકિંમતે પરત કરવાના છે.

જવાબ :

કંપનીની આમનોંધ

(1) ડિબેન્ચરદીઠ બહાર પાડ્યા કિંમત ₹ 100, પરત કિંમત ₹ 100

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
(i)	બૅન્ક ખાતે ઉ		5,00,000	
	તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે			5,00,000
	(5000 ડિબેન્ચર × ₹ 100)			
(ii)	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ		5,00,000	
	તે 10 ટકાના ડિબેન્ચર ખાતે			5,00,000
	(5000 ડિબેન્ચર × ₹ 100)			

(2) ડિબેન્ચર દીઠ બહાર પાડ્યા કિંમત ₹ 95, પરત કિંમત ₹ 100

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
(i)	બૅન્ક ખાતે ઉ		4,75,000	
	તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે			4,75,000
	(5000 ડિબેન્ચર × ₹ 95)			
(ii)	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ		4,75,000	
	ડિબેન્ચર વટાવ ખાતે ઉ		25,000	
	(5000 ડિબેન્ચર × ₹ 5 વટાવ ખાતે)			
	તે 10 ટકાના ડિબેન્ચર ખાતે			5,00,000

(3) ડિબેન્ચરદીઠ બહાર પાડ્યા કિંમત ₹ 108, પરત કિંમત ₹ 100

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
(i)	બૅન્ક ખાતે ઉ		5,40,000	
	તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે			5,40,000
	(5000 ડિબેન્ચર × ₹ 108)			
(ii)	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ		5,40,000	
	તે 10 ટકાના ડિબેન્ચર ખાતે			5,00,000
	તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે			40,000
	(5000 ડિબેન્ચર × ₹ 8)			

ઉપરની ત્રણે પરિસ્થિતિમાં ડિબેન્ચર પરત કરતી વખતે તેમજ ડિબેન્ચરહોલ્ડર્સને ચૂકવણી કરતી વખતે પસાર કરવાની આમનોંધ નીચે પ્રમાણે એકસરખી થશે.

- **ડિબેન્ચર પરત કરતી વખતે :**

	10 ટકાના ડિબેન્ચર ખાતે ઉ		5,00,000	
	તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે			5,00,000

- **ડિબેન્ચરહોલ્ડર્સને ચૂકવણી કરતી વખતે :**

	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ઉ		5,00,000	
	તે બૅન્ક ખાતે			5,00,000

- **ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડ્યા હતા, જે પ્રીમિયમથી પરત કર્યા :**

ઉદાહરણ 13 : નમસ્કાર લિમિટેડે તા. 1-8-2017ના રોજ ₹ 100નો એક એવા 9 ટકાના 8000 ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડ્યા. જે તા. 31-7-2022ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 120ની કિંમતે પરત કરવાના છે.

કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

જવાબ :

નમસ્કાર લિમિટેડની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1-8-2017	બૅન્ક ખાતે (8000 ડિબેન્ચર × ₹ 100) ઉ		8,00,000	
	તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે			8,00,000
1-8-2017	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ		8,00,000	
	(8000 ડિબેન્ચર × ₹ 100)			
	ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે ઉ		1,60,000	
	(8000 ડિબેન્ચર × ₹ 20)			
	તે 9 ટકાના ડિબેન્ચર ખાતે			8,00,000
	(8000 ડિબેન્ચર × ₹ 100)			
	તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે			1,60,000
	(8000 ડિબેન્ચર × ₹ 20)			
31-7-2022	9 ટકાના ડિબેન્ચર ખાતે ઉ		8,00,000	
	ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે ઉ		1,60,000	
	તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે			9,60,000
31-7-2022	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ઉ		9,60,000	
	તે બૅન્ક ખાતે			9,60,000

● **ડિબેન્ચર વટાવે બહાર પાડ્યા, જે પ્રીમિયમથી પરત કર્યા :**

ઉદાહરણ 14 : પ્રાર્થના લિમિટેડે તા. 1-4-2017ના રોજ ₹ 100નો એક એવા 11 ટકાના 6000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડ્યા. 6 વર્ષ બાદ તા. 31-3-2023ના રોજ બધા ડિબેન્ચર પરનાં નાણાં 10 ટકાના પ્રીમિયમથી પરત કરવાનાં છે. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

જવાબ :

પ્રાર્થના લિમિટેડની આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1-4-2017	બૅન્ક ખાતે	ઉ		5,70,000	
	તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે				5,70,000
	(6000 ડિબેન્ચર × ₹ 95)				
1-4-2017	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે	ઉ		5,70,000	
	ડિબેન્ચર વટાવ ખાતે	ઉ		30,000	
	(6000 ડિબેન્ચર × ₹ 5)				
	ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે	ઉ		60,000	
	(6000 ડિબેન્ચર × ₹ 10)				
	તે 11 ટકાના ડિબેન્ચર ખાતે				6,00,000
	(6000 ડિબેન્ચર × ₹ 100)				
	તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે				60,000
	(6000 ડિબેન્ચર × ₹ 10)				
31-3-2023	11 ટકાના ડિબેન્ચર ખાતે	ઉ		6,00,000	
	ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે	ઉ		60,000	
	તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે				6,60,000
31-3-2023	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે	ઉ		6,60,000	
	તે બૅન્ક ખાતે				6,60,000
	(6000 ડિબેન્ચર × ₹ 110)				

● **ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડ્યા, જે પ્રીમિયમથી પરત કર્યા :**

ઉદાહરણ 15 : વંદના લિમિટેડે તા. 1-6-2017ના રોજ ₹ 200નો એક એવા 8 ટકાના 10,000 ડિબેન્ચર 5 ટકાના પ્રીમિયમથી બહાર પાડ્યા, જે તા. 31-5-2022ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 220ની કિંમતે પરત કર્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

જવાબ :

વંદના લિમિટેડની આમનોંધ

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1-6-2017	બૅન્ક ખાતે	ઉ		21,00,000	
	તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે				21,00,000
	(10,000 ડિબેન્ચર × ₹ 210)				

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1-6-2017	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ		21,00,000	
	ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે ઉ		2,00,000	
	(10,000 ડિબેન્ચર × ₹ 20)			
	તે 8 ટકાના ડિબેન્ચર ખાતે			20,00,000
	(10,000 ડિબેન્ચર × ₹ 200)			
	તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે			1,00,000
	(10,000 ડિબેન્ચર × ₹ 10)			
	તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે			2,00,000
	(10,000 ડિબેન્ચર × ₹ 20)			
31-5-2022	8 ટકાના ડિબેન્ચર ખાતે ઉ		20,00,000	
	ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે ઉ		2,00,000	
	તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે			22,00,000
	(10,000 ડિબેન્ચર × ₹ 220)			
31-5-2022	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ઉ		22,00,000	
	તે બૅન્ક ખાતે			22,00,000
	(10,000 ડિબેન્ચર × ₹ 220)			

ઉદાહરણ 16 : નતાશા કૉસ્મેટિક લિમિટેડે તા. 1-7-2017ના રોજ ₹ 1000નો એક એવા 8 ટકાના 50,000 ડિબેન્ચર બહાર પાડ્યા, જે 8 વર્ષ બાદ 10 ટકાના પ્રીમિયમે પરત કરવાના છે. વિજ્ઞાપનપત્રની શરતો મુજબ ડિબેન્ચર દીઠ ₹ 400 અરજી વખતે અને બાકીની રકમ મંજૂરી વખતે ચૂકવવાની છે. ડિબેન્ચર બહાર પાડવા અંગેની કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

જવાબ :

નતાશા કૉસ્મેટિક લિમિટેડ કંપનીની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ		2,00,00,000	
	તે 8 ટકાના ડિબેન્ચરઅરજી ખાતે			2,00,00,000
	[બા.જે. : 50,000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 400 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]			
2	8 ટકાના ડિબેન્ચરઅરજી ખાતે ઉ		2,00,00,000	
	તે 8 ટકાના ડિબેન્ચર ખાતે			2,00,00,000
	[બા.જે. : મંજૂર કરેલ 50,000 ડિબેન્ચર પરના અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયા તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
3	8 ટકાના ડિબેન્ચરમંજૂરી ખાતે ઉ		3,00,00,000	
	ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે ઉ		50,00,000	
	તે 8 ટકાના ડિબેન્ચર ખાતે			3,00,00,000
	તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે			50,00,000
	[બા.જે. : 50,000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 600 મંગાવ્યા તેના તેમજ ડિબેન્ચર 10 ટકા પ્રીમિયમથી પરત કરવાના છે તેના.]			
4	બૅન્ક ખાતે ઉ		3,00,00,000	
	તે 8 ટકાના ડિબેન્ચરમંજૂરી ખાતે			3,00,00,000
	[બા.જે. : મંજૂરીનાં નાણાં મળ્યાં તેના.]			

ઉદાહરણ 17 : દિક્ષીત ઇલેક્ટ્રિક લિમિટેડે તા. 1-1-2017ના રોજ ₹ 500નો એક એવા 7 ટકાના 7000 ડિબેન્ચર 6 ટકાના વટાવે બહાર પાડ્યા. 6 વર્ષ બાદ બધાં ડિબેન્ચરનાં નાણાં 5 ટકાના પ્રીમિયમે પરત કરવાનાં છે. રકમ નીચે મુજબ ચૂકવવાની હતી :

અરજી સાથે ડિબેન્ચર દીઠ ₹ 300; મંજૂરી વખતે ડિબેન્ચર દીઠ બાકીની રકમ

ડિબેન્ચર બહાર પાડવા અંગેની કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ પસાર કરો.

જવાબ :

દિક્ષીત ઇલેક્ટ્રિક લિમિટેડની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ		21,00,000	
	તે 7 ટકાના ડિબેન્ચરઅરજી ખાતે			21,00,000
	[બા.જે. : 7000 ડિબેન્ચર પર ડિબેન્ચર દીઠ ₹ 300 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]			
2	7 ટકાના ડિબેન્ચરઅરજી ખાતે ઉ		21,00,000	
	તે 7 ટકાના ડિબેન્ચર ખાતે			21,00,000
	[બા.જે. : અરજીની રકમ ડિબેન્ચર ખાતે લઈ ગયા તેના.]			
3	7 ટકાના ડિબેન્ચર મંજૂરી ખાતે ઉ		11,90,000	
	ડિબેન્ચર વટાવ ખાતે ઉ		2,10,000	
	ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે ઉ		1,75,000	
	તે 7 ટકાના ડિબેન્ચર ખાતે			14,00,000
	તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે			1,75,000
	[બા.જે. : મંજૂરી વખતે ડિબેન્ચર પર વટાવ બાદ ₹ 170 મંગાવ્યા તેના, વટાવના ₹ 30 (500 × 6 %) થયા તેના તેમજ ડિબેન્ચર પરત પ્રીમિયમના ડિબેન્ચર દીઠ ₹ 25 (500 × 5 %) થયા તેના.]			

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
4	બૅન્ક ખાતે તે 7 ટકાના ડિબેન્ચરમંજૂરી ખાતે [બા.જે. : મંજૂરીનાં નાણાં મળ્યાં તેના.]	ઉ		11,90,000	11,90,000

11. ડિબેન્ચર પરત કરવા માટે નાણાંની જોગવાઈ (Provision of Finance for the Redemption of Debentures)

ડિબેન્ચર એ કંપની માટે દેવું છે. ડિબેન્ચર બહાર પાડતી વખતે કંપનીએ તેના વિજ્ઞાપનપત્રમાં દર્શાવેલ નિયમો અને શરતો મુજબ ડિબેન્ચરની રકમ ડિબેન્ચરહોલ્ડર્સને પરત કરવાની હોય છે. અમુક નિશ્ચિત મુદતે ડિબેન્ચર પરનાં નાણાં પરત કરવાનાં હોય ત્યારે કંપનીએ કેટલાં નાણાં અને ક્યારે પરત કરવાનાં છે તે અગાઉથી ખ્યાલ હોય છે.

આ અનુસંધાને કંપનીધારા 2013માં નવી જોગવાઈઓ કરવામાં આવેલ છે. આ ધારા પહેલા કંપનીઓ દ્વારા ડિબેન્ચર પરત નિધિ અને ડિબેન્ચર પરત નિધિનાં રોકાણોની વ્યવસ્થા અમલમાં હતી. તેને વધુ કાર્યક્ષમ બનાવવા માટે કંપનીધારા 2013ની કલમ 71(4) અને કંપની નિયમો 2014(શૅરમૂડી અને ડિબેન્ચર)ના નિયમ 18(7)(C)માં જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈઓના આધારે સમજૂતી આપવામાં આવી છે.

ડિબેન્ચર પરત કરવા માટે નાણાંની જરૂરિયાત (ભંડોળ) પૂરી કરવા માટે કંપની દ્વારા નીચેની કોઈ પણ રીતે નાણાંની વ્યવસ્થા કરવામાં આવે છે :

(1) નવા શૅર કે ડિબેન્ચર બહાર પાડીને ડિબેન્ચર પરત કરવા

(2) મૂડીમાંથી ડિબેન્ચર પરત કરવા

(3) નફામાંથી ડિબેન્ચર પર કરવા

(1) નવા શૅર કે ડિબેન્ચર બહાર પાડીને ડિબેન્ચર પરત કરવા (Redemption from the Proceeds of Fresh Issue of Shares and Debentures) : જ્યારે કંપનીને ડિબેન્ચર પરત કરવા માટે ફંડની જરૂર હોય, ત્યારે કંપની નવા ઇક્વિટી શૅર, પ્રેફરન્સ શૅર કે ડિબેન્ચર બહાર પાડવાનું નક્કી કરે છે. નવા બહાર પાડેલ શૅર કે ડિબેન્ચરની રકમમાંથી જૂના ડિબેન્ચરની રકમ પરત કરવામાં આવે છે. જેના કારણે કંપનીની નાણાકીય પરિસ્થિતિમાં અસર થતી નથી.

(2) મૂડીમાંથી ડિબેન્ચર પરત કરવા (Redemption of Debentures out of Capital): જ્યારે ડિબેન્ચર પરત કરવા માટે નફામાંથી કોઈ રકમ અલગ મૂકવામાં આવતી નથી ત્યારે કંપનીની મૂડીમાંથી ડિબેન્ચર પરત કરવામાં આવે છે તેમ કહેવાય છે, પરંતુ કંપનીધારા, 2013ની કલમ 71(4) પ્રમાણે અને સેબીની ગાઇડ લાઇન્સ પ્રમાણે, કંપની જ્યારે ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરે તે પહેલાં તેને બહાર પાડેલા ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમતની રકમના 25 ટકા **'ડિબેન્ચર પરત અનામત ખાતે' (Debenture Redemption Reserve Account)** લઈ જવા પડશે. આ રકમ કંપનીના **નફા-નુકસાનના પત્રકના વધારામાંથી** (**Surplus in Statement of Profit and Loss**) લાવવામાં આવે છે. આમ, ડિબેન્ચર પરતની પૂરેપૂરી રકમ મૂડીમાંથી ચૂકવાતી નથી. ઉપર પ્રમાણેની જોગવાઈ કર્યા બાદ જ બાકીની રકમ કંપનીની મૂડીમાંથી ચૂકવાય છે.

(3) નફામાંથી ડિબેન્ચર પરત કરવા (Redemption of Debentures out of Profits) : જ્યારે કંપની દ્વારા બહાર પાડેલા ડિબેન્ચરને પરત કરવા માટે જરૂરી પૂરેપૂરી રકમની જોગવાઈ તેના નફા અને નુકસાનના પત્રકમાંથી કરવામાં આવે તો તેને નફામાંથી ડિબેન્ચર પરત કર્યા તેમ કહેવાય. આ જોગવાઈ ડિબેન્ચર પરત કરતાં પહેલાં કરવામાં આવે છે.

આ માટે કંપનીએ એક નવું જ 'ડિબેન્ચર પરત અનામત ખાતું' ઊભું કરવું પડે છે. જેમાં ડિબેન્ચર પરત કરવા માટે જરૂરી પૂરેપૂરી રકમ નફા અને નુકસાનના પત્રકમાંથી ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવામાં આવે છે.

આ અસર આપવાથી કંપની, તેના ડિવિડન્ડ માટેના નફામાંથી ઘટાડો કરી તે રકમ ડિબેન્ચર પરત કરવાના ઉપયોગમાં લે છે. આ રકમ ડિવિડન્ડ ચૂકવવા માટે ઉપયોગમાં લેવાતી નથી. જેથી, ડિબેન્ચર પરત કરવાથી કંપનીની વર્તમાન ફંડની (નાણાકીય) પ્રવાહિતામાં કોઈ અસર થશે નહિ.

- **ડિબેન્ચર પરત કરવા અંગેની સેબીની ગાઈડ લાઈન્સ :**

  (1) બિનરૂપાંતરપાત્ર (નોન-કન્વર્ટિબલ) ડિબેન્ચર અને અંશતઃ રૂપાંતરપાત્ર (પાર્ટલી કન્વર્ટિબલ) ડિબેન્ચરનો બિનરૂપાંતરપાત્ર ભાગ માટે જ 'ડિબેન્ચર પરત અનામત' ઊભું કરી શકાય છે, જે મરજિયાત છે.

  (2) કંપનીએ ડિબેન્ચર પરત કરવાની શરૂઆત કરતાં પહેલાં, બહાર પાડેલ ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમત જેટલી રકમના ઓછામાં ઓછા 25 ટકા જેટલું ડિબેન્ચર પરત અનામત ઊભું કરવું પડશે.

> નીચે દર્શાવેલ વિભાગની કંપનીઓને 'ડિબેન્ચર પરત અનામત' ઊભું કરવામાંથી મુક્તિ (Exemptions) આપવામાં આવેલ છે.
>
> (1) રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના નિયંત્રણ હેઠળની ઑલ ઇન્ડિયા ફાયનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂશન્સ (AIFIs)
>
> (2) રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના નિયંત્રણ હેઠળની અન્ય ફાયનાન્સિયલ ઇન્સ્ટિટ્યૂશન્સ
>
> (3) બૅન્કિંગ કંપનીઓ કે જેને જાહેરમાં કે ખાનગીમાં ડિબેન્ચર આપેલ છે.
>
> (4) નેશનલ હાઉસિંગ બૅન્ક સાથે નોંધાયેલી હાઉસિંગ ફાયનાન્સિયલ કંપનીઓ
>
> (**નોંધ :** વિદ્યાર્થીઓને માહિતી માટે આપવામાં આવેલ છે, પરીક્ષામાં અપેક્ષિત નથી.)

- ડિબેન્ચર પરત અનામત ખાતાની બાકી કંપનીના પાકા સરવૈયામાં **'ઈક્વિટી અને જવાબદારી'** બાજુ **'અનામતો અને વધારા'**ના શીર્ષક નીચે બતાવવામાં આવશે.

  જ્યારે બધા જ ડિબેન્ચર્સ પરત થઈ જાય ત્યાર બાદ, ડિબેન્ચર પરત અનામત ખાતું બંધ કરી સામાન્ય અનામત ખાતે લઈ જવામાં આવે છે.

	ડિબેન્ચર પરત અનામત ખાતે ...ઉ તે સામાન્ય અનામત ખાતે		.... 	 ....

- **ડિબેન્ચર પરત રોકાણ અંગે (For Debentures Redemption Investment) :**

કંપનીના (શૅરમૂડી અને ડિબેન્ચર) નિયમ, 2014ના નિયમ 18(7)(C) મુજબ, જે નાણાકીય વર્ષના અંતમાં એટલે કે 31મી માર્ચના રોજ જે ડિબેન્ચર્સ પરત કરવાના હોય તેની **કુલ દાર્શનિક કિંમત(Face value)ના ઓછામાં ઓછા 15 ટકા** જેટલી રકમ વર્ષની શરૂઆતમાં એટલે કે 30મી એપ્રિલ સુધીમાં રોકાણ કરવી પડશે, જેને **'ડિબેન્ચર પરત રોકાણ ખાતું' (Debenture Redemption Investment Account)** કહેવાશે.

આ રોકાણ કે થાપણો(ડિપોઝિટ)નો ઉપયોગ ફક્ત ચાલુ વર્ષે પરત કરવાના થતા ડિબેન્ચર માટે જ કરવામાં આવશે.

ડિબેન્ચર પરત કરવા માટેનું જરૂરી રોકાણ કે થાપણ કંપનીધારામાં દર્શાવેલ કે નિર્દેશ કરેલ જામીનગીરીઓમાં જ કરી શકાશે. આ રોકાણ કે થાપણનો ઉપયોગ ફક્ત ડિબેન્ચર પરત કરવા માટે જ કરી શકાશે, બીજા કોઈ ઉપયોગ માટે નહિ. રોકાણ કરવા માટેની નિર્દેશિત જામીનગીરીઓ :

(1) કોઈ પણ શિડ્યુલ્ડ બૅન્કમાં થાપણો, કોઈ પણ તારણ વગરની

(2) કેન્દ્ર સરકારની કે કોઈ પણ રાજ્ય સરકારની બોજારહિત જામીનગીરીઓ

(3) ભારતીય ટ્રસ્ટ કાયદો, 1882ના કલમ 20ના પેટા કલમ(a)થી (d) અને (ee)માં દર્શાવેલ બોજારહિત જામીનગીરીઓ

(4) ભારતીય ટ્રસ્ટ કાયદો, 1882ના કલમ 20ના પેટા કલમ(f)માં નોંધાયેલા કોઈ પણ કંપનીના બહાર પાડેલા બોજારહિત બોન્ડ

12. ડિબેન્ચર પરત કરવાની રીતો (Methods of Redemption of Debentures)

ડિબેન્ચર પરત કરવાની રીતો નીચે પ્રમાણે છે :

(1) અમુક ચોક્કસ તારીખે બધી જ રકમ ચૂકવવી

(2) હપ્તેથી ચુકવણી કરવી

(3) ખુલ્લા બજારમાંથી પોતાના ડિબેન્ચર્સ ખરીદીને

(4) શૅરમાં રૂપાંતરણ દ્વારા

ઉપરની બધી રીતોને જુદાં જુદાં ઉદાહરણો દ્વારા સમજીએ :

(1) અમુક ચોક્કસ તારીખે બધી જ રકમ ચૂકવવી (Lump-sum Payment at the End of Fixed Period) :

આ પદ્ધતિમાં, કંપની દ્વારા અમુક નિશ્ચિત સમય પૂરો થતાં અથવા કંપનીએ આપેલ વિકલ્પ પ્રમાણે નિશ્ચિત સમય પહેલાં ડિબેન્ચરની પૂરેપૂરી રકમ એકસાથે પરત કરવામાં આવે છે.

ડિબેન્ચર બહાર પાડતી વખતે નક્કી કરેલ શરત મુજબ ડિબેન્ચર મૂળકિંમતે કે પ્રીમિયમથી પરત કરવામાં આવે છે. અહીં કંપનીધારા, 2013ની જોગવાઈઓ તેમજ સેબીની ગાઇડ લાઇન્સ મુજબ ડિબેન્ચર પરત કરવામાં આવે છે.

આ પદ્ધતિમાં નીચે મુજબ આમનોંધો પસાર કરવામાં આવે છે :

(I)	**નાણાકીય વર્ષની શરૂઆતમાં (તા. 30 એપ્રિલ સુધીમાં) :** (નોંધ : જે વર્ષમાં ડિબેન્ચર પરત કરવાનાં છે તે વર્ષ) **પરત કરવાના ડિબેન્ચર્સની કુલ દાર્શનિક કિંમતના 15 ટકાનું રોકાણ કરવામાં આવે ત્યારે,** ડિબેન્ચર પરત રોકાણ ખાતે ઉ તે બૅન્ક ખાતે		.... 	 ....
(II)	**ડિબેન્ચર પરત કરવાના સમયે :** **(i) જ્યારે રોકાણોનું વેચાણ કરવામાં આવે ત્યારે,** બૅન્ક ખાતે ઉ તે ડિબેન્ચર પરત રોકાણ ખાતે		.... 	 ....
	(ii) નફા અને નુકસાનના પત્રકમાં થયેલ વધારામાંથી, ડિબેન્ચર બહાર પાડતી વખતે મળેલ કુલ દાર્શનિક કિંમતના 25 ટકા રકમ, ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ ગયા ત્યારે, નફા-નુકસાન પત્રકના વધારા ખાતે ઉ તે ડિબેન્ચર પરત અનામત ખાતે		.... 	 ....
(III)	**ડિબેન્ચર પરત કરતી વખતે :** (i) ડિબેન્ચર ખાતે ઉ તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે		.... 	 ....
	(ii) ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ઉ તે બૅન્ક ખાતે		.... 	 ....
(IV)	**જ્યારે બધા ડિબેન્ચર્સ પરત થઈ જાય ત્યારે,** ડિબેન્ચર પરત અનામત ખાતે ઉ તે સામાન્ય અનામત ખાતે		.... 	 ....

- **ડિબેન્ચર પરત કરવા માટે નાણાંની જોગવાઈ મૂડીમાંથી (Out of Capital) કરવાની હોય ત્યારે,**

ઉદાહરણ 18 : શૈલજા લિમિટેડે તા. 1 એપ્રિલ, 2011ના રોજ ₹ 100નો એક એવા 8 ટકાના 12,000 ડિબેન્ચર, 5 ટકાના પ્રીમિયમે બહાર પાડ્યા હતા, જે માર્ચ 31, 2017ના રોજ પરત કરવાના છે. ઇશ્યુ પૂરેપૂરો ભરપાઈ થઈ ગયો હતો. બોર્ડ ઑફ ડિરેક્ટર્સે નક્કી કર્યું હતું કે, તા. 31 માર્ચ, 2017ના રોજ જરૂરી રકમ ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવી અને ડિબેન્ચર્સ મૂડીમાંથી પરત કરવા. તેઓએ એમ પણ નક્કી કર્યું હતું કે જરૂરી રકમનું ડિબેન્ચર પરત રોકાણ તા. 30 એપ્રિલ, 2016ના રોજ કરવું.

ડિબેન્ચર પરત કરવાની તારીખે રોકાણો વેચી દીધાં હતાં અને ડિબેન્ચર પરત કરવા માટેની જરૂરી રકમ ડિબેન્ચર-હોલ્ડર્સને ચૂકવી દીધી હતી.

ડિબેન્ચર બહાર પાડવાની અને પરત કરવાની જરૂરી આમનોંધ કંપનીના ચોપડે પસાર કરો તેમજ ડિબેન્ચર પરત રોકાણ ખાતું અને ડિબેન્ચર પરત અનામત ખાતું પણ તૈયાર કરો.

જવાબ :

શૈલજા લિમિટેડની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1-4-11	બૅન્ક ખાતે ઉ તે 8 ટકાના ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે [બા.જે. : 12,000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 105 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		12,60,000	 12,60,000
1-4-11	8 ટકાના ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ તે 8 ટકાના ડિબેન્ચર ખાતે તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે [બા.જે. : અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે અને પ્રીમિયમ ખાતે લઈ ગયા તેના.]		12,60,000	 12,00,000 60,000
30-4-16	ડિબેન્ચર પરત રોકાણ ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમતના (12,00,000) 15 ટકાનું રોકાણ કર્યું તેના.]		1,80,000	 1,80,000
31-3-17	બૅન્ક ખાતે ઉ તે ડિબેન્ચર પરત રોકાણ ખાતે [બા.જે. : ડિબેન્ચર પરત કરવા માટે કરેલ રોકાણો વેચી દીધા તેના.]		1,80,000	 1,80,000
31-3-17	નફા અને નુકસાન પત્રકના વધારા ખાતે ઉ તે ડિબેન્ચર પરત અનામત ખાતે [બા.જે. : બહાર પાડેલ ડિબેન્ચરની મૂળકિંમતના 25 % નફો ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ ગયા તેના.] (12,00,000 × 25 %)		3,00,000	 3,00,000
31-3-17	8 ટકાના ડિબેન્ચર ખાતે ઉ તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે [બા.જે. : ડિબેન્ચર પરત કરવાની રકમ લેણી થઈ તેના.]		12,00,000	 12,00,000
31-3-17	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : લેણી થયેલી રકમ ડિબેન્ચરહોલ્ડર્સને ચૂકવી તેના.]		12,00,000	 12,00,000
31-3-17	ડિબેન્ચર પરત અનામત ખાતે ઉ તે સામાન્ય અનામત ખાતે [બા.જે. : ડિબેન્ચર પરત કર્યા બાદ ડિબેન્ચર પરત અનામત ખાતાની રકમ સામાન્ય અનામત ખાતે લઈ ગયા તેના.]		3,00,000	 3,00,000
	કુલ સરવાળો		**58,80,000**	**58,80,000**

નોંધ : ઉપરના દાખલામાં ડિબેન્ચર પરત રોકાણો પર વ્યાજનો દર આપેલ નથી તેથી વ્યાજની ગણતરી કે તેની અસર આપેલ નથી.

ઉધાર **ડિબેન્ચર પરત રોકાણ ખાતું** જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
30-4-16	બૅન્ક ખાતે		1,80,000	31-3-17	બૅન્ક ખાતે		1,80,000
			1,80,000				**1,80,000**

ઉધાર **ડિબેન્ચર પરત અનામત ખાતું** જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
31-3-17	સામાન્ય અનામત ખાતે		3,00,000	31-3-17	નફા અને નુકસાન પત્રકના વધારા ખાતે		3,00,000
			3,00,000				**3,00,000**

ઉદાહરણ 19 : નિરજા લિમિટેડે તા. 1લી એપ્રિલ 2013ના રોજ ₹ 100નો એક એવા કુલ ₹ 7,00,000ના 9 ટકાના ડિબેન્ચર 5 ટકાના પ્રીમિયમથી બહાર પાડ્યા હતા, જે 31 માર્ચ, 2018ના રોજ 10 ટકાના પ્રીમિયમથી પરત કરવાના છે. કંપનીએ ડિબેન્ચર પરત કરવાના નાણાકીય વર્ષમાં કંપનીધારાની જોગવાઈ પ્રમાણેની જરૂરી રકમ 30 એપ્રિલના રોજ 8 ટકાની સરકારી જામીનગીરીમાં રોકાણ કર્યું હતું. લેણી થતી (પાકતી) તારીખે ડિબેન્ચર્સ પરત કર્યા હતા. કંપનીના ચોપડે ડિબેન્ચર્સ બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની આમનોંધો પસાર કરો તેમજ ડિબેન્ચર પરત રોકાણ ખાતું અને ડિબેન્ચર પરત અનામત ખાતું પણ તૈયાર કરો.

જવાબ :

નિરજા લિમિટેડની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1-4-13	બૅન્ક ખાતે ઉ		7,35,000	
	તે 9 ટકાના ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે			7,35,000
	[બા.જે. : 7000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 105 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]			
1-4-13	9 ટકાના ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ		7,35,000	
	ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે ઉ		70,000	
	તે 9 ટકાના ડિબેન્ચર ખાતે			7,00,000
	તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે			35,000
	તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે			70,000
	[બા.જે. : અરજીનાં નાણાંમાંથી ડિબેન્ચર ખાતે અને જામીનગીરી પ્રીમિયમ ખાતે લઈ ગયા તેના તેમજ ડિબેન્ચર પરત પ્રીમિયમની અસર આપી તેના.]			
30-4-17	ડિબેન્ચર પરત રોકાણ ખાતે ઉ		1,05,000	
	તે બૅન્ક ખાતે			1,05,000
	[બા.જે. : 8 ટકાની સરકારી જામીનગીરીમાં ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમતના 15 %(7,00,000 × 15 %)નું રોકાણ કર્યું તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
31-3-18	બૅન્ક ખાતે ઉ		1,12,700	
	તે ડિબેન્ચર પરત રોકાણ ખાતે			1,05,000
	તે મળેલ વ્યાજ ખાતે			7700
	[બા.જે. : ડિબેન્ચર પરત કરવા માટે કરેલ રોકાણોનું વેચાણ કર્યું તેના અને તેના પર 11 મહિનાનું વ્યાજ મળ્યું તેના.]			
31-3-18	નફા અને નુકસાન પત્રકનાં વધારા ખાતે ઉ		1,75,000	
	તે ડિબેન્ચર પરત અનામત ખાતે			1,75,000
	[બા.જે. : ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમતના 25 % ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ ગયા તેના.] (7,00,000 × 25 %)			
31-3-18	9 ટકાના ડિબેન્ચર ખાતે ઉ		7,00,000	
	ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે ઉ		70,000	
	તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે			7,70,000
	[બા.જે. : ડિબેન્ચર પરત કરવાની રકમ લેણી થઈ તેના.]			
31-3-18	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ઉ		7,70,000	
	તે બૅન્ક ખાતે			7,70,000
	[બા.જે. : ડિબેન્ચરહોલ્ડર્સને લેણી થયેલી રકમ ચૂકવી તેના.]			
31-3-18	ડિબેન્ચર પરત અનામત ખાતે ઉ		1,75,000	
	તે સામાન્ય અનામત ખાતે			1,75,000
	[બા.જે. : ડિબેન્ચર પરત કર્યા બાદ ડિબેન્ચર પરત અનામતની રકમ સામાન્ય અનામત ખાતે લઈ ગયા તેના.]			
31-3-18	મળેલ વ્યાજ ખાતે ઉ		7700	
	તે નફા-નુકસાનના પત્રક ખાતે			7700
	[બા.જે. : વ્યાજ નફા-નુકસાનના પત્રક ખાતે લઈ ગયા તેના.]			

ડિબેન્ચર પરત રોકાણ ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
30-4-17	બૅન્ક ખાતે		1,05,000	31-3-18	બૅન્ક ખાતે		1,05,000
			1,05,000				**1,05,000**

ઉધાર **ડિબેન્ચર પરત અનામત ખાતું** જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
31-3-18	સામાન્ય અનામત ખાતે		1,75,000	31-3-18	નફા અને નુકસાન પત્રકના વધારા ખાતે		1,75,000
			1,75,000				**1,75,000**

નોંધ : (1) કંપનીધારાની કલમ 17(4) અને નિયમ 18(7) મુજબ બૅન્કિંગ કંપનીઓએ ડિબેન્ચર પરત અનામત ઊભું કરવું જરૂરી નથી. તેમજ 15 ટકા લેખે ડિબેન્ચર પરત રોકાણ કરવું પણ જરૂરી નથી.

(2) નવી ગાઈડ-લાઈન્સ પ્રમાણે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીઓએ પણ ડિબેન્ચરની મૂળકિંમતના 25 ટકા લેખે ડિબેન્ચર પરત અનામત ઊભું કરવું પડશે. (પરીક્ષામાં અપેક્ષિત નથી.)

- **ડિબેન્ચર પરત કરવા માટે નાણાંની જોગવાઈ નફામાંથી (Out of Profit) કરવાની હોય ત્યારે,**

ઉદાહરણ 20 : પ્રજ્ઞા લિમિટેડે તા. 31-3-2018ના રોજ ₹ 34,00,000ની મૂળકિંમતના 7 ટકાના ડિબેન્ચર, 8 ટકાના પ્રીમિયમથી પરત કર્યા હતા. જે માટે કંપનીના નફામાંથી નાણાંની જોગવાઈ કરવામાં આવી હતી. કંપનીએ જરૂરી રકમનું રોકાણ 30 એપ્રિલ, 2017ના રોજ કર્યું હતું.

કંપનીધારાની જોગવાઈઓનું પાલન કરેલ છે તેવી ધારણાઓ સાથે કંપનીના ચોપડામાં ડિબેન્ચર પરત કરવા અંગેની આમનોંધો આપો તેમજ ડિબેન્ચર પરત રોકાણ ખાતું અને ડિબેન્ચર પરત અનામત ખાતું પણ તૈયાર કરો.

જવાબ :

પ્રજ્ઞા લિમિટેડની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
30-4-17	ડિબેન્ચર પરત રોકાણ ખાતે ઉ		5,10,000	
	તે બૅન્ક ખાતે			5,10,000
	[બા.જે. : ડિબેન્ચર પરત કરતાં પહેલાં ₹ 34,00,000ના 15 ટકાનું રોકાણ કર્યું તેના.]			
31-3-18	બૅન્ક ખાતે ઉ		5,10,000	
	તે ડિબેન્ચર પરત રોકાણ ખાતે			5,10,000
	[બા.જે. : ડિબેન્ચર પરત કરવા માટે રોકાણો વેચી દીધા તેના.]			
31-3-18	નફા અને નુકસાન પત્રકના વધારા ખાતે ઉ		34,00,000	
	તે ડિબેન્ચર પરત અનામત ખાતે			34,00,000
	[બા.જે. : પરત કરવાના ડિબેન્ચર્સની કુલ મૂળકિંમત જેટલી રકમથી ડિબેન્ચર પરત અનામત ખાતું ઊભું કર્યું તેના.]			
31-3-18	7 ટકાના ડિબેન્ચર ખાતે ઉ		34,00,000	
	ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે ઉ		2,72,000	
	તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે			36,72,000
	[બા.જે. : ડિબેન્ચર પરત કરવાની રકમ પ્રીમિયમ સાથે લેણી થઈ તેના.]			

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
31-3-18	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ઉ તે બૅન્ક ખાતે [બા.જે. : ડિબેન્ચરહોલ્ડર્સને લેણી થયેલ રકમ ચૂકવી તેના.]		36,72,000	 36,72,000
31-3-18	ડિબેન્ચર પરત અનામત ખાતે ઉ તે સામાન્ય અનામત ખાતે [બા.જે. : બધા જ ડિબેન્ચર પરત કર્યા બાદ ડિબેન્ચર પરત અનામત ખાતાની બાકી સામાન્ય અનામત ખાતે લઈ ગયા તેના.]		34,00,000	 34,00,000

ડિબેન્ચર પરત રોકાણ ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
30-4-17	બૅન્ક ખાતે		5,10,000	31-3-18	બૅન્ક ખાતે		5,10,000
			5,10,000				**5,10,000**

ડિબેન્ચર પરત અનામત ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
31-3-18	સામાન્ય અનામત ખાતે		34,00,000	31-3-18	નફા અને નુકસાન પત્રકના વધારા ખાતે		34,00,000
			34,00,000				**34,00,000**

ઉદાહરણ 21 : મોરબી ટાઈલ્સ લિમિટેડે ₹. 16,00,000ના બહાર પાડેલા 8 ટકાના ડિબેન્ચર્સ તા. 1-11-2017ના રોજ, 5 ટકા પ્રીમિયમે, કંપનીના નફામાંથી પરત કરવાનું નક્કી કર્યું હતું. કંપની પાસે ડિબેન્ચર પરત અનામત ખાતે ₹ 5,60,000 હતા. ડિબેન્ચર પરત રોકાણ પેટે જરૂરી રકમનું યોગ્ય સમયે રોકાણ કરવાનું નક્કી કરેલ હતું.

કંપનીના ચોપડામાં ડિબેન્ચર પરત કરવા અંગેની જરૂરી આમનોંધ પસાર કરો તેમજ ડિબેન્ચર પરત રોકાણ ખાતું અને ડિબેન્ચર પરત અનામત ખાતું પણ તૈયાર કરો.

જવાબ :

મોરબી ટાઈલ્સ લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
31-3-17	નફા અને નુકસાનના પત્રકના વધારા ખાતે ઉ તે ડિબેન્ચર પરત અનામત ખાતે [બા.જે. : નફામાંથી જરૂરી રકમ ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ ગયા તેના. (ગણતરી નં. 1)]		10,40,000	 10,40,000

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
30-4-17	ડિબેન્ચર પરત રોકાણ ખાતે	ઉ		2,40,000	
	તે બૅન્ક ખાતે				2,40,000
	[બા.જે. : પરત કરવાના ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમત ₹ 16,00,000ના 15 ટકાનું રોકાણ કર્યું તેના.]				
1-11-17	બૅન્ક ખાતે	ઉ		2,40,000	
	તે ડિબેન્ચર પરત રોકાણ ખાતે				2,40,000
	[બા.જે. : ડિબેન્ચર પરત કરવા માટે કરેલ રોકાણની રકમ મળી તેના.]				
1-11-17	8 ટકાના ડિબેન્ચર ખાતે	ઉ		16,00,000	
	ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે	ઉ		80,000	
	તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે				16,80,000
	[બા.જે. : ડિબેન્ચર પરત કરવાની રકમ લેણી થઈ તેના.]				
1-11-17	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે	ઉ		16,80,000	
	તે બૅન્ક ખાતે				16,80,000
	[બા.જે. : પાકતી તારીખે ડિબેન્ચરહોલ્ડર્સને નાણાં ચૂકવ્યાં તેના.]				
1-11-17	ડિબેન્ચર પરત અનામત ખાતે	ઉ		16,00,000	
	તે સામાન્ય અનામત ખાતે				16,00,000
	[બા.જે. : બધા જ ડિબેન્ચર પરત કર્યા બાદ ડિબેન્ચર પરત અનામત ખાતાની રકમ સામાન્ય અનામત ખાતે લઈ ગયા તેના.]				

ડિબેન્ચર પરત અનામત ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
1-11-17	સામાન્ય અનામત ખાતે		16,00,000	1-4-16	બાકી આગળ લાવ્યા		5,60,000
				31-3-17	નફા અને નુકસાન પત્રકના વધારા ખાતે		10,40,000
			16,00,000				**16,00,000**

ડિબેન્ચર પરત રોકાણ ખાતું

ઉધાર જમા

તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)	તારીખ	વિગત	નોં.પા.	રકમ (₹)
30-4-17	બૅન્ક ખાતે		2,40,000	1-11-17	બૅન્ક ખાતે		2,40,000
			2,40,000				**2,40,000**

ગણતરી નં. 1 : અહીં ડિબેન્ચર પરત કરવા માટે જરૂરી રકમની ફાળવણી કંપનીના નફામાંથી કરવાની છે.

કુલ દાર્શનિક કિંમત = ₹ 16,00,000

	₹
ડિબેન્ચર પરત અનામત ખાતું ઊભું કરવા માટે જરૂરી રકમ (100 %)	16,00,000
બાદ : ડિબેન્ચર પરત અનામત ખાતાની બાકી, જે કંપનીના ચોપડે હતી	5,60,000
બાકીની રકમ નફા-નુકસાનના પત્રકના વધારામાંથી ફાળવી	10,40,000

નોંધ : (1) જ્યારે ડિબેન્ચર નાણાકીય વર્ષના અંતમાં પરત કરવાના હોય ત્યારે, ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવાની રકમ જે-તે નાણાકીય વર્ષના અંતમાં તૈયાર થયેલ નફા-નુકસાનના પત્રકમાંથી કરવામાં આવે છે.

(2) જો ડિબેન્ચર પરત માટેની રકમની ચુકવણી મૂડીમાંથી કરવાની હોય, તો ડિબેન્ચર પરતની કુલ દાર્શનિક કે મૂળકિંમતના 25 ટકા રકમ નફા અને નુકસાનના પત્રકના વધારામાંથી ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવામાં આવે છે.

(3) જો ડિબેન્ચર પરત માટેની રકમ નફામાંથી ચૂકવવાની હોય, તો ડિબેન્ચર પરતની કુલ દાર્શનિક કે મૂળકિંમતના 100 ટકા રકમ નફા અને નુકસાનના પત્રકના વધારામાંથી ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવામાં આવે છે.

(4) જ્યારે ડિબેન્ચર નાણાકીય વર્ષના કોઈ વચ્ચેના સમયમાં પરત કરવાના હોય, ત્યારે પાછલા નાણાકીય વર્ષમાં તૈયાર કરેલ નફા અને નુકસાનના પત્રકના વધારામાંથી જરૂરી રકમ ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવામાં આવે છે. ડિબેન્ચર પરત અનામત ખાતે કેટલી રકમ લઈ જવી તે ઉપર દર્શાવેલ નોંધ 2 અને 3 મુજબ જ ગણાશે.

(5) ડિબેન્ચર પરત અનામત માટેની જરૂરી રકમ કંપની ચાલુ નાણાકીય વર્ષના કે પાછલા નાણાકીય વર્ષના નફા અને નુકસાનના પત્રકના વધારામાંથી કરી શકે છે, પરંતુ ડિબેન્ચર પરત કરતાં પહેલાં.

(6) જો દાખલામાં / પ્રશ્નમાં ડિબેન્ચર પરત કરવા માટેની જરૂરી રકમ કંપની દ્વારા તે મૂડીમાંથી ચૂકવવી કે નફામાંથી ચૂકવવી તેવી કોઈ સ્પષ્ટતા ના હોય તો કંપનીએ આ રકમ મૂડીમાંથી ચૂકવી છે તેવી ધારણા સાથે ગણતરી કરવી.

(2) ડિબેન્ચર હપ્તે હપ્તે પરત કરવા માટે ડિબેન્ચરનો અમુક ભાગ જ ઉપાડવો (Redemption of Debentures in Instalments by Drawing of Lots) : (ફક્ત સૈદ્ધાંતિક)

આ પદ્ધતિ પ્રમાણે, કંપની દ્વારા હપ્તે હપ્તે દર વર્ષે અમુક ડિબેન્ચર્સ પરત કરવામાં આવે છે. દા.ત., કુલ ₹ 25,00,000ના ડિબેન્ચર હોય, તો દર વર્ષે તેમાંથી ₹ 5,00,000ના ડિબેન્ચર પરત કરવા. કુલ ડિબેન્ચરમાંથી કયા નંબરના ડિબેન્ચર પરત કરવાં તે લોટરી પદ્ધતિથી નક્કી કરવામાં આવે છે. આ પ્રક્રિયા 'અમુક ભાગ ઉપાડવો' (Drawing by lots) તરીકે ઓળખાય છે.

કંપની દ્વારા ડિબેન્ચર બહાર પાડતી વખતે નક્કી કરેલ શરતો મુજબ ડિબેન્ચર મૂળકિંમતે કે પ્રીમિયમથી પરત કરવામાં આવે છે. ડિબેન્ચર પરત કરવા માટે જરૂરી રકમ ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવામાં આવે છે તે માટેના જરૂરી નિયમોનો આ અગાઉ અભ્યાસ કરેલ છે.

(3) ખુલ્લા બજારમાંથી પોતાના ડિબેન્ચર ખરીદીને ડિબેન્ચર પરત કરવા (Redemption of Debentures by the Purchase of Own Debentures in the Open Market) :

કંપનીના કાયદા મુજબ, જો કંપનીનું આર્ટિકલ્સ ઑફ એસોસિએશન અધિકૃત કરે તો, કંપની ડિબેન્ચર પરત કરવાના બદલે ખુલ્લા બજારમાંથી એટલે કે માન્ય સ્ટૉક માર્કેટમાંથી પોતાના ડિબેન્ચર ખરીદી શકે છે.

જ્યારે કંપનીના ડિબેન્ચર તેની દાર્શનિક કિંમત કરતાં કે પરત કરવાની રકમ કરતાં સ્ટૉક માર્કેટમાં ઓછી કિંમતે કે વટાવથી મળતા હોય ત્યારે સામાન્ય રીતે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે.

ખુલ્લા બજારમાંથી ડિબેન્ચર ખરીદ્યા બાદ કંપની તેનો ઉપયોગ બે રીતે કરી શકે છે :

(1) કંપનીના બોર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા ઠરાવ પસાર કરીને ખરીદેલા ડિબેન્ચર્સ તરત જ રદ કરવા. **અથવા**

(2) કંપનીએ ખરીદેલા પોતાના ડિબેન્ચર રદ (cancel) કરવાના બદલે પોતાની પાસે રાખી મૂકે છે. જે ભવિષ્યમાં કંપની બહાર પાડી શકે છે. કંપની દ્વારા જ્યારે પોતાના ડિબેન્ચર્સ બજારમાંથી ખરીદવામાં આવે ત્યારે, કંપની તે ડિબેન્ચર્સને **'પોતાના ડિબેન્ચર્સમાં રોકાણ' (Investment in the Own Debentures)** તરીકે અસર આપશે.

(1) **જ્યારે પોતાના ડિબેન્ચર્સ તરત જ રદ કરવા :**

આ પરિસ્થિતિમાં કંપનીના ચોપડે નીચે મુજબની હિસાબી અસરો થાય છે :

- **ડિબેન્ચર દાર્શનિક કિંમત કરતાં ઓછી કિંમતે ખરીદ્યા હોય ત્યારે :**

દા.ત., એક કંપનીએ ₹ 100નો એક એવા પોતાના 700 ડિબેન્ચર બજારમાંથી ડિબેન્ચર દીઠ ₹ 97ના ભાવે ખરીદ્યા અને ખરીદ્યા બાદ તરત જ રદ કર્યા.

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	પોતાના ડિબેન્ચર ખાતે ઉ		67,900	
	તે બૅન્ક ખાતે			67,900
	[બા.જે. : 700 ડિબેન્ચર ₹ 97ના ભાવે બજારમાંથી ખરીદ્યા તેના.]			
	ડિબેન્ચર ખાતે ઉ		70,000	
	તે પોતાના ડિબેન્ચર ખાતે			67,900
	તે ડિબેન્ચર પરત કરતાં થયેલ નફા ખાતે			2100
	[બા.જે. : ખરીદેલા પોતાના ડિબેન્ચર્સ રદ કર્યા તેના.]			

- ડિબેન્ચર પરત કરતાં થયેલ નફો એ મૂડી નફો છે. આ મૂડી નફો કંપનીમાં રહેલ કોઈ પણ મૂડી ખોટ માંડી વાળવા ઉપયોગમાં લેવાય છે. દા.ત., ડિબેન્ચર બહાર પાડતાં આપેલ વટાવ, ડિબેન્ચર પરત પ્રીમિયમ વગેરે.
- આ મૂડી નફાનો ઉપયોગ કોઈ મૂડી નુકસાન માંડી વાળવા કરવામાં ના આવે કે પૂરેપૂરો ઉપયોગ ના થાય તો તે રકમ મૂડી અનામત ખાતે લઈ જવામાં આવે છે. જેની નોંધ નીચે પ્રમાણે થશે.

ડિબેન્ચર પરત કરતાં થયેલ નફા ખાતે ઉ	....	
(Profit on Redemption of Debentures A/c)		
તે મૂડી અનામત ખાતે		....
તે મૂડી ખોટ નફા-નુકસાનની (માંડી વાળેલ) રકમ ખાતે		....

- **ડિબેન્ચર દાર્શનિક કિંમત કરતાં વધુ કિંમતે ખરીદ્યા હોય ત્યારે :**

દા.ત., એક કંપની ₹ 100નો એક એવા પોતાના 8000 ડિબેન્ચર બજારમાંથી ડિબેન્ચર દીઠ ₹ 104માં ખરીદે અને તે ડિબેન્ચર રદ કરવામાં આવે તો તેની હિસાબી અસર નીચે દર્શાવ્યા મુજબ થશે :

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
	પોતાના ડિબેન્ચર ખાતે ઉ		8,32,000	
	તે બૅન્ક ખાતે			8,32,000
	[બા.જે. : પોતાના 8000 ડિબેન્ચર બજારમાંથી ડિબેન્ચર દીઠ ₹ 104ના ભાવે ખરીદ્યા તેના.]			
	ડિબેન્ચર ખાતે ઉ		8,00,000	
	ડિબેન્ચર પરતના નુકસાન ખાતે ઉ		32,000	
	તે પોતાના ડિબેન્ચર ખાતે			8,32,000
	[બા.જે. : ખરીદેલા પોતાના ડિબેન્ચર્સ રદ કર્યા તેના.]			

ન 'ડિબેન્ચર પરતના નુકસાનનું ખાતું' (Loss on Redemption of Debentures A/c) એ મૂડી ખોટ છે. આ મૂડી ખોટ મૂડી નફા સામે અથવા જો મૂડી નફો ના હોય તો નફા અને નુકસાનના પત્રકમાં માંડી વાળવામાં આવે છે.

	મૂડી નફા (કોઈ પણ) ખાતે ઉ **અથવા** નફા અને નુકસાનના પત્રક ખાતે ઉ તે ડિબેન્ચર પરતના નુકસાન ખાતે		....	 ....

નોંધ : કંપની પોતાના ડિબેન્ચર્સ બજારમાંથી ખરીદી તે ડિબેન્ચર્સ રદ કરે ત્યારે, આગળના મુદ્દાઓમાં ચર્ચા કરી તે મુજબ કંપનીધારાની જોગવાઈ તેમજ સેબીની ગાઇડ લાઇન્સ પ્રમાણે ડિબેન્ચર પરત અનામત ખાતે જરૂરી રકમ લઈ જવી પડશે અને ડિબેન્ચર પરત રોકાણ પણ કરવું પડશે.

જો પ્રશ્નમાં / દાખલામાં આ બાબતનો કોઈ ઉલ્લેખ ના હોય, તો કંપનીએ આ બંને જોગવાઈઓ કરેલી હશે તેવી ધારણા સાથે આપેલા વ્યવહારોની અસર આપવાની રહેશે.

(2) જ્યારે કંપની પોતાના ડિબેન્ચર્સ બજારમાંથી ખરીદીને તે ડિબેન્ચર્સ રોકાણ તરીકે રાખી મૂકે ત્યારે :

કંપની દ્વારા પોતાના ડિબેન્ચર્સ બજારમાંથી ખરીદીને રદ કરવાના બદલે તે ડિબેન્ચર્સને રોકાણ તરીકે રાખવામાં આવે છે. જ્યારે કંપની પાસે વધારાનું ફંડ હોય ત્યારે તે ફંડ બીજી કોઈ કંપનીની જામીનગીરીઓ કે અન્ય જામીનગીરીઓ ખરીદીને રોકાણ કરવાના બદલે કંપની પોતાના જ ડિબેન્ચર્સ ખરીદીને તેમાં રોકાણ કરે છે. જેનાથી નીચે મુજબના ફાયદા પણ થાય છે :

(i) કેટલીકવાર પોતાના જ ડિબેન્ચર્સ બજારમાંથી વટાવે એટલે કે મૂળકિંમત કરતાં ઓછા ભાવે મળી જાય છે.

(ii) કંપનીએ ખરીદેલા ડિબેન્ચર્સ પર વ્યાજ ચૂકવવાનું રહેતું નથી. કારણ કે કંપની પોતે જ ડિબેન્ચરહોલ્ડર બની જાય છે.

(iii) આ પ્રકારના ડિબેન્ચર્સ રદ કરવાના બદલે ચાલુ (જીવંત) રાખી શકાય છે. જે ભવિષ્યમાં બજારમાં વેચી શકાય છે.

હિસાબી અસરો :

દા.ત., જો કંપની બજારમાંથી ₹ 80,000ના પોતાના જ ડિબેન્ચર્સ ₹ 76,000માં ખરીદે અને તે ડિબેન્ચર્સ રોકાણ તરીકે રાખે ત્યારે તેની આમનોંધ નીચે મુજબ થશે :

	પોતાના ડિબેન્ચરમાં રોકાણ ખાતે ઉ તે બૅન્ક ખાતે		76,000	 76,000

અહીં જે કિંમતે ડિબેન્ચર ખરીદવામાં આવશે તે જ કિંમતે રોકાણ દર્શાવાશે. ખરીદી વખતે દેખાતો ફાયદો કે નુકસાનની અસર આપવામાં આવતી નથી.

પોતાના ડિબેન્ચરમાં રોકાણ કંપનીના પાકા-સરવૈયામાં મિલકત બાજુ સામાન્ય રીતે બિનચાલુ મિલકતોના શીર્ષક હેઠળ નીચે પ્રમાણે દર્શાવવામાં આવે છે :

કંપનીનું પાકું સરવૈયું

(II) મિલકતો (Assets)	**(₹)**
બિનચાલુ મિલકતો :	
પોતાના ડિબેન્ચર્સ (દાર્શનિક કિંમત ₹ 80,000)	76,000

પોતાના ડિબેન્ચરમાં રોકાણ પાકા સરવૈયામાં બિનચાલુ મિલકતો અથવા ચાલુ મિલકતોના શીર્ષક હેઠળ ક્યારે બતાવવા તે ડિબેન્ચર રદ કરવાના સમય પર આધારિત છે.

પોતાના ડિબેન્ચર્સમાં રોકાણનો ઉપયોગ ડિબેન્ચર્સ રદ કરવા માટે : જો કંપની પોતાના ડિબેન્ચર્સમાં કરેલ રોકાણનો ઉપયોગ ભવિષ્યમાં ડિબેન્ચર્સ રદ કરવા માટે કરે તો નીચે ઉદાહરણમાં દર્શાવ્યા મુજબ આમનોંધ પસાર થશે :

દા.ત., કંપનીએ ₹ 1,60,000ના 9 ટકાના ડિબેન્ચર્સ બહાર પાડેલા હતા. કંપનીએ આ ડિબેન્ચર્સ ₹ 1,55,000માં બજારમાંથી ખરીદી તેમાં રોકાણ કર્યું હતું.

કંપનીએ પોતાના ડિબેન્ચરમાં રોકાણનો ઉપયોગ કંપનીએ બહાર પાડેલ ડિબેન્ચર રદ કરવા માટે કર્યો. ફક્ત ડિબેન્ચર રદ કરવાની આમનોંધ પસાર કરો.

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
(i)	9 ટકાના ડિબેન્ચર્સ ખાતે ઉ		1,60,000	
	તે પોતાના ડિબેન્ચર્સમાં રોકાણ ખાતે			1,55,000
	તે ડિબેન્ચર પરતના નફા ખાતે			5000
(ii)	ડિબેન્ચર પરતના નફા ખાતે ઉ		5000	
	તે મૂડી અનામત ખાતે			5000

પોતાના ડિબેન્ચર્સમાં રોકાણ કરેલા ડિબેન્ચર્સ બજારમાં ફરી વેચાણ કરવામાં આવે ત્યારે :

જ્યારે ડિબેન્ચર પરત રોકાણમાં કરેલા ડિબેન્ચર્સ બજારમાં ફરી વેચાણ કરવામાં આવે ત્યારે તેનાથી ઉદ્ભવતો નફો કે નુકસાન મહેસૂલી નફો/ મહેસૂલી નુકસાન (Revenue Profit/ Revenue Loss) ગણાશે. જે નફા અને નુકસાનના પત્રક ખાતે લઈ જવામાં આવશે.

નફા અને નુકસાનના પત્રકમાં અસર : ''પોતાના ડિબેન્ચર્સમાં રોકાણ''ના ડિબેન્ચર્સ બજારમાં ફરી વેચાણ કરતાં થયેલ નફો નફા અને નુકસાનના પત્રકમાં **''અન્ય આવકો''(Other Income)**ના શીર્ષક હેઠળ બતાવવામાં આવે છે અને જો ફરી વેચાણ કરતાં નુકસાન કે ખોટ થાય, તો નફા અને નુકસાનના પત્રકમાં **''અન્ય ખર્ચાઓ''(Other Expenses)**ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

ઉદાહરણ 22 : પૂજન મોટર્સ લિમિટેડે ₹ 250નો એક એવા 8 ટકાના 4000 ડિબેન્ચર્સ બહાર પાડ્યા હતા. બોર્ડ ઑફ ડિરેક્ટર્સે બહાર પાડેલા પોતાના 1500 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 225ના ભાવે રોકાણ કરવા માટે બજારમાંથી ખરીદ કર્યા હતા. થોડા મહિના બાદ, કંપનીએ ખરીદેલા આ ડિબેન્ચર્સ, ડિબેન્ચર દીઠ ₹ 270ના ભાવે બજારમાં વેચી દીધા હતા.

ઉપરના વ્યવહારો પરથી જરૂરી આમનોંધ લખો.

જવાબ :

પૂજન મોટર્સ લિમિટેડની આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1	બૅન્ક ખાતે ઉ		10,00,000	
	તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે			10,00,000
	[બા.જે. : 4000 ડિબેન્ચર્સ પર, ડિબેન્ચર દીઠ ₹ 250 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]			
2	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ		10,00,000	
	તે 8 ટકાના ડિબેન્ચર ખાતે			10,00,000
	[બા.જે. : અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયાં તેના.]			

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
3	પોતાના ડિબેન્ચરમાં રોકાણ ખાતે	ઉ		3,37,500	
	તે બૅન્ક ખાતે				3,37,500
	[બા.જે. : બજારમાંથી 1500 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 225ના ભાવે રોકાણ કરવા ખરીદ્યા તેના.]				
4	બૅન્ક ખાતે	ઉ		4,05,000	
	તે પોતાના ડિબેન્ચરમાં રોકાણ ખાતે				3,37,500
	તે રોકાણ વેચતા થયેલ નફા ખાતે				67,500
	[બા.જે. : રોકાણ કરેલા ડિબેન્ચર્સ ₹ 270ના ભાવે વેચી દીધા તેના.]				
5	રોકાણ વેચતા થયેલ નફા ખાતે	ઉ		67,500	
	તે નફા અને નુકસાનના પત્રક ખાતે				67,500
	[બા.જે. : રોકાણનું વેચાણ કરતાં થયેલ નફો, જે મહેસૂલી નફો હોવાથી તે નફા અને નુકસાનના પત્રક ખાતે લઈ ગયા તેના.]				

નોંધ : આ પદ્ધતિમાં ડિબેન્ચર રદ કરતાં નથી પરંતુ બજારમાંથી ખરીદીએ છે. તેથી આ પદ્ધતિમાં ડિબેન્ચર પરત અનામત ઊભું કરવામાં આવતું નથી તેમજ 15 % લેખે ડિબેન્ચર પરત રોકાણ કરવું પણ જરૂરી નથી.

(4) શૅરમાં રૂપાંતર દ્વારા (Conversion of Debentures into Shares) :

ડિબેન્ચર પરત કરવાની એક પદ્ધતિ છે, જેમાં ડિબેન્ચરના બદલામાં શૅર આપી ડિબેન્ચર પરત કરી શકાય છે. ડિબેન્ચર બહાર પાડતી વખતે નક્કી કરેલી શરતો મુજબ અમુક મુદત બાદ કંપની દ્વારા ડિબેન્ચરહોલ્ડર્સને તેમના ડિબેન્ચરના બદલામાં કંપનીના ઇક્વિટી શૅર અથવા પ્રેફરન્સ શૅર આપે છે.

જ્યારે ડિબેન્ચરનું શૅરમાં રૂપાંતર કરવામાં આવે ત્યારે નીચે પ્રમાણેની આમનોંધ કરવામાં આવે છે :

(i)	ડિબેન્ચર ખાતે	ઉ		....	
	તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે				....
(ii)	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે	ઉ		....	
	તે ઇક્વિટી શૅરમૂડી ખાતે				....
	અથવા તે પ્રેફરન્સ શૅરમૂડી ખાતે				....

નોંધ : કંપની દ્વારા ડિબેન્ચરનું શૅરમાં રૂપાંતર કરવામાં આવે ત્યારે શૅર તેની મૂળકિંમતે કે પ્રીમિયમે ડિબેન્ચરહોલ્ડર્સને મળતા હોવા જોઈએ. એટલે કે જ્યારે ડિબેન્ચર્સનું શૅરમાં રૂપાંતર કરવામાં આવે ત્યારે તેવા શૅર વટાવથી બહાર પાડી ન શકાય તે ખાસ ધ્યાનમાં રાખવું પડે, નહિ તો કંપનીધારાની જોગવાઈનો ભંગ થાય છે.

ઉદાહરણ 23 : તા. 1 એપ્રિલ, 2014ના રોજ પ્રખર લિમિટેડે 7.5 ટકાના 8000 કન્વર્ટિબલ ડિબેન્ચર, દરેક ₹ 200ના ભાવે બહાર પાડ્યા. ડિબેન્ચર બહાર પાડતી વખતે નક્કી થયેલ શરત મુજબ બધા જ ડિબેન્ચર 4 વર્ષ પછી ડિબેન્ચરની મૂળકિંમતના બદલામાં ₹ 10નો એક એવા ઇક્વિટી શૅર, 25 ટકાના પ્રીમિયમથી આપવામાં આવશે.

તા. 1 એપ્રિલ, 2018ના રોજ નક્કી કરેલ શરત મુજબ બધા જ ડિબેન્ચરનું ઇક્વિટી શૅરમાં રૂપાંતર કરવામાં આવ્યું. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

જવાબ : ગણતરી :

ડિબેન્ચર બહાર પાડતાં મળેલ કુલ રકમ

8000 ડિબેન્ચર × ₹ 200 = ₹ **16,00,000**

ડિબેન્ચરના બદલામાં આપવાના થતાં

ઇક્વિટી શૅરની શૅર દીઠ કિંમત

= ₹ 10 મૂળકિંમત + ₹ 2.50 પ્રીમિયમ

= ₹ **12.50**

ડિબેન્ચરના બદલામાં આપવાના થતાં

ઇક્વિટી શૅરની સંખ્યા = $\frac{16,00,000}{12.50}$ = **1,28,000 શૅર**

કંપનીના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1-4-2014	બૅન્ક ખાતે ઉ તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે [બા.જે. : 8000 ડિબેન્ચર પર, ડિબેન્ચર દીઠ ₹ 200 લેખે અરજીનાં નાણાં મળ્યાં તેના.]		16,00,000	16,00,000
1-4-2014	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ તે 7.5 ટકાના ડિબેન્ચર ખાતે [બા.જે. : અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયાં તેના.]		16,00,000	16,00,000
1-4-2018	7.5 %ના ડિબેન્ચર ખાતે ઉ તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે [બા.જે. : 8000 ડિબેન્ચર તેની મૂળકિંમતે ઇક્વિટી શૅરમાં રૂપાંતર કરવાના થયા તેના.]		16,00,000	16,00,000
1-4-2018	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ઉ તે ઇક્વિટી શૅરમૂડી ખાતે (1,28,000 શૅર × ₹ 10) તે જામીનગીરી પ્રીમિયમ ખાતે (1,28,000 શૅર × ₹ 2.50) [બા.જે. : 8000 ડિબેન્ચરના બદલામાં 1,28,000 શૅર દરેક ₹ 10નો 25 ટકા પ્રીમિયમે આપ્યા તેના.]		16,00,000	12,80,000 3,20,000

- **જુદા જુદા અવેજ દ્વારા ડિબેન્ચર પરત કરવા :**

ડિબેન્ચરનાં નાણાં કંપનીએ પરત કરવાનાં હોય ત્યારે સામાન્ય રીતે કંપની ડિબેન્ચરહોલ્ડર્સને રોકડ આપી નાણાં પરત કરે છે, પરંતુ કેટલીક વાર કંપની રોકડમાં ડિબેન્ચર ચૂકવવાના બદલે ડિબેન્ચરહોલ્ડર્સને રોકડ સિવાય બીજા અવેજ પણ બદલામાં આપે છે. જેવા કે ડિબેન્ચરહોલ્ડરને નવા શૅર કે નવા ડિબેન્ચર અવેજમાં આપવા. આમ, ડિબેન્ચરનાં નાણાં જુદા જુદા અવેજમાં પરત કરી શકાય. આ અંગે, ડિબેન્ચર બહાર પાડતી વખતે જરૂરી શરતોનો ઉલ્લેખ થયેલો હોવો જોઈએ.

ઉદાહરણ 24 : આર. કે. પી. લિમિટેડે તા. 1 જાન્યુઆરી, 2014ના રોજ ₹ 100નો એક એવા 9 ટકાના 30,000 ડિબેન્ચર બહાર પાડ્યા. ડિબેન્ચર બહાર પાડતી વખતે આપેલી શરત મુજબ આ ડિબેન્ચર્સ 5 વર્ષ પછી ગમે ત્યારે 6 માસની નોટિસ આપીને 5 ટકાના પ્રીમિયમે પરત કરવાના હતા. પરત કરતી વખતે ડિબેન્ચરના બદલામાં રોકડ અથવા કંપનીના નવા શૅર અથવા નવા ડિબેન્ચર એ ત્રણમાંથી ડિબેન્ચરહોલ્ડર્સની મરજી પ્રમાણે અવેજ આપી નાણાં ચૂકવવાનાં હતાં.

તા. 1 માર્ચ, 2019ના રોજ કંપનીએ ડિબેન્ચરહોલ્ડર્સને જરૂરી નોટિસ આપી. 1 સપ્ટેમ્બર, 2019ના રોજ ડિબેન્ચરનાં નાણાં પરત કરવા અંગે ત્રણ વિકલ્પો સૂચવ્યા : (1) નાણાં રોકડમાં આપવામાં આવશે. (2) ₹ 10નો એક એવા ઇક્વિટી શૅર ₹ 12ના ભાવે આપવામાં આવશે. (3) ₹ 100નો એક એવા 8 ટકાના બીજા ડિબેન્ચર ₹ 96ના ભાવે આપવામાં આવશે.

9000 ડિબેન્ચર ધરાવનારાઓએ ઇક્વિટી શૅર સ્વીકાર્યા, 12,000 ડિબેન્ચર ધરાવનારાઓએ 8 ટકાના નવા ડિબેન્ચર સ્વીકાર્યા અને બાકીનાઓએ રોકડ અવેજ સ્વીકાર્યો.

કંપનીએ કંપનીધારાનું તેમજ સેબી ગાઇડ-લાઇન્સનું યોગ્ય પાલન કર્યું હશે તેવી ધારણાઓ સાથે ઉપરના વ્યવહારો નોંધવા માટે કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

જવાબ :

આર. કે. પી. લિમિટેડના ચોપડામાં આમનોંધ

તારીખ	વિગત	ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1-1-2014	બૅન્ક ખાતે ઉ		30,00,000	
	તે ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે			30,00,000
	[બા.જે. : 30,000 ડિબેન્ચર પર અરજીના નાણાં મળ્યાં તેના.]			
1-1-2014	ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે ઉ		30,00,000	
	ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે ઉ		1,50,000	
	તે 9 ટકાના ડિબેન્ચર ખાતે			30,00,000
	તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે			1,50,000
	[બા.જે. : અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયાં અને 5 ટકા લેખે ડિબેન્ચર પર પરત પ્રીમિયમ આપવાનું છે તેના.]			
1-9-2019	9 %ના ડિબેન્ચર ખાતે ઉ		30,00,000	
	ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે ઉ		1,50,000	
	તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે			31,50,000
	[બા.જે. : 30,000 ડિબેન્ચર 5 ટકાના પ્રીમિયમે ચૂકવવાના થયા તેના.]			
1-9-2019	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ઉ		9,45,000	
	તે ઇક્વિટી શૅર ખાતે			7,87,500
	તે જામીનગીરી પ્રીમિયમ ખાતે			1,57,500
	[બા.જે. : 9000 ડિબેન્ચર ધારણ કરનારાઓને ₹ 12નો એક એવા 78,750 ઇક્વિટી શેર આપ્યા તેના. (નોંધ 1)]			

તારીખ	વિગત		ખા.પા.	ઉધાર (₹)	જમા (₹)
1-9-2019	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે	ઉ		12,60,000	
	ડિબેન્ચર વટાવ ખાતે	ઉ		52,500	
	તે 8 ટકાના ડિબેન્ચર ખાતે				13,12,500
	[બા.જે. : 12,000 ડિબેન્ચર ધારણ કરનારાઓને ₹ 96નો એક એવા 13,125 નવા ડિબેન્ચર આપ્યા તેના. (નોંધ 2)]				
1-9-2019	ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે	ઉ		9,45,000	
	તે બૅન્ક ખાતે				9,45,000
	[બા.જે. : બાકીના 9000 ડિબેન્ચર ધારણ કરનારને રોકડ ચૂકવી તેના. (નોંધ 3)]				

નોંધ : (1) 9000 ડિબેન્ચર ધારણ કરનારાઓને પરત કરતી વખતે ચૂકવવાની રકમ = 9000 × ₹ 105 = ₹ 9,45,000. જેની સામે ₹ 12 (₹ 10 + ₹ 2 પ્રીમિયમના) લેખે ઇક્વિટી શૅર આપવાના છે.

ઇક્વિટી શૅરની સંખ્યા = $\frac{9,45,000}{12}$ = **78,750** થાય.

(2) 12,000 ડિબેન્ચર ધારણ કરનારાઓને પરત કરતી વખતે ચૂકવવાની રકમ = 12,000 × ₹ 105 = ₹ 12,60,000. જેની સામે ₹ 96 (₹ 100 – ₹ 4 વટાવના) લેખે 8 ટકાના નવા ડિબેન્ચર આપવાના છે.

નવા ડિબેન્ચરની સંખ્યા = $\frac{12,60,000}{96}$ = **13,125** થાય.

(3) 9000 ડિબેન્ચર ધારણ કરનારાઓને પરત કરતી વખતે રોકડમાં ચૂકવવાની રકમ = 9000 × ₹ 105 = **₹ 9,45,000.**

13. શૅર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત (Difference Between Share and Debenture)

તફાવતના મુદ્દાઓ	શૅર	ડિબેન્ચર
(1) મૂડીનો પ્રકાર	શૅર એ માલિકીહક દર્શાવતી મૂડી છે. તેને માલિકીપણાની જામીનગીરી કહેવાય છે. શૅરહોલ્ડર કંપનીનો માલિક ગણાય છે.	ડિબેન્ચર એ ઉછીની લીધેલી મૂડી છે. તેને લેણદારોની જામીનગીરી કહેવાય છે. ડિબેન્ચર-હોલ્ડર કંપનીનો લેણદાર ગણાય છે.
(2) વળતરની ખાતરી	કંપની જો નફો ના કરે તો શૅરહોલ્ડર્સને કોઈ વળતર મળશે નહિ. જો કંપની નફો કરે અને સંચાલકો ડિવિડન્ડ જાહેર કરે, તો જ શૅરહોલ્ડર્સને વળતર મળે છે. આમ, વળતરની કોઈ ચોક્કસ ખાતરી નથી.	કંપની નફો કરે કે ખોટ કરે, ડિબેન્ચરહોલ્ડર્સને ડિબેન્ચર બહાર પાડતી વખતે નક્કી કરેલ શરત મુજબ નિશ્ચિત વ્યાજ ચૂકવવું પડે છે.
(3) ગીરો કે બોજ	શૅર એ માલિકીપણાની જામીનગીરી હોવાથી તેના માટે કંપનીની મિલકતો ગીરવે મૂકવાની જરૂર નથી.	ડિબેન્ચર એ લેણદારોની જામીનગીરી હોવાથી તેના માટે કંપની દ્વારા સામાન્ય રીતે તેની સામે કંપનીની મિલકતો પર સ્થિર કે તરતો બોજ ઊભો કરવામાં આવે છે.

તફાવતના મુદ્દાઓ	શૅર	ડિબેન્ચર
(4) અધિકાર	શૅરહોલ્ડર્સને કંપનીના વહીવટી કામકાજમાં ભાગ લેવાનો તેમજ મતદાન કરવાનો અધિકાર મળે છે.	ડિબેન્ચરહોલ્ડર્સને કંપનીના વહીવટી કામકાજમાં ભાગ લેવાનો કે મતદાન કરવાનો અધિકાર મળતો નથી.
(5) વટાવથી બહાર પાડવા અંગે નિયમન	સ્વેટ ઈક્વિટી સિવાય શૅર વટાવથી બહાર પાડી શકાતા નથી. (કંપનીધારા, 2013 મુજબ)	ડિબેન્ચર વટાવથી બહાર પાડી શકાય છે.
(6) રૂપાંતરિત	ડિબેન્ચરમાં રૂપાંતર કરી શકાય તેવા શૅર બહાર પાડવામાં આવતાં નથી.	ડિબેન્ચરનું શૅરમાં રૂપાંતર કરી શકાય તેવા ડિબેન્ચર બહાર પાડી શકાય છે.
(7) પરત કરવા અંગે	શૅરનાં નાણાં કંપનીએ પોતાના જીવનકાળ દરમિયાન પરત કરવાનાં હોતાં નથી.	સામાન્ય સંજોગોમાં ડિબેન્ચરનાં નાણાં કંપની નક્કી કરેલ મુદતમાં પરત કરે છે.
(8) વિસર્જન સમયે	કંપનીના વિસર્જન સમયે શૅરહોલ્ડર્સને બધાં દેવાં ચૂકવાયાં બાદ રકમ વધે તો જ ચૂકવાય છે.	કંપનીના વિસર્જન સમયે ડિબેન્ચરહોલ્ડર્સને શૅરહોલ્ડર કરતાં પહેલાં રકમ ચૂકવવામાં આવે છે.

સ્વાધ્યાય

1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) ડિબેન્ચર એ કંપની માટે .... છે.

(અ) મૂડી (બ) લેણું

(ક) દેવું (ડ) મિલકત

(2) ડિબેન્ચરહોલ્ડર્સને કંપની તેમના ડિબેન્ચર પર .... આપે છે.

(અ) ડિવિડન્ડ (બ) વ્યાજ

(ક) નફામાં ભાગ (ડ) વ્યાજ અને ડિવિડન્ડ બંને

(3) ડિબેન્ચર કેટલા ટકા વટાવથી બહાર પાડી શકાય છે ?

(અ) 10 ટકા (બ) 5 ટકા

(ક) 20 ટકા (ડ) બોર્ડ ઑફ ડિરેક્ટર્સ દ્વારા નક્કી કરેલ દરે

(4) કંપનીએ બહાર પાડેલા ડિબેન્ચર પાકા સરવૈયામાં કયા શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે ?

(અ) બિનચાલુ દેવાં (બ) શૅરમૂડી અને અનામતો

(ક) ચાલુ દેવાં (ડ) રોકાણો

(5) ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડતાં મળેલ પ્રીમિયમની રકમ કયા ખાતે લઈ જવામાં આવે છે ?

(અ) મૂડી અનામત ખાતે (બ) સામાન્ય અનામત ખાતે

(ક) જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે (ડ) નફા-નુકસાનના પત્રક ખાતે

(6) ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડતાં મળેલ પ્રીમિયમની રકમ .... છે.

(અ) મહેસૂલી નફો (બ) મૂડી નુકસાન

(ક) મહેસૂલી નુકસાન (ડ) મૂડી નફો

(7) જ્યારે કંપની દ્વારા ડિબેન્ચરની પૂરેપૂરી રકમ અરજી વખતે જ મંગાવવામાં આવે ત્યારે તે રકમ કયા ખાતે જમા કરવામાં આવશે ?

(અ) ડિબેન્ચરઅરજી ખાતે (બ) ડિબેન્ચરઅરજી અને મંજૂરી ખાતે

(ક) ડિબેન્ચરમંજૂરી ખાતે (ડ) ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે

(8) કંપની મૂડીમાંથી ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરે તે પહેલાં, કંપનીએ તેણે બહાર પાડેલા ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમતની રકમના .... ટકા ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવા પડશે.

(અ) 10 (બ) 25

(ક) 100 (ડ) 15

(9) કંપની નફામાંથી ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરે તે પહેલાં, કંપનીએ તેણે બહાર પાડેલા ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમતની રકમના .... ટકા ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવા પડશે.

(અ) 10 (બ) 25

(ક) 100 (ડ) 15

(10) કંપનીના નિયમ, 2014 મુજબ, નાણાકીય વર્ષના અંતમાં એટલે કે 31 માર્ચના રોજ, જે ડિબેન્ચર્સ પરત કરવાના હોય તેની કુલ દાર્શનિક કિંમત(Face value)ના ઓછામાં ઓછા .... ટકા જેટલી રકમ વર્ષની શરૂઆતમાં એટલે કે 30 એપ્રિલ સુધીમાં રોકાણ કરવી પડશે.

(અ) 25 (બ) 15

(ક) 100 (ડ) 10

2. નીચેના પ્રશ્નોના બે કે ત્રણ વાક્યમાં જવાબ આપો :

(1) ડિબેન્ચર એટલે શું ?

(2) ડિબેન્ચરહોલ્ડર કોને કહેવાય ?

(3) કંપનીધારા, 2013 મુજબ કંપની કેટલા વર્ષની મુદતના ડિબેન્ચર બહાર પાડી શકે ?

(4) 'જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતું' પાકા સરવૈયામાં ક્યાં દર્શાવવામાં આવે છે ?

(5) ડિબેન્ચર વટાવ એટલે શું ?

(6) ડિબેન્ચર વટાવની રકમ માંડી વાળવા અંગેની જોગવાઈઓ જણાવો.

(7) રોકડ સિવાયના અવેજથી ડિબેન્ચર બહાર પાડવા એટલે શું ?

(8) ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન એટલે શું ?

(9) ડિબેન્ચર પરત કરવા માટે નાણાંની જરૂરિયાત પૂરી કરવા માટે કંપની દ્વારા કઈ રીતે નાણાંની વ્યવસ્થા કરવામાં આવે છે ?

(10) ડિબેન્ચર પરત કરવાની રીતો જણાવો.

3. નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર આપો :

(1) ડિબેન્ચરના પ્રકારો જણાવો.

(2) ડિબેન્ચર બહાર પાડવા અંગેની વિધિ જણાવો.

(3) ડિબેન્ચર પ્રીમિયમે બહાર પાડવા અંગે નોંધ લખો.

(4) ડિબેન્ચર વટાવથી બહાર પાડવા અંગે નોંધ લખો.

(5) આનુષંગિક જામીનગીરી તરીકે બહાર પાડેલા ડિબેન્ચરની હિસાબમાં દર્શાવવાની પદ્ધતિઓ જણાવો.

(6) ડિબેન્ચર પર વ્યાજ અંગે નોંધ લખો.

(7) ખુલ્લા બજારમાંથી પોતાના ડિબેન્ચર્સ ખરીદીને ડિબેન્ચર્સ પરત કરવા અંગે નોંધ લખો.

(8) શૅર અને ડિબેન્ચર વચ્ચેનો તફાવત આપો.

4. સચિન માર્બલ લિમિટેડે ₹ 100નો એક એવા 12,000 ડિબેન્ચર જાહેર જનતા માટે બહાર પાડ્યા. ડિબેન્ચર પર વાર્ષિક 10 ટકા લેખે વ્યાજ આપવાનું છે. ડિબેન્ચર દીઠ નીચે મુજબ નાણાં મંગાવવામાં આવ્યાં હતાં :

અરજી વખતે ₹ 30

મંજૂરી વખતે ₹ 45

હપ્તા વખતે ₹ 25

કંપનીને 15,000 ડિબેન્ચરની અરજીઓ મળી. 12,000 ડિબેન્ચર મંજૂર કરી વધારાની ડિબેન્ચરઅરજીઓ નામંજૂર કરી, અરજદારોને નાણાં પરત કર્યાં. ડિબેન્ચર પર મંગાવેલ મંજૂરી અને હપ્તાની રકમ પૂરેપૂરી મળી ગઈ.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

5. ગરવી કોટન લિમિટેડે ₹ 500નો એક એવા 10 ટકાના 6000 ડિબેન્ચર 40 ટકાના પ્રીમિયમે બહાર પાડ્યા હતા, જેના પર ડિબેન્ચર દીઠ નાણાં નીચે મુજબ ભરવાનાં હતાં :

અરજી સાથે ₹ 200

મંજૂરી વખતે ₹ 300 (પ્રીમિયમ સહિત)

આખરી હપ્તા વખતે ₹ 200

કુલ 9000 ડિબેન્ચર્સ માટે અરજીઓ આવી હતી, જેમાંથી વધારાની અરજીઓ નામંજૂર કરી તેનાં પરનાં નાણાં પરત કરવામાં આવ્યાં હતાં. મંજૂરી અને હપ્તા વખતે મંગાવેલ પૂરેપૂરી રકમ મળી ગઈ હતી.

કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો.

6. પસવાદળ સ્ટીલ લિમિટેડે ₹ 100નો એક એવા 9 ટકાના 15,000 ડિબેન્ચર ₹ 80ના ભાવે બહાર પાડ્યા. ડિબેન્ચર દીઠ નાણાં નીચે મુજબ ભરવાનાં છે :

અરજી સાથે ₹ 25

મંજૂરી વખતે ₹ 35 (વટાવ બાદ)

હપ્તા વખતે ₹ 20

કંપનીને 15,000 ડિબેન્ચરની અરજીઓ મળી, જે બધી જ મંજૂર કરી. કંપનીએ મંજૂરી વખતે મંગાવેલ રકમ પૂરેપૂરી મળી ગઈ, જ્યારે હપ્તા વખતે 800 ડિબેન્ચર સિવાય બાકીના બધા ડિબેન્ચર પર પૂરેપૂરી રકમ મળી ગઈ.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

7. અંકલેશ્વરની ડાયનેમિક લિમિટેડે ₹ 100નો એક એવા 12 ટકાના 30,000 ડિબેન્ચર બહાર પાડ્યા, જેના પર ડિબેન્ચર દીઠ નાણાં નીચે મુજબ ભરવાનાં હતાં :

અરજી સાથે ₹ 35

મંજૂરી વખતે ₹ 40

પ્રથમ અને આખરી હપ્તા વખતે ₹ 25

બધા જ ડિબેન્ચર્સ માટે અરજીઓ આવી હતી. 1000 ડિબેન્ચર ધારણ કરનાર પલકે, મંજૂરી વખતે ડિબેન્ચરની બધી જ રકમ પૂરેપૂરી ચૂકવી દીધી. જ્યારે 400 ડિબેન્ચર ધારણ કરનાર આકાશ મંજૂરી અને હપ્તાની રકમ ચૂકવી શક્યો નહિ. બાકીના બધા જ ડિબેન્ચર પર સમયસર મંજૂરી અને હપ્તાની રકમ મળી ગઈ હતી.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

8. ચાર્મી ફેશન લિમિટેડે ડિબેન્ચર દીઠ ₹ 200ની મૂળકિંમતના 10 ટકાના 1,20,000 ડિબેન્ચર, 10 ટકાના પ્રીમિયમથી બહાર પાડ્યા. રકમ નીચે મુજબ ચૂકવવાની હતી :

અરજી વખતે ₹ 100 (પ્રીમિયમ સહિત) અને બાકીની રકમ મંજૂરી વખતે.

આ ડિબેન્ચર 7 વર્ષ પછી પરત કરવાના છે.

કંપનીને 1,50,000 ડિબેન્ચરની અરજીઓ મળી, જેમાંથી પ્રમાણસર ફાળવણી દ્વારા 1,20,000 ડિબેન્ચર મંજૂર કર્યા. અરજી પરની વધારાની રકમ મંજૂરી ખાતે લઈ જવામાં આવશે. મંજૂરી વખતે મંગાવેલ રકમ પૂરેપૂરી મળી ગઈ. ડિબેન્ચર બહાર પાડતી વખતે કંપનીના ચોપડે થતી અસરોની આમનોંધ આપો.

9. પાલનપુરની જાનકી મારબલ લિમિટેડે ડિબેન્ચર દીઠ ₹ 100ની મૂળકિંમતના 11 ટકાના 50,000 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 20ના પ્રીમિયમથી બહાર પાડ્યા. પૂરેપૂરી રકમ અરજી વખતે ભરવાની છે. કંપનીને 60,000 ડિબેન્ચરની અરજીઓ મળી હતી, જેમાંથી 10,000 ડિબેન્ચરની અરજીઓ નામંજૂર કરી તેના પરની રકમ અરજદારોને પરત કરી હતી. બાકીની અરજીઓ પર ડિબેન્ચર મંજૂર કર્યા.

જાનકી મારબલ લિમિટેડના ચોપડામાં ઉપરના વ્યવહારોની જરૂરી આમનોંધ પસાર કરો.

10. દાહોદની મન્સૂરી લિમિટેડે ₹ 100નો એક એવા 10 ટકાના 8000 ડિબેન્ચર 10 ટકાના વટાવથી તા. 1-4-2017ના રોજ બહાર પાડ્યા. ડિબેન્ચર પર નાણાં નીચે મુજબ ભરવાનાં હતાં :

અરજી સાથે ₹ 30

મંજૂરી વખતે ₹ 35 અને બાકીની રકમ છેલ્લા હપ્તા વખતે

કંપનીને 10,500 ડિબેન્ચરની અરજીઓ મળી હતી, જેમાંથી 8000 ડિબેન્ચર મંજૂર કર્યા. નહિ મંજૂર કરેલા ડિબેન્ચરનાં નાણાં અરજદારોને પરત કર્યાં. ડિબેન્ચર પર મંગાવેલ બધી જ રકમ સમયસર મળી ગઈ હતી.

ડિબેન્ચર બહાર પાડવાનો ખર્ચ ₹ 22,000 થયો છે. ડિરેક્ટર્સે નક્કી કર્યું કે, 'ડિબેન્ચર બહાર પાડવાના ખર્ચ ખાતે' અને 'ડિબેન્ચર વટાવ ખાતે' જે રકમ છે, તે તેનો $\frac{1}{5}$ ભાગ દર વર્ષે નફા-નુકસાનના પત્રકમાં લઈ જઈને માંડી વાળવો. ઉપરના વ્યવહારો પરથી કંપનીના ચોપડામાં ફક્ત પ્રથમ વર્ષની આમનોંધ લખો.

11. આદિનાથ લિમિટેડે ₹ 18,00,000ની મશીનરી શિખર મશીનરી લિ. પાસેથી તા. 10-9-2017ના રોજ ખરીદી. ₹ 3,00,000 તરત જ ચૂકવી દીધા અને બાકીની રકમ પેટે આદિનાથ લિ.ના ₹ 15,80,000ના 9 ટકાના ડિબેન્ચર આપ્યા. આદિનાથ લિ.ના ચોપડામાં જરૂરી આમનોંધ પસાર કરો.

જો આદિનાથ લિ. બાકીની રકમ પેટે ₹ 14,10,000ના 9 ટકાના ડિબેન્ચર આપે તો તેની આમનોંધ કેવી રીતે લખાશે ?

12. વોલ્ટાસ ઈલેક્ટ્રિક લિમિટેડે નવરંગ ટ્રેડર્સની નીચે મુજબની મિલકતો અને દેવાં ખરીદી લીધાં :

જમીન-મકાન	₹ 8,00,000	સ્ટૉક	₹ 2,25,000
યંત્રો	₹ 2,75,000	દેવાદારો	₹ 80,000
ફર્નિચર	₹ 1,20,000	લેણદારો	₹ 80,000

ખરીદકિંમત પેટે ₹ 15,36,000 ચૂકવવાનું નક્કી થયું. વોલ્ટાસ ઈલેક્ટ્રિક લિમિટેડે ખરીદકિંમત પેટે ₹ 100નો એક એવા 11 ટકાના ડિબેન્ચર, 20 ટકા પ્રીમિયમથી આપ્યા.

કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો.

13. એક કંપની તા. 1 એપ્રિલ, 2017ના રોજ બહાર પાડેલા ₹ 21,00,000ના 10.5 ટકાના ડિબેન્ચર ધરાવે છે. વર્ષ દરમિયાન કંપનીએ તા. 10 ઑગસ્ટ, 2017ના રોજ ₹ 5,50,000ની બૅન્ક લોન લીધી. જેની સામે કંપનીએ આનુષંગિક જામીનગીરી તરીકે નવા ₹ 5,00,000ના 10.5 ટકાના ડિબેન્ચર આપ્યા.

નીચે દર્શાવેલ પદ્ધતિ મુજબ ઉપરના વ્યવહારોને લગતી જરૂરી આમનોંધ કંપનીના ચોપડામાં પસાર કરો.

જો આનુષંગિક જામીનગીરી તરીકે આપેલ ડિબેન્ચરની નોંધ (1) કંપનીના ચોપડામાં કરવામાં આવે ત્યારે અને (2) કંપનીના ચોપડામાં કરવામાં ના આવે ત્યારે.

ડિબેન્ચર અને બૅન્ક લોન અંગેની વિગતો તા. 31 માર્ચ, 2018ના રોજના કંપનીના પાકા સરવૈયામાં દર્શાવો.

14. અલીબાબા લિમિટેડે તા. 1 એપ્રિલ, 2017ના રોજ ₹ 100ની મૂળકિંમતના 12 ટકાના 18,000 ડિબેન્ચર બહાર પાડ્યા. જેના પર 30 સપ્ટેમ્બર અને 31 માર્ચના રોજ વ્યાજ ચૂકવવાનું છે.

તા. 31 માર્ચ, 2018ના રોજ પૂરા થતા વર્ષ માટે ઉપરના વ્યવહારો અંગેની આમનોંધો પસાર કરો. આવકવેરાનો દર 20 ટકા છે તેવી ધારણા સાથે ગણતરી કરો.

15. નીચેના વ્યવહારો પરથી ફક્ત ડિબેન્ચર બહાર પાડવા અંગેની આમનોંધ લખો (બાબત જે વગર).

(1) ₹ 100ની મૂળકિંમતના 9.5 ટકાના 8500 ડિબેન્ચર મૂળકિંમતે જ બહાર પાડ્યા, જે મૂળકિંમતે પરત કરવાના છે.

(2) ₹ 100ની મૂળકિંમતના 9.5 ટકાના 9500 ડિબેન્ચર 10 ટકાના વટાવે બહાર પાડ્યા, જે મૂળકિંમતે પરત કરવાના છે.

(3) ₹ 200ની મૂળકિંમતના 10 ટકાના 8000 ડિબેન્ચર 10 ટકાના પ્રીમિયમે બહાર પાડ્યા, જે મૂળકિંમતે પરત કરવાના છે.

16. સત્યમ્ લિમિટેડે તા. 1-7-2017ના રોજ ₹ 100નો એક એવા 8 ટકાના 12,000 ડિબેન્ચર મૂળકિંમતે બહાર પાડ્યા. જે તા. 30-6-2023ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 115ની કિંમતે પરત કરવાના છે.
કંપનીના ચોપડે ડિબેન્ચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની જરૂરી આમનોંધ લખો (બા.જે. વગર).

17. શિવમ્ લિમિટેડે તા. 1-4-2017ના રોજ ₹ 250નો એક એવા 7.5 ટકાના 8000 ડિબેન્ચર 5 ટકાના વટાવે બહાર પાડ્યા. 5 વર્ષ બાદ તા. 31-3-2022ના રોજ બધા ડિબેન્ચર પરનાં નાણાં 10 ટકાનાં પ્રીમિયમથી પરત કરવાનાં છે. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો (બા.જે. વગર).

18. સુન્દરમ્ લિમિટેડે તા. 1-7-2017ના રોજ ₹ 300નો એક એવા 8 ટકાના 14,000 ડિબેન્ચર 5 ટકાના પ્રીમિયમથી બહાર પાડ્યા, જે તા. 30-6-2023ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 330ની કિંમતે પરત કર્યા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો (બા.જે. વગર).

19. પારસ ફાર્મા લિમિટેડે તા. 1-7-2017ના રોજ ₹ 400નો એક એવા 9 ટકાના 20,000 ડિબેન્ચર બહાર પાડ્યા, જે 7 વર્ષ બાદ 12 ટકાના પ્રીમિયમે પરત કરવાના છે. વિજ્ઞાપનપત્રની શરતો મુજબ ડિબેન્ચર દીઠ ₹ 125, અરજી વખતે અને બાકીની રકમ મંજૂરી વખતે ચૂકવવાની છે. ડિબેન્ચર બહાર પાડવા અંગેની કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ પસાર કરો.

20. સ્ટાર ટેક્નોલૉજી લિમિટેડે તા. 1-9-2017ના રોજ ₹ 100નો એક એવા 8.5 ટકાના 16,000 ડિબેન્ચર 10 ટકાના વટાવે બહાર પાડ્યા. 6 વર્ષ બાદ બધા ડિબેન્ચરનાં નાણાં 8 ટકાના પ્રીમિયમે પરત કરવાના છે. રકમ નીચે મુજબ ચૂકવવાની હતી :

અરજી સાથે ડિબેન્ચર દીઠ ₹ 60
મંજૂરી વખતે ડિબેન્ચર દીઠ બાકીની રકમ

ડિબેન્ચર બહાર પાડવા અંગેની કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ પસાર કરો.

21. નુપુર લિમિટેડે તા. 1 એપ્રિલ, 2013ના રોજ ₹ 100નો એક એવા 9 ટકાના 16,000 ડિબેન્ચર, 10 ટકાના પ્રીમિયમે બહાર પાડ્યા હતા, જે 31 માર્ચ, 2018ના રોજ પરત કરવાના છે. જાહેર ભરણું પૂરેપૂરું ભરાઈ ગયું હતું. બોર્ડ ઑફ ડિરેક્ટર્સે નક્કી કર્યું હતું કે, તા. 31 માર્ચ, 2018ના રોજ જરૂરી રકમ ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવી અને ડિબેન્ચર્સ મૂડીમાંથી પરત કરવા. તેઓએ એમ પણ નક્કી કર્યું હતું કે જરૂરી રકમનું ડિબેન્ચર પરત રોકાણ તા. 30 એપ્રિલ, 2017ના રોજ કરવું. ડિબેન્ચર પરત કરવાની તારીખે રોકાણો વેચી દીધા હતા અને ડિબેન્ચર પરત કરવા માટેની જરૂરી રકમ ડિબેન્ચરહોલ્ડર્સને ચૂકવી દીધી હતી.
ડિબેન્ચર બહાર પાડવાની અને પરત કરવાની જરૂરી આમનોંધ કંપનીના ચોપડે પસાર કરો. ડિબેન્ચર પરત રોકાણ ખાતુ અને ડિબેન્ચર પરત અનામત ખાતુ પણ તૈયાર કરો.

22. હિતેષી લિમિટેડે તા. 1 એપ્રિલ, 2014ના રોજ ₹ 200નો એક એવા 11 ટકાના 10,000 ડિબેન્ચર 6 %ના પ્રીમિયમથી બહાર પાડ્યા હતા, જે 31 માર્ચ, 2020ના રોજ 10 %ના પ્રીમિયમથી પરત કરવાના છે.
કંપનીએ ડિબેન્ચર પરત કરવાના નાણાકીય વર્ષમાં કંપનીધારાની જોગવાઈ મુજબ જરૂરી રકમ 30મી એપ્રિલના રોજ 7 ટકાની ગુજરાત રાજ્ય સરકારની બોજારહિત જામીનગીરીમાં રોકાણ કર્યું હતું. ડિબેન્ચર પરત કરવા માટેનાં નાણાંની જોગવાઈ મૂડીમાંથી કરવાની છે. પાકતી તારીખે ડિબેન્ચર પરત કર્યા.
ડિબેન્ચર બહાર પાડતી વખતની અને પરત કરતી વખતની આમનોંધો પસાર કરો. ડિબેન્ચર પરત રોકાણ ખાતુ અને ડિબેન્ચર પરત અનામત ખાતુ પણ તૈયાર કરો.

23. પાર્થ ઍન્જિ. લિમિટેડે તા. 31-3-2018ના રોજ ₹ 30,00,000ની મૂળકિંમતના 9 %ના ડિબેન્ચર, 12 %ના પ્રીમિયમથી પરત કર્યા હતા. જે માટે કંપનીના નફામાંથી નાણાંની જોગવાઈ કરવામાં આવી હતી. કંપનીએ જરૂરી રકમનું રોકાણ 30 એપ્રિલ, 2017ના રોજ કર્યું હતું.

કંપનીધારાની જોગવાઈઓનું પાલન કરેલ છે તેવી ધારણાઓ સાથે કંપનીના ચોપડામાં ડિબેન્ચર પરત કરવા અંગેની આમનોંધો આપો. ડિબેન્ચર પરત રોકાણ ખાતુ અને ડિબેન્ચર પરત અનામત ખાતુ પણ તૈયાર કરો.

24. મુંજ સૉફ્ટવેર લિમિટેડે ₹ 24,00,000ના 12 ટકાના ડિબેન્ચર્સ તા. 1-10-2017ના રોજ 8 ટકા પ્રીમિયમે પરત કરવાના હતા, જે કંપનીના નફામાંથી પરત કરવાનું નક્કી કર્યું હતું. કંપની પાસે ડિબેન્ચર પરત અનામત ખાતે ₹ 11,00,000 હતા. કંપનીધારા મુજબ ડિબેન્ચર પરત રોકાણ પેટે જરૂરી રકમનું યોગ્ય સમયે રોકાણ કરવાનું નક્કી કરેલ હતું.

કંપનીના ચોપડામાં ડિબેન્ચર પરત કરવા અંગેની જરૂરી આમનોંધ પસાર કરો.

25. એક કંપનીએ ₹ 100નો એક એવા પોતાના 1500 ડિબેન્ચર બજારમાંથી ડિબેન્ચર દીઠ ₹ 96ના ભાવે ખરીદ્યા અને ખરીદ્યા બાદ તરત જ રદ કર્યા. કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો.

26. એક કંપનીએ ₹ 400નો એક એવા પોતાના 6000 ડિબેન્ચર બજારમાંથી ડિબેન્ચર દીઠ ₹ 415ના ભાવે ખરીદ્યા અને ખરીદ્યા બાદ તરત જ રદ કર્યા. કંપનીના ચોપડે આમનોંધ પસાર કરો.

27. જસપ્રીત એપરલ લિમિટેડે ₹ 300નો એક એવા 12 %ના 6000 ડિબેન્ચર્સ બહાર પાડ્યા હતા. બોર્ડ ઑફ ડિરેક્ટર્સે બહાર પાડેલા પોતાના 2500 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 280ના ભાવે રોકાણ કરવા માટે બજારમાંથી ખરીદી લીધા. થોડા મહિના બાદ, કંપનીએ ખરીદેલા આ ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 310માં બજારમાં વેચી દીધા.

ઉપરના વ્યવહારો પરથી જરૂરી આમનોંધો લખો.

28. તા. 1 એપ્રિલ, 2014ના રોજ રવીન્દ્ર કૉપર લિમિટેડે 12.5 ટકાના 12,000 કન્વર્ટિબલ ડિબેન્ચર, દરેક ₹ 400ના ભાવે બહાર પાડ્યા. ડિબેન્ચર બહાર પાડતી વખતે નક્કી કરેલ શરત મુજબ બધા જ ડિબેન્ચર 5 વર્ષ પછી ડિબેન્ચરની મૂળકિંમતના બદલામાં ₹ 10નો એક એવા ઇક્વિટી શૅર, 50 ટકાના પ્રીમિયમથી આપવામાં આવશે.

તા. 1 એપ્રિલ, 2019ના રોજ નક્કી કરેલ શરત મુજબ બધા જ ડિબેન્ચરનું ઇક્વિટી શૅરમાં રૂપાંતર કરવામાં આવ્યું. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

29. રાજન લિમિટેડે તા. 1 જાન્યુઆરી, 2014ના રોજ ₹ 100નો એક એવા 6 વર્ષની મુદતના 11 ટકાના 8000 ડિબેન્ચર બહાર પાડ્યા. ડિબેન્ચર બહાર પાડતી વખતે એક શરત હતી કે કંપની આ ડિબેન્ચર ચાર વર્ષ પછી ગમે ત્યારે 6 માસની નોટિસ આપીને 6 ટકાના પ્રીમિયમે પરત કરી શકશે અને તેના બદલામાં રોકડ અથવા પ્રેફરન્સ શૅર અથવા નવા બીજા ડિબેન્ચર, આ ત્રણમાંથી ડિબેન્ચરહોલ્ડર્સની મરજી પ્રમાણે અવેજ આપી ડિબેન્ચર પરત કરી શકાશે.

1 માર્ચ, 2018ના રોજ કંપનીએ ડિબેન્ચરહોલ્ડર્સને જરૂરી નોટિસ આપી. તા. 1 માર્ચ, 2018ના રોજ ડિબેન્ચરનાં નાણાં પરત કરવા અંગે ત્રણ વિકલ્પો સૂચવ્યા :

(1) નાણાં રોકડા આપવામાં આવશે.

(2) ₹ 100નો એક એવા 9 ટકાના પ્રેફરન્સ શૅર ₹ 130ના ભાવે આપવામાં આવશે.

(3) ₹ 100નો એક એવા 7 ટકાના નવા ડિબેન્ચર ₹ 96ના ભાવે આપવામાં આવશે.

3600 ડિબેન્ચર ધરાવનારાઓએ નવા ડિબેન્ચર સ્વીકાર્યા, 3315 ડિબેન્ચર ધરાવનારાઓએ પ્રેફરન્સ શૅર સ્વીકાર્યા અને બાકીનાઓએ રોકડ માંગી.

ઉપરના વ્યવહારો નોંધવા માટે જરૂરી આમનોંધ લખો.

●

3

કંપનીના વાર્ષિક હિસાબો
(Company Final Accounts)

1. પ્રસ્તાવના
2. નાણાકીય પત્રકોનો અર્થ
3. નાણાકીય વર્ષ
4. નાણાકીય પત્રકોનાં લક્ષણો
5. નાણાકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ
6. પાકા સરવૈયાનો નમૂનો અને સામાન્ય સૂચનાઓ
7. નફા-નુકસાનના પત્રકનો નમૂનો અને સામાન્ય સૂચનાઓ
– સ્વાધ્યાય

1. પ્રસ્તાવના (Introduction)

કંપનીનાં નાણાકીય પત્રકો શૅરહોલ્ડર્સ, કરવેરાના સત્તાધીશો, વિશ્લેષણકારો, સંચાલકો અને અન્ય હિત ધરાવનારાઓ માટે ખૂબ જ અગત્યનાં છે. નાણાકીય પત્રકો કંપનીના નાણાકીય દેખાવ અને નાણાકીય સ્થિતિ વિશે માહિતી આપે છે. કંપનીધારા 2013ની કલમ 129(1) મુજબ નાણાકીય પત્રકો કંપનીની સાચી અને વાજબી પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. આ ઉપરાંત કલમ 133 હેઠળ નિર્દિષ્ટ કરેલ હિસાબી ધોરણોનો તે અમલ કરે છે. કંપનીનાં નાણાકીય પત્રકો કંપનીધારા 2013ના પરિશિષ્ટ IIIમાં દર્શાવેલ નમૂના મુજબ જ તૈયાર કરવા જરૂરી છે. કલમ 129(1)માં જણાવ્યા મુજબ વીમા કંપની, વીજળી કંપની અને બૅન્કિંગ કંપનીઓને નાણાકીય પત્રકોના આ નમૂનાઓ લાગુ પડતા નથી. આ પ્રકરણમાં કંપનીધારા 2013 અનુસાર કંપનીના વાર્ષિક હિસાબો કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેનો અભ્યાસ કરીશું.

2. નાણાકીય પત્રકોનો અર્થ (Meaning of Financial Statements)

નાણાકીય પત્રકો એટલે હિસાબી સમય પૂરો થતાં હિસાબોની પ્રક્રિયાને અંતે હિસાબી માહિતીને સંક્ષિપ્તમાં રજૂ કરતાં પત્રકો. નાણાકીય પત્રકો તેના આંતરિક અને બાહ્ય ઉપયોગકર્તાઓને હિસાબી પરિણામોની જાણ કરે છે.

કંપનીધારા 2013ની કલમ 2(40) મુજબ કંપનીનાં નાણાકીય પત્રકોમાં નીચેનાંનો સમાવેશ થાય છે.

(i) નાણાકીય વર્ષને અંતે પાકું સરવૈયું

(ii) નાણાકીય વર્ષ માટે નફા-નુકસાન ખાતું અથવા નફા માટે પ્રવૃત્તિ નહિ કરતી કંપની માટે ઊપજ-ખર્ચ ખાતું

(iii) નાણાકીય વર્ષ માટે રોકડ પ્રવાહ પત્રક

(iv) ઈક્વિટીમાં ફેરફાર દર્શાવતું પત્રક, જો લાગુ પડતું હોય તો

(v) હિસાબોને લગતી નોંધો

અહીં એ બાબત નોંધપાત્ર છે કે પાકું સરવૈયું કોઈ ચોક્કસ સમયે નાણાકીય સ્થિતિ દર્શાવે છે. તેથી તેનું શીર્ષક ''તા. ....ના રોજનું પાકું સરવૈયું'' એમ આપવામાં આવે છે. નફા-નુકસાનનું પત્રક કોઈ ચોક્કસ સમય, જે તારીખે પૂરો થતો હોય તે સમયનો નફો કે નુકસાન દર્શાવે છે તેથી તેનું શીર્ષક 'તા. ....ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું'' એમ આપવામાં આવે છે. જો નફા-નુકસાન ખાતું એક વર્ષથી વધારે કે ઓછા સમય માટે તૈયાર કરવામાં આવતું હોય તો તેના શીર્ષકમાં 'વર્ષ'ના બદલે 'સમય' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. દા.ત., કંપનીની સ્થાપના 1 ઑક્ટોબર, 2016ના રોજ કરવામાં આવી હોય તો પ્રથમ નફા-નુકસાનનું પત્રક તા. 31 માર્ચ, 2017 સુધી પૂરા થતા છ માસ માટે તૈયાર કરવામાં આવશે.

આ સંજોગોમાં નફા-નુકસાનના પત્રકનું શીર્ષક 'તા. 31-3-2017ના રોજ પૂરા થતા સમય માટે નફા-નુકસાનનું પત્રક' એમ આપવામાં આવશે અથવા ''તા. 31-3-2017ના રોજ પૂરા થતા છ માસના સમય માટે નફો-નુકસાન દર્શાવતું પત્રક'' એમ આપવામાં આવશે.

3. નાણાકીય વર્ષ (Financial Year)

કંપનીધારા 2013ની કલમ 2(41) મુજબ કોઈ પણ કંપનીના સંદર્ભમાં 'નાણાકીય વર્ષ' એટલે દર વર્ષે 31 માર્ચના રોજ પૂરો થતો સમય. જો કોઈ પણ વર્ષમાં 1 જાન્યુઆરીના રોજ કે તે પછી કંપનીની સ્થાપના થયેલ હોય તો કંપનીનું નાણાકીય વર્ષ તે પછીના વર્ષે પૂરા થતા 31 માર્ચ સુધીનું ગણાશે. સામાન્ય રીતે નાણાકીય વર્ષ 12 માસનું હોય છે જેનો સમયગાળો 1 એપ્રિલથી બીજા કેલેન્ડર વર્ષની 31 માર્ચ સુધીનો હોય છે.

4. નાણાકીય પત્રકોનાં લક્ષણો (Characteristics of Financial Statements)

નાણાકીય પત્રકોનાં કેટલાંક લક્ષણો નીચે મુજબ છે :

(1) નાણાકીય પત્રકોને ઐતિહાસિક પત્રકો કહેવામાં આવે છે. કારણ કે તે ભૂતકાળના સમયને લગતા હોય છે.

(2) નાણાકીય પત્રકોમાં દર્શાવવામાં આવતા આંકડાઓ નાણાંના સ્વરૂપમાં દર્શાવવામાં આવે છે.

(3) નાણાકીય પત્રકો નોંધાયેલ સત્યો આધારિત હોય છે અને કેટલાંક મહત્ત્વનાં સત્યો નોંધાતાં નથી.
દા.ત., જ્યારે પાઘડી મેળવવા માટે કોઈ ખર્ચ કરેલ ન હોય ત્યારે ઉપાર્જિત પાઘડી હિસાબી ચોપડે નોંધાતી નથી.

(4) નફા-નુકસાન ખાતું આપેલ સમય માટેનો નફો કે નુકસાન દર્શાવે છે તેથી તે કંપનીની નાણાકીય કામગીરીનો દેખાવ દર્શાવે છે.

(5) પાકું સરવૈયું કોઈ ચોક્કસ સમયે ઈક્વિટી, જવાબદારીઓ અને મિલકતોની સ્થિતિ દર્શાવે છે. આમ તે કંપનીની નાણાકીય સ્થિતિનો ખ્યાલ આપે છે.

(6) નાણાકીય પત્રકો નામાના સર્વસામાન્ય સ્વીકૃત સિદ્ધાંતોના આધારે તૈયાર કરવામાં આવે છે.

(7) નાણાકીય પત્રકો તૈયાર કરતી વખતે કેટલીક બાબતોમાં હિસાબી ધોરણો પ્રમાણે એકથી વધારે વિકલ્પો ઉપલબ્ધ હોઈ શકે. દા.ત., માલસામગ્રીનું મૂલ્યાંકન અને ઘસારાની જોગવાઈ માટે નાણાકીય પત્રકો તૈયાર કરનારને વિકલ્પની પસંદગી કરવા અંગે સ્વતંત્રતા છે.

5. નાણાકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ (Objectives of Preparing Financial Statements)

નાણાકીય પત્રકો તૈયાર કરવાના કેટલાક હેતુઓ નીચે મુજબ છે :

(1) કંપનીની નાણાકીય કામગીરી વિશે સાચો અને વ્યાજબી ખ્યાલ મેળવવો.

(2) કંપનીની નાણાકીય સ્થિતિ અંગે સાચો અને વ્યાજબી ખ્યાલ મેળવવો.

(3) કાયદાકીય જરૂરિયાતોનું પાલન કરવું.

(4) વિવિધ હિત ધરાવનારાઓને કંપનીની નાણાકીય માહિતીની જાણ કરવી.

6. પાકા સરવૈયાનો નમૂનો અને સામાન્ય સૂચનાઓ (Form of Balance Sheet and General Instructions)

કંપનીધારા 2013ના પરિશિષ્ટ IIIના ભાગ Iમાં પાકા સરવૈયાનો નમૂનો આપેલ છે. કંપનીનું પાકું સરવૈયું આ નમૂના મુજબ જ તૈયાર કરવું જરૂરી છે. પરિશિષ્ટ IIIમાં ફક્ત ઊભા સ્વરૂપે જ પાકું સરવૈયું આપેલ છે. પાકા સરવૈયાનું સ્વરૂપ પાના નંબર 118 પર દર્શાવ્યા મુજબ છે :

પાકું સરવૈયું

કંપનીનું નામ ....

તા. ....ના રોજનું પાકું સરવૈયું

વિગત (1)	નોંધ નંબર (2)	ચાલુ વર્ષના આંકડાઓ (₹) (3)	અગાઉના વર્ષના આંકડાઓ (₹) (4)
I ઈક્વિટી અને જવાબદારીઓ :			
(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :			
(a) શૅરમૂડી			
(b) અનામત અને વધારો			
(c) શૅરવોરંટ સામે મળેલ રકમ			
(2) મંજૂરી બાકી હોય તેવી શૅરઅરજીની મળેલ રકમ			
(3) બિનચાલુ જવાબદારીઓ			
(a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં			
(b) મુલતવી કરવેરા જવાબદારીઓ (ચોખ્ખી)			
(c) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ			
(d) લાંબા ગાળાની જોગવાઈઓ			
(4) ચાલુ જવાબદારીઓ			
(a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં			
(b) વેપારી દેવાં			
(c) અન્ય ચાલુ જવાબદારીઓ			
(d) ટૂંકા ગાળાની જોગવાઈઓ			
કુલ			
II મિલકતો :			
(1) બિનચાલુ મિલકતો :			
(a) કાયમી મિલકતો			
(i) દૃશ્ય મિલકતો			
(ii) અદૃશ્ય મિલકતો			
(iii) અર્ધતૈયાર મૂડી મિલકતો			
(iv) વિકસતી અદૃશ્ય મિલકતો			
(b) બિનચાલુ રોકાણો			
(c) મુલતવી કરવેરા મિલકતો (ચોખ્ખી)			
(d) લાંબા ગાળાની લોન અને ધિરાણો			
(e) અન્ય બિનચાલુ મિલકતો			

(2) ચાલુ મિલકતો :			
(a) ચાલુ રોકાણો			
(b) માલસામગ્રી			
(c) વેપારી લેણાં			
(d) રોકડ અને રોકડ સમકક્ષ			
(e) ટૂંકા ગાળાની લોન અને ધિરાણો			
(f) અન્ય ચાલુ મિલકતો			
કુલ			

નોંધ : કંપનીના ઊભા પાકા સરવૈયામાં કુલ ચાર ખાના રાખવામાં આવેલ છે. પાકા સરવૈયાના મુખ્ય બે શીર્ષકો છે. (i)ઇક્વિટી અને જવાબદારીઓ (ii) મિલકતો. પહેલા ખાનામાં વિગતોનાં સ્વરૂપે ઇક્વિટી અને જવાબદારીઓ તેમજ મિલકતો અને તેમના પેટા શીર્ષકો દર્શાવવામાં આવે છે. બીજું ખાનું નોંધનાં સ્વરૂપે રાખવામાં આવેલ છે. દરેક શીર્ષકનાં પેટા શીર્ષકો છે. પેટા શીર્ષકોનાં પણ વિવિધ અંગો છે. તેથી તે તમામની વિગતો એક જ સ્થાને સમાવવામાં આવે તો પાકા સરવૈયાનું કદ અસામાન્ય બને છે. તેથી દરેક પેટા શીર્ષકને મુખ્ય શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે. અને પેટા શીર્ષકનાં વિવિધ અંગોની વિસ્તૃત જાણકારી આપવા જે નંબર દર્શાવેલ હોય તે નંબર પ્રમાણે **હિસાબોને લગતી નોંધો**માં દર્શાવવામાં આવે છે. તેની સમજૂતી હવે પછી આપવામાં આવેલ છે. ત્રીજા ખાનામાં ચાલુ વર્ષનાં આંકડા અને ચોથા ખાનામાં ચાલુ વર્ષ અગાઉના એટલે પાછલા વર્ષનાં આંકડાઓ દર્શાવવામાં આવે છે. જેથી અભ્યાસકર્તા નજીકના બે વર્ષની સરખામણી કરી શકે.

નફા-નુકસાનનાં પત્રકમાં પણ આ જ પ્રમાણે ખાનાઓ બનાવીને નફા-નુકસાનનું પત્રક તૈયાર કરવામાં આવે છે.

- **પાકું સરવૈયું તૈયાર કરવાની સામાન્ય સૂચનાઓ :**

(1) કોઈ પણ મિલકતને ચાલુ મિલકત ત્યારે કહેવામાં આવશે જ્યારે તે નીચેની શરતોમાંથી કોઈ પણ એક શરતનું પાલન કરે.

(a) જ્યારે તે કંપનીના સામાન્ય કામગીરી ચક્ર દરમિયાન રોકડમાં રૂપાંતર થવા પાત્ર હોય કે વેચાણનો ઇરાદો હોય કે વપરાશ થવા પાત્ર હોય. (b) વેપાર કરવાના હેતુથી પ્રાથમિક રીતે ધારણ કરવામાં આવેલ હોય. (c) અહેવાલની તારીખ પછીના 12માસની અંદર રોકડમાં રૂપાંતર થવા અપેક્ષિત હોય.

રોકડનું કાચા માલમાં રૂપાંતર, કાચા માલનું તૈયાર માલમાં રૂપાંતર, તૈયાર માલનું દેવાદારોમાં રૂપાંતર અને છેલ્લે દેવાદારોનું રોકડમાં રૂપાંતરની પ્રક્રિયાને કામગીરી ચક્ર કહેવામાં આવે છે.

ચાલુ મિલકતો સિવાયની અન્ય મિલકતોને બિનચાલુ મિલકતો તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

(2) કોઈ પણ જવાબદારીને ચાલુ જવાબદારી કહેવામાં આવશે. જો તે નીચેની શરતોમાંથી કોઈ પણ એક શરતનું પાલન કરે.

(a) કંપનીના સામાન્ય કામગીરીચક્ર સમય દરમિયાન તેની ચૂકવણી અપેક્ષિત હોય. (b) વેપાર કરવાના હેતુથી ધારણ કરવામાં આવેલ હોય અને (c) અહેવાલની તારીખ પછીના 12 માસ સુધીના સમય દરમિયાન ચૂકવવાપાત્ર હોય.

ચાલુ જવાબદારી સિવાયની અન્ય જવાબદારીઓને બિનચાલુ જવાબદારી તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

(3) ધંધાના સામાન્ય સમય દરમિયાન વેચેલ માલ કે આપેલ સેવાના સંદર્ભમાં મળવાપાત્ર રકમને 'વેપારી લેણાં' તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

(4) ધંધાના સામાન્ય સમય દરમિયાન ખરીદેલ માલ કે સેવાના સંદર્ભમાં ચૂકવવાપાત્ર રકમને 'વેપારી દેવાં' તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

(5) કંપનીએ નીચે મુજબની બાબતો હિસાબી નોંધોના સ્વરૂપમાં રજૂ કરવી જરૂરી છે.

(I) ઇક્વિટી અને જવાબદારીઓ :

(1) શૅરહોલ્ડર્સના ભંડોળો

(A) શૅરમૂડી :

દરેક પ્રકારની શૅરમૂડી માટે (જુદા જુદા પ્રકારના પ્રેફરન્સ શૅરને જુદી રીતે નોંધવામાં આવશે.)

(a) સત્તાવાર શૅરની સંખ્યા અને તેની રકમ

(b) બહાર પાડેલ, ભરપાઈ થયેલ અને સંપૂર્ણપણે ચૂકતે થયેલ અને ભરપાઈ થયેલ પરંતુ સંપૂર્ણપણે ચૂકતે ન થયેલ

(c) શૅર દીઠ મૂળકિંમત
(d) અહેવાલના સમયની શરૂઆતથી અંત સુધીમાં શૅરની સંખ્યામાં થયેલ ફેરફારની મેળવણી
(e) હક્કના શૅર, પ્રેફરન્સ શૅર અને દરેક વર્ગના શૅર પર કોઈ અંકુશ તેમજ ડિવિડન્ડ અને મૂડી પરત કરવાના અંકુશ અંગે રજૂઆત
(f) કંપનીના 5 %થી વધારે શૅર ધારણ કરનાર દરેક શૅરહોલ્ડરની યાદી
(g) કોઈ જામનગીરી જેનું ઇક્વિટી શૅર કે પ્રેફરન્સ શૅરમાં રૂપાંતર થવા પાત્ર હોય તો તેની રૂપાંતર થવાના તારીખનાં ક્રમમાં માહિતી
(h) બાકી હપતા
(i) જપ્ત થયેલ શૅરની વસુલ આવેલ રકમ

(B) અનામતો અને વધારો :

(i) અનામતો અને વધારાનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવશે :
(a) મૂડી અનામત
(b) મૂડી પરત અનામત
(c) જામીનગીરી પ્રીમિયમ અનામત
(d) ડિબેન્ચર પરત અનામત
(e) પુનઃમૂલ્યાંકન અનામત
(f) શૅર વિકલ્પ બાકી ખાતું
(g) અન્ય અનામતો જેવી કે ડિવિડન્ડ સમતુલા ભંડોળ, રોકાણ અનામત
(h) નફા-નુકસાનના પત્રકનો વધારો અને તેમાંથી ડિવિડન્ડ, બૉનસ શૅર અને અનામતો ખાતે કરેલ ફાળવણી

(ii) જે અનામતોનું રોકાણ કરેલ હોય તેને 'ભંડોળ' તરીકે દર્શાવવામાં આવશે. દા.ત., અનામત ભંડોળ, ડિબેન્ચર પરત ભંડોળ

(iii) નફા-નુકસાનના પત્રકની ઉધાર બાકી (ચોખ્ખી ખોટ), 'વધારા'ના શીર્ષક હેઠળ ઋણ રકમ તરીકે દર્શાવવામાં આવશે. તે જ રીતે આ ઋણ રકમ 'અનામત અને વધારા'ના શીર્ષક હેઠળ બાદ કરીને 'અનામત અને વધારા'ની ચોખ્ખી રકમ, તે ઋણ થતી હોય તોપણ અનામત અને વધારા તરીકે જ દર્શાવવામાં આવશે.

(C) શૅરવોરંટ સામે મળેલ રકમ :

(2) મંજૂરી બાકી હોય તેવી શૅરઅરજીની મળેલ રકમ :

(3) બિનચાલુ જવાબદારીઓ :

(a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં :

(i) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાંનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવશે :
(a) બોન્ડ / ડિબેન્ચર
(b) મુદતી લોન (A) બૅન્કમાંથી (B) અન્ય પક્ષો પાસેથી
(c) મુલતવી ચૂકવણીની જવાબદારીઓ
(d) થાપણો
(e) સંબંધિત પક્ષો પાસેથી લીધેલ લોન અને ધિરાણો
(f) નાણાકીય ભાડાપટ્ટાની લાંબા ગાળાની જવાબદારીઓ
(g) અન્ય લોન અને ધિરાણો

(ii) ઉછીનાં નાણાં તારણવાળાં અને તારણ વગરનાં એમ પેટા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવશે. દરેક કિસ્સામાં તારણનું સ્વરૂપ આપવામાં આવશે.

(iii) કંપનીના ડિરેક્ટર્સ દ્વારા બાંયધરી આપવામાં આવેલ હોય તેવી લોન અને ધિરાણ અને તેની કુલ રકમ

(iv) વ્યાજનો દર અને પરત કરવાની વિગતો સહિત બોન્ડ અને ડિબેન્ચર તેની તારીખનાં ઊતરતા ક્રમમાં

(v) મુદતી લોન ચૂકવણીની શરતો

(vi) પાકા સરવૈયાની તારીખે લોનની તેમજ વ્યાજની ચૂકવણી ન કરેલ હોય તેની વિગત

(b) મુલતવી કરવેરા જવાબદારીઓ :

(c) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ :

અન્ય લાંબા ગાળાની જવાબદારીઓને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) વેપારી દેવાં

(b) અન્ય દા.ત., પ્રોવિડન્ટ ફંડ, પેન્શન ફંડ, ગ્રેજ્યુઇટી ફંડ

(d) લાંબા ગાળાની જોગવાઈઓ :

(4) ચાલુ જવાબદારીઓ :

(a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં :

(i) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાંને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) માંગ પર ચૂકવવાપાત્ર લોન

(A) બૅન્કો પાસેથી (B) અન્ય પક્ષો પાસેથી

(b) સંબંધિત પક્ષકારો પાસેથી લોન અને ધિરાણો

(c) થાપણો

(d) અન્ય લોન અને ધિરાણો

(ii) ઉછીનાં નાણાંને તારણવાળાં અને તારણ વગરનાં એમ પેટા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવશે. દરેક કિસ્સામાં તારણમાં આપેલ જામીનગીરીનું સ્વરૂપ સ્પષ્ટ કરવું.

(iii) કંપનીના ડિરેક્ટર્સ દ્વારા બાંયધરી આપવામાં આવેલ હોય તેવી લોન અને ધિરાણ અને તેની કુલ રકમ

(iv) પાકા સરવૈયાની તારીખે લોનની તેમજ વ્યાજની ચૂકવણી ન કરેલ હોય તેની વિગત

(b) વેપારી દેવા :

(c) અન્ય ચાલુ જવાબદારીઓ :

અન્ય ચાલુ જવાબદારીઓને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) લાંબા ગાળાનાં દેવાં જે આવતા વર્ષે ચૂકવવાપાત્ર

(b) નાણાકીય ભાડાપટ્ટો, જે આવતા વર્ષે ચૂકવવાપાત્ર

(c) ઉછીનાં લીધેલ નાણાં પર ચઢેલ પરંતુ ચૂકવવા પાત્ર નહિ થયેલ વ્યાજ

(d) ઉછીનાં લીધેલ નાણાં પર ચૂકવવાપાત્ર થયેલ વ્યાજ

(e) અગાઉથી મળેલ આવક

(f) નહિ ચૂકવેલ ડિવિડન્ડ

(g) જામીનગીરીની મંજૂરી માટે મળેલ અરજીની રકમ જે પરત કરવાપાત્ર હોય અને તેના પર ચઢેલ વ્યાજ

(h) નહિ ચૂકવેલ પાકેલ થાપણો અને તેના પર ચઢેલું વ્યાજ

(i) નહિ ચૂકવેલ પાકેલ ડિબેન્ચર્સ અને તેના પર ચઢેલું વ્યાજ

(j) અન્ય ચૂકવવાપાત્ર દેવાં

(k) અન્ય દા.ત., અગાઉથી મળેલ હપતા

(d) ટૂંકા ગાળાની જોગવાઈઓ :

ટૂંકા ગાળાની જોગવાઈઓને નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) કર્મચારી લાભ માટે જોગવાઈ

(b) અન્ય જોગવાઈઓ જેવી કે કરવેરાની જોગવાઈ, સૂચિત ડિવિડન્ડ, શકમંદ લેણાં જોગવાઈ વગેરે.

(II) મિલકતો :

(1) બિનચાલુ મિલકતો :

(a) સ્થિર મિલકતો :

(i) દશ્ય મિલકતો :

દશ્ય મિલકતો નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(i) (a) જમીન (b) મકાન (c) પ્લાન્ટ અને યંત્રો

(d) ફર્નિચર અને ફિક્શ્ચર્સ (e) વાહનો (f) ઑફિસનાં સાધનો

(g) અન્ય

(ii) ભાડાપટ્ટાની મિલકતો

(ii) અદૃશ્ય મિલકતો :

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) પાઘડી

(b) બ્રાન્ડ / ટ્રેડમાર્ક

(c) કમ્પ્યૂટરના સૉફ્ટવેર

(d) પ્રકાશનના હક્કો

(e) ખાણના હક્કો

(f) કૉપીરાઇટ અને પેટન્ટ

(g) ટેક્નિકલ જાણકારી, બનાવવાની રીત

(h) લાયસન્સ અને ફ્રેન્ચાઇઝ

(i) અન્ય

(iii) અર્ધતૈયાર મૂડી મિલકતો :

(iv) વિકસીત અદૃશ્ય મિલકતો :

(b) બિનચાલુ રોકાણો :

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) મિલકતોમાં રોકાણો

(b) ઇક્વિટી જામીનગીરીમાં રોકાણો

(c) પ્રેફરન્સ શૅરમાં રોકાણો

(d) સરકારી અને ટ્રસ્ટ જામીનગીરીઓમાં રોકાણ

(e) ડિબેન્ચર અને બૉન્ડમાં રોકાણ

(f) મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો

(g) ભાગીદારી પેઢીમાં રોકાણ

(h) અન્ય બિનચાલુ રોકાણો

(c) મુલતવી કરવેરા મિલકતો :

(d) લાંબા ગાળાની લોન અને ધિરાણો :

(i) નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) મૂડી ધિરાણો

(b) સંબંધિત પક્ષોને લોન અને ધિરાણો

(c) અન્ય લોન અને ધિરાણો

(ii) ઉપરના લોન અને ધિરાણોને નીચે મુજબના પેટા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવશે :

(a) તારણવાળાં

(b) તારણ વગરનાં

(c) શંકાસ્પદ

(e) અન્ય બિનચાલુ મિલકતો :

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) લાંબા ગાળાનાં વેપારી લેણાં

(b) અન્ય

(2) ચાલુ મિલકતો :

(a) ચાલુ રોકાણો :

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) ઇક્વિટી સાધનોમાં રોકાણ

(b) પ્રેફરન્સ શૅરમાં રોકાણ

(c) સરકારી અને ટ્રસ્ટ જામીનગીરીઓમાં રોકાણો

(d) ડિબેન્ચર અને બૉન્ડમાં રોકાણ

(e) મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ

(f) ભાગીદારી પેઢીમાં રોકાણ

(g) અન્ય રોકાણો દા.ત., ટૂંકા ગાળાનાં રોકાણો

(b) માલસામગ્રી :

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) કાચો માલ

(b) અર્ધતૈયાર માલ

(c) તૈયાર માલ

(d) વેચાણ માટે માલ

(e) સ્ટોર્સ અને સ્પેર્સ

(f) છૂટા ભાગો

(g) અન્ય દા.ત., માર્ગસ્થ માલ

(c) વેપારી લેણાં :

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) દેવાદારો

(b) લેણીહૂંડી

(d) રોકડ અને રોકડ સમકક્ષ :

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) બૅન્કોમાં સિલક

(b) હાથ પર ચેક અને ડ્રાફ્ટ

(c) રોકડ હાથ પર

(d) અન્ય

(e) ટૂંકા ગાળાની લોન અને ધિરાણો :

12 માસથી ઓછા સમય માટે આપેલ લોન કે કરેલ ધિરાણનો સમાવેશ ટૂંકા ગાળાની લોન અને ધિરાણમાં કરવામાં આવશે.

(f) અન્ય ચાલુ મિલકતો :

અન્ય ચાલુ મિલકતોમાં અગાઉથી ચૂકવેલ ખર્ચા, મળવાની બાકી આવક, અગાઉથી ચૂકવેલ કરવેરા તેમજ પાકા સરવૈયાની તારીખ પછીના 12 માસ દરમિયાન માંડી વાળવાના પ્રસારિત મહેસૂલી ખર્ચા કે અવાસ્તવિક મિલકતોનો સમાવેશ કરવામાં આવશે.

- **સંશયિત જવાબદારીઓ (જેની જોગવાઈ કરેલ નથી) :**

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) કંપનીએ તેની સામેના દાવાની નહિ સ્વીકારેલ જવાબદારીઓ

(b) કંપનીએ આપેલ ગેરંટી

(c) રોકાણો તરીકે ખરીદેલ શૅર પર નહિ મંગાવાયેલ હપતા

(d) પૂરા નહિ થયેલ કરારોની જવાબદારી

નોંધ : પાકું સરવૈયું તૈયાર કરવાના પ્રશ્નમાં શૅરવોરંટ સામે મળેલ રકમ, મંજૂરી બાકી હોય તેવી શૅરઅરજીની રકમ, મુલતવી કરની જવાબદારી, મુલતવી કર મિલકતો અને અર્ધતૈયાર મૂડી મિલકતો અપેક્ષિત નથી. તેથી આ બાબતો પરીક્ષામાં પૂછવામાં આવશે નહિ. કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબના નમૂનામાં આપેલ હોઈ અહીં દર્શાવેલ છે.

7. નફા-નુકસાનના પત્રકનો નમૂનો અને સામાન્ય સૂચનાઓ (Form of Profit and Loss Statement and General Instructions) :

કંપનીધારા 2013ના પરિશિષ્ટ IIIના ભાગ IIમાં નફા-નુકસાનના પત્રકનો નમૂનો આપવામાં આવેલ છે. કંપનીનું નફા-નુકસાનનું પત્રક આ નમૂના મુજબ જ તૈયાર કરવું જરૂરી છે. પરિશિષ્ટિ IIIમાં ઊભા સ્વરૂપે જ નફા-નુકસાનનું પત્રક આપેલ છે. આ સ્વરૂપ નીચે મુજબ છે :

નફા-નુકસાનનું પત્રક

કંપનીનું નામ ....

તા. ....ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાનનું પત્રક

વિગત (1)	નોંધ નંબર (2)	ચાલુ વર્ષના આંકડાઓ (₹) (3)	અગાઉના વર્ષના આંકડાઓ (₹) (4)
I કામગીરીમાંથી ઊપજ (વેચાણ)			
II અન્ય ઊપજ			
III કુલ ઊપજ (I + II)			
IV ખર્ચાઓ			
વપરાયેલ માલની પડતર			
પુનઃ વેચાણ માટેની ચોખ્ખી ખરીદી			
સ્ટૉકના ફેરફારો (અર્ધતૈયાર માલ, તૈયાર માલ અને વેપાર માટેના સ્ટૉકમાં ફેરફાર)			
કર્મચારી લાભનાં ખર્ચા			
નાણાકીય પડતર			
ઘસારો અને માંડી વાળેલ રકમો			
અન્ય ખર્ચા			
કુલ ખર્ચા			
V અપવાદરૂપ અને અસાધારણ બાબતો અને કર પહેલાંનો નફો (III – IV)			
VI અપવાદરૂપ બાબતો			
VII અસાધારણ બાબતો અને કર પહેલાંનો નફો (V – VI)			
VIII અસાધારણ બાબતો			
IX આવક વેરા પહેલાંનો નફો (VII – VIII)			
X આવક પરના વેરા :			
(a) ચાલુ કર			
(b) મુલતવી કર			

XI ચાલુ કામગીરીનો નફો (**IX – X**) **XII** બંધ કરેલ કામગીરીનો નફો (નુકસાન) **XIII** બંધ કરેલ કામગીરી પરની આવક પરનો વેરો **XIV** બંધ કરેલ કામગીરી પરની આવક બાદ નફો (નુકસાન) **XV** જે-તે સમયનો નફો (નુકસાન) (**XI – XIV**) **XVI** શૅર દીઠ કમાણી (a) મૂળભૂત (Basic) (b) મંદ (Diluted)			

- **નફા-નુકસાનનું પત્રક તૈયાર કરવાને લગતી સામાન્ય સૂચનાઓ :**

(1) આ સૂચનાઓ નફા-નુકસાનના પત્રકને તેમજ ઊપજ-ખર્ચ ખાતાને એકસરખી રીતે લાગુ પડે છે.

(2) (A) નાણાકીય કંપની સિવાયની કંપનીઓની બાબતોમાં કામગીરીમાંથી ઊપજ જુદી નોંધ દ્વારા નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) પેદાશનું વેચાણ

(b) સેવાઓનું વેચાણ

(c) અન્ય કામગીરીની ઊપજ

(B) નાણાકીય કંપનીની બાબતમાં કામગીરીમાંથી ઊપજ નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) વ્યાજની ઊપજ અને

(b) અન્ય નાણાકીય સેવાઓની ઊપજ

(3) નાણાકીય ખર્ચા :

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) વ્યાજનો ખર્ચ

(b) નાણાં ઉછીના લેવાનો અન્ય ખર્ચ

(c) વિદેશી હૂંડિયામણનાં દરનાં ફેરફારોથી ઉદ્ભવતો નફો કે નુકસાન

(4) અન્ય આવકો :

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) વ્યાજની આવક

(b) ડિવિડન્ડની આવક

(c) રોકાણોના વેચાણનો ચોખ્ખો લાભ કે નુકસાન

(d) અન્ય બિનકામગીરી આવક દા.ત., ઘાલખાધ પરત

(5) કર્મચારી લાભનાં ખર્ચ :

નીચે મુજબ વર્ગીકૃત કરવામાં આવશે :

(a) પગાર અને મજૂરી

(b) પ્રોવિડન્ટ ફંડમાં ફાળો

(c) કર્મચારી સ્ટૉક ઓપ્શન સ્કીમનો ખર્ચ

(d) સ્ટાફ કલ્યાણ ખર્ચ

(6) નાણાકીય પડતર :

લોન, ડિબેન્ચર, જાહેર થાપણ, બોન્ડ અને બૅન્ક ઑવરડ્રાફ્ટ પર ચૂકવેલ વ્યાજ તેમજ ચૂકવવાનું બાકી વ્યાજ નાણાકીય પડતરના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

(7) ઘસારો અને માંડી વાળેલ ખર્ચા :

ચાલુ વર્ષનો કાયમી મિલકતો પર ઘસારો, માંડી વાળેલ અદૃશ્ય મિલકતો, માંડી વાળેલ ભાડાપટ્ટે રાખેલ મિલકતો તેમજ વર્ષ દરમિયાન માંડી વાળેલ અવાસ્તવિક મિલકતો જેવી કે સંશોધન અને વિકાસ ખર્ચા, જાહેરાત ઝુંબેશ ખર્ચ, ડિબેન્ચર પર વટાવ વગેરે, આ શીર્ષક હેઠળ દર્શાવવામાં આવશે.

(8) અન્ય ખર્ચા :

ઑફિસ અને વહીવટી ખર્ચા, વેચાણ-વિતરણ ખર્ચા, ઑડિટ ફી, ઘાલખાધ, ચાલુ વર્ષની ઘાલખાધ અનામતની જોગવાઈ, મિલકત વેચાણનું નુકસાન, બૅન્કચાર્જિસ અને કમિશન, અન્ય ખર્ચા વગેરે, આ શીર્ષક હેઠળ દર્શાવવામાં આવશે.

નોંધ : નફા-નુકસાનનું પત્રક તૈયાર કરવાના પ્રશ્નમાં અપવાદરૂપ બાબતો, અસાધારણ બાબતો, મુલતવી કર, ચાલુ કામગીરી અને બંધ કામગીરીનો નફો કે નુકસાન, ચાલુ અને બંધ કામગીરીની આવક પર કર તેમજ શૅર દીઠ કમાણી અપેક્ષિત નથી તેથી આ બાબતો પરીક્ષામાં અપેક્ષિત નથી. આ બાબતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ IIIના નમૂનામાં આપેલ હોઈ અહીં દર્શાવેલ છે.

કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ આપેલ પાકા સરવૈયા અને નફા-નુકસાનના પત્રકના નમૂના ફક્ત સમજૂતી માટે આપેલ છે. પરીક્ષાના હેતુસર નીચે મુજબ આપેલ પાકા સરવૈયા અને નફા-નુકસાનનું પત્રક તેમજ તેનાં જુદાં જુદાં શીર્ષકો હેઠળ દર્શાવાતી બાબતો ધ્યાનમાં લેવી.

પાકું સરવૈયું

કંપનીનું નામ

તા. ....ના રોજનું પાકું સરવૈયું

વિગત	નોંધ નં.	તા. ..... ના રોજ (₹)
I ઈક્વિટી અને જવાબદારીઓ :		
(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :		
(a) શૅરમૂડી	1	
(b) અનામત અને વધારો	2	
(2) બિનચાલુ જવાબદારીઓ :		
(a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં	3	
(b) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ	4	
(c) લાંબા ગાળાની જોગવાઈઓ	5	
(3) ચાલુ જવાબદારીઓ :		
(a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં	6	
(b) વેપારી દેવાં	7	
(c) અન્ય ચાલુ જવાબદારીઓ	8	
(d) ટૂંકા ગાળાની જોગવાઈઓ	9	
કુલ		

II મિલકતો :		
(1) બિનચાલુ મિલકતો :		
(a) કાયમી મિલકતો		
(i) દૃશ્ય મિલકતો	10	
(ii) અદૃશ્ય મિલકતો	11	
(b) બિનચાલુ રોકાણો	12	
(c) લાંબા ગાળાની લોન અને ધિરાણો	13	
(d) અન્ય બિનચાલુ મિલકતો	14	
(2) ચાલુ મિલકતો :		
(a) ચાલુ રોકાણો	15	
(b) માલસામગ્રી	16	
(c) વેપારી લેણાં	17	
(d) રોકડ અને રોકડ સમકક્ષ	18	
(e) ટૂંકા ગાળાની લોન અને ધિરાણ	19	
(f) અન્ય ચાલુ મિલકતો	20	
કુલ		

પાકા સરવૈયાનાં શીર્ષકો અને પેટાશીર્ષકો હેઠળ નીચે મુજબની વિગતોનો હિસાબી નોંધો તરીકે અભ્યાસ અપેક્ષિત છે :

1. શૅરમૂડી :		
સત્તાવાર શૅરમૂડી :		
.... ઈક્વિટી શૅર દરેક ₹ ....નો તેવા		✓
.... પ્રેફરન્સ શૅર દરેક ₹ ....નો તેવા		✓
બહાર પાડેલ શૅરમૂડી :		
.... ઈક્વિટી શૅર દરેક ₹ ....નો તેવા		✓
.... પ્રેફરન્સ શૅર દરેક ₹ ....નો તેવા		✓
ભરપાઈ થયેલ અને વસૂલ આવેલ શૅરમૂડી :		
(i) ભરપાઈ થયેલ અને સંપૂર્ણ વસૂલ આવેલ શૅરમૂડી		
.... ઈક્વિટી શૅર દરેક ₹ ....નો તેવા		✓
.... પ્રેફરન્સ શૅર દરેક ₹ ....નો તેવા		✓
(ii) ભરપાઈ થયેલ પરંતુ સંપૂર્ણ વસૂલ નહિ આવેલ શૅરમૂડી		
.... ઈક્વિટી શૅર દરેક ₹ ....નો તેવા,		
શૅર દીઠ ₹ .... મંગાવેલ	✓	
બાદ : બાકી હપતા	✓	✓
.... પ્રેફરન્સ શૅર દરેક ₹ ....નો તેવા,		
શૅર દીઠ ₹ .... મંગાવેલ	✓	
બાદ : બાકી હપતા	✓	✓
(iii) શૅરજપ્તી ખાતું		✓
		✓✓✓

2.	**અનામત અને વધારો :**		
	વધારો : નફા-નુકસાનના પત્રક મુજબ	✓	✓
	બાદ : નફાની ફાળવણી		
	સામાન્ય અનામત ખાતે	✓	
	સૂચિત ડિવિડન્ડ ખાતે	✓	✓
	જામીનગીરી પ્રીમિયમ અનામત		✓
	સામાન્ય અનામત	✓	
	+ વધારો (ફાળવણી)	✓	✓
	મૂડી અનામત		✓
	ડિબેન્ચર પરત અનામત		✓
	ડિવિડન્ડ સમતુલા ભંડોળ		✓
	અનામત ભંડોળ		✓
	કામદાર અકસ્માત વળતર ભંડોળ		✓
	રોકાણ વધઘટ અનામત		✓
	નફા-નુકસાન પત્રકની ખોટ		(✓)
			✓
3.	**લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં :**		
	ડિબેન્ચર		✓
	લાંબા ગાળાની લોન કે મુદતી લોન		✓
	બોન્ડ		✓
	જાહેર થાપણ		✓
			✓
4.	**અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ :**		
	ડિબેન્ચર પરત પ્રીમિયમ		✓
	પ્રેફરન્સ શૅર પરત પ્રીમિયમ		✓
			✓
5.	**લાંબા ગાળાની જોગવાઈઓ :**		
	પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઇટી ફંડ		✓
	પેન્શન ફંડ		✓
	કામદાર નફા ભાગ ભંડોળ		✓
	કામદાર બચત ખાતાં		✓
			✓
6.	**ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં :**		
	ટૂંકા ગાળાની લોન (12 માસથી ઓછા સમય માટે)		✓
	બૅન્ક ઑવરડ્રાફ્ટ, કેશ ક્રેડિટ		✓
			✓

7.	**વેપારી દેવાં :**	
	લેણદારો	✓
	દેવીહૂંડી	✓
		✓
8.	**અન્ય ચાલુ જવાબદારીઓ :**	
	ખર્ચા ચૂકવવાના બાકી, અગાઉથી મળેલ આવક	✓
	નહિ મંગાયેલ ડિવિડન્ડ	✓
	આવતા 12 માસ દરમિયાન પરત કરવાપાત્ર ડિબેન્ચર તથા તેનું પરત પ્રીમિયમ	✓
	અગાઉથી મળેલ શૅર હપ્તા, ગ્રાહકો પાસેથી મળેલ એડવાન્સ રકમ,	
	ડિબેન્ચર પર ચૂકવવાનું બાકી વ્યાજ	✓
		✓
9.	**ટૂંકા ગાળાની જોગવાઈઓ**	
	કરવેરાની જોગવાઈ	✓
	સૂચિત ડિવિડન્ડ	✓
		✓
II	**મિલકતો :**	
10.	**કાયમી મિલકતો : દૃશ્ય :**	
	જમીન-મકાન	✓
	પ્લાન્ટ-યંત્રો	✓
	ફર્નિચર અને ફિક્ષ્ચર્સ	✓
	વાહનો	✓
	સાધન સરંજામ	✓
	ભાડાપટ્ટે (મિલકત)	✓
		✓
11.	**કાયમી મિલકતો : અદૃશ્ય :**	
	પાઘડી	✓
	પેટન્ટ	✓
	ટ્રેડમાર્ક	✓
	કૉપીરાઇટ	✓
	લાયસન્સ	✓
	સૉફ્ટવેર	✓
	ફ્રેન્ચાઇઝી	✓
		✓

12. બિનચાલુ રોકાણો :	
પ્રોવિડન્ટ ફંડનાં રોકાણો	✓
ડિબેન્ચર પરતનિધિનાં રોકાણો	✓
ગૌણ કંપનીના શૅર	✓
અન્ય કંપનીના શૅર કે ડિબેન્ચર (12 માસથી વધુ સમય માટે)	✓
બૅન્કમાં બાંધી મુદતની થાપણ (12 માસથી વધુ સમય માટે)	✓
સરકારી જામીનગીરીઓ (12 માસથી વધુ સમય માટે)	✓
મ્યુચ્યુઅલ ફંડના યુનિટ (12 માસથી વધુ સમય માટે)	✓
	✓
13. લાંબા ગાળાની લોન અને ધિરાણો :	
કર્મચારીઓને લોન (12 માસથી વધુ સમય માટે)	✓
કસ્ટમ ડિપોઝિટ	✓
ટેલિફોન ડિપોઝિટ	✓
ઈલેક્ટ્રિસિટી ડિપોઝિટ	✓
	✓
14. અન્ય બિનચાલુ મિલકતો :	
ડિબેન્ચર વટાવ (આવતા 12 માસ બાદ માંડી વાળવાપાત્ર)	✓
જાહેરાત ઝુંબેશ ખર્ચ (આવતા 12 માસ બાદ માંડી વાળવાપાત્ર)	✓
સંશોધન અને વિકાસ ખર્ચ (આવતા 12 માસ બાદ માંડી વાળવાપાત્ર)	✓
	✓
15. ચાલુ રોકાણો :	
અન્ય કંપનીના શૅર કે ડિબેન્ચર (12 માસથી ઓછા સમય માટે)	✓
વેચાણપાત્ર જામીનગીરીઓ	✓
સરકારી જામીનગીરીઓ (12 માસથી ઓછા સમય માટે)	✓
મ્યુચ્યુઅલ ફંડના યુનિટ (12 માસથી ઓછા સમય માટે)	✓
	✓
16. માલસામગ્રી :	
કાચા માલનો સ્ટૉક	✓
અર્ધતૈયાર માલનો સ્ટૉક	✓
તૈયાર માલનો સ્ટૉક	✓
વેપાર માટેનો સ્ટૉક	✓
છૂટા ભાગો	✓
છૂટાં ઓજારો	✓
વપરાશી સ્ટોર્સ	✓
માર્ગસ્થ માલ	✓
	✓

17. વેપારી લેણાં :	
દેવાદારો	✓
લેણીહૂંડી	✓
	✓
18. રોકડ અને રોકડ સમકક્ષ :	
રોકડ હાથ પર	✓
બૅન્કસિલક	✓
ચેક અને ડ્રાફ્ટ્સ હાથ પર	✓
	✓
19. ટૂંકા ગાળાની લોન ધિરાણ :	
12 માસથી ઓછા સમય માટે આપેલ લોન	✓
વેપારીને આપેલ એડવાન્સ (12 માસથી ઓછા સમય માટે)	✓
	✓
20. અન્ય ચાલુ મિલકત :	
અગાઉથી ચૂકવેલ ખર્ચા	✓
મળવાની બાકી આવક	✓
આવતા 12 માસ દરમિયાન માંડી વાળવાના જાહેરાત ઝુંબેશ ખર્ચ	✓
આવતા 12 માસ દરમિયાન માંડી વાળવાનો ડિબેન્ચર વટાવ	✓
આવતા 12 માસ દરમિયાન માંડી વાળવાના સંશોધન અને વિકાસ ખર્ચ	✓
	✓

પરીક્ષાના હેતુસર નફા-નુકસાનનું પત્રક નીચે મુજબની વિગતો સમાવી તૈયાર કરવું :

કંપનીનું નામ ....

તા. ....ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાનનું પત્રક

	વિગત	નોંધ નં.	તા. ..... ના રોજ (₹)
I	કામગીરીમાંથી ઊપજ (વેચાણ)	1	
II	અન્ય ઊપજ	2	
III	કુલ ઊપજ (I + II)		
IV	ખર્ચાઓ		
	ખરીદી	3	
	સ્ટૉકમાં ફેરફાર	4	
	પ્રત્યક્ષ ખર્ચા	5	
	કર્મચારી લાભનાં ખર્ચા	6	
	નાણાકીય પડતર	7	

ઘસારો અને માંડી વાળેલ રકમો	8	
અન્ય ખર્ચા	9	
કુલ ખર્ચા		
V આવકવેરા પહેલાંનો નફો (III – IV)		
VI આવકવેરાની જોગવાઈ		
VII આવકવેરા બાદ નફો (V – VI)		

નફા-નુકસાનના પત્રકમાં આવક અને ખર્ચની નીચે મુજબની વિગતો પરીક્ષાના સંદર્ભમાં ધ્યાનમાં લેવી :

વિગત	(₹)
(1) કામગીરીમાંથી ઊપજ :	
વેચાણ	✓
બાદ : વેચાણપરત	✓
	✓
(2) અન્ય ઊપજ :	
મળેલ વ્યાજ અને ડિવિડન્ડ	✓
ઘાલખાધ પરત	✓
મિલકત વેચાણનો નફો	✓
	✓
(3) ચોખ્ખી ખરીદી :	
કુલ ખરીદી	✓
બાદ : ખરીદપરત	✓
	✓
(4) સ્ટૉકમાં ફેરફાર :	
શરૂઆતનો સ્ટૉક	✓
બાદ : આખરનો સ્ટૉક	✓
	✓
(5) પ્રત્યક્ષ ખર્ચા :	
મજૂરી	✓
આવકમાલ ગાડાભાડું, નૂર	✓
	✓
(6) કર્મચારી લાભના ખર્ચા :	
પગાર	✓
બૉનસ, કમિશન	✓
પ્રોવિડન્ટ ફંડમાં ફાળો	✓
	✓
(7) નાણાકીય પડતર :	
બોન્ડ કે ડિબેન્ચરનું વ્યાજ	✓
જાહેર થાપણ કે લોન પર વ્યાજ	✓
બૅન્ક ઑવરડ્રાફ્ટનું વ્યાજ	✓
ટૂંકા ગાળાની લોન પર વ્યાજ	✓
	✓

(8) ઘસારો અને માંડી વાળેલ ખર્ચા :	
કાયમી મિલકતો પર ઘસારો	✓
માંડી વાળેલ પાઘડી, પેટન્ટ, ટ્રેડમાર્ક વગેરે અદૃશ્ય મિલકતો	✓
માંડી વાળેલ ડિબેન્ચર વટાવ	✓
માંડી વાળેલ જાહેરાત ઝુંબેશ ખર્ચ	✓
માંડી વાળેલ સંશોધન અને વિકાસ ખર્ચ	✓
	✓
(9) અન્ય ખર્ચા :	
તાર, ટપાલ, સ્ટેશનરી	✓
ભાડું	✓
ઑડિટ ફી	✓
ઑફિસ અને વહીવટી ખર્ચ	✓
વેચાણ ખર્ચા	✓
માંડી વાળેલ ઘાલખાધ	✓
	✓

ઉદાહરણ 1 : નીચેની વિગતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો.

(1) ઈક્વિટી શૅરમૂડી
(2) બાકી હપતા
(3) શૅરજપ્તી ખાતું
(4) અગાઉથી મળેલ હપતા
(5) જામીનગીરી પ્રીમિયમ
(6) સામાન્ય અનામત
(7) ડિબેન્ચર
(8) લેણદારો
(9) નફા-નુકસાનના પત્રકની ખોટ
(10) જાહેર થાપણ

જવાબ :

વિગત	પાકા સરવૈયાનું શીર્ષક	મુખ્ય શીર્ષક	પેટા શીર્ષક
(1) ઈક્વિટી શૅરમૂડી	ઈક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સના ભંડોળો	શૅરમૂડી
(2) બાકી હપતા	ઈક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સના ભંડોળો	શૅરમૂડીમાંથી બાદ
(3) શૅરજપ્તી ખાતું	ઈક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સના ભંડોળો	શૅરમૂડી
(4) અગાઉથી મળેલ હપતા	ઈક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	અન્ય ચાલુ જવાબદારી
(5) જામીનગીરી પ્રીમિયમ	ઈક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સનાં ભંડોળો	અનામત અને વધારો
(6) સામાન્ય અનામત	ઈક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સનાં ભંડોળો	અનામત અને વધારો
(7) ડિબેન્ચર	ઈક્વિટી અને જવાબદારીઓ	બિનચાલુ જવાબદારીઓ	લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં
(8) લેણદારો	ઈક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	વેપારી દેવાં
(9) નફા-નુકસાનના પત્રકની ખોટ	ઈક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સનાં ભંડોળો	અનામત અને વધારો (અનામતોની બાકીઓના સરવાળામાંથી બાદ)
(10) જાહેર થાપણ	ઈક્વિટી અને જવાબદારીઓ	બિનચાલુ જવાબદારીઓ	લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં

ઉદાહરણ 2 : નીચેની વિગતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો.

(1) સૂચિત ડિવિડન્ડ
(2) નહિ મંગાવેલ ડિવિડન્ડ
(3) બૉન્ડ
(4) દેવીહૂંડી
(5) ડિબેન્ચર પરત અનામત
(6) મુદતી લોન
(7) અનામત ભંડોળ
(8) ગ્રાહકો પાસેથી મળેલ એડવાન્સ
(9) ડિબેન્ચર પર ચૂકવવાનું બાકી વ્યાજ
(10) બૅન્ક ઑવરડ્રાફ્ટ

જવાબ :

વિગત	પાકા સરવૈયાનું શીર્ષક	મુખ્ય શીર્ષક	પેટા શીર્ષક
(1) સૂચિત ડિવિડન્ડ	ઇક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	ટૂંકા ગાળાની જોગવાઈઓ
(2) નહિ મંગાવેલ ડિવિડન્ડ	ઇક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	અન્ય ચાલુ જવાબદારી
(3) બૉન્ડ	ઇક્વિટી અને જવાબદારીઓ	બિનચાલુ જવાબદારી	લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં
(4) દેવીહૂંડી	ઇક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	વેપારી દેવાં
(5) ડિબેન્ચર પરત અનામત	ઇક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સનાં ભંડોળો	અનામત-વધારો
(6) મુદતી લોન	ઇક્વિટી અને જવાબદારીઓ	બિનચાલુ જવાબદારી	લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં
(7) અનામત ભંડોળ	ઇક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સનાં ભંડોળો	અનામત-વધારો
(8) ગ્રાહકો પાસેથી મળેલ એડવાન્સ	ઇક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	અન્ય ચાલુ જવાબદારીઓ
(9) ડિબેન્ચર પર ચૂકવવાનું બાકી વ્યાજ	ઇક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	અન્ય ચાલુ જવાબદારીઓ
(10) બૅન્ક ઑવરડ્રાફ્ટ	ઇક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં

ઉદાહરણ 3 : નીચેની વિગતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો.

(1) આવતા વર્ષે પરત થવાપાત્ર ડિબેન્ચર
(2) બૅન્ક પાસેથી કેશ ક્રેડિટ
(3) કરવેરાની જોગવાઈ
(4) અગાઉથી મળેલ ભાડું
(5) ટૂંકા ગાળાની લોન (જમા બાકી)
(6) ગ્રેજ્યુઇટી માટે જોગવાઈ
(7) કામદાર અકસ્માત વળતર ભંડોળ
(8) પ્રેફરન્સ શૅરમૂડી
(9) સામાન્ય અનામત
(10) આવતા વર્ષે પરત થવાપાત્ર ડિબેન્ચર્સનું પરત પ્રીમિયમ
(11) અગાઉથી મળેલ શૅર હપતા

જવાબ :

વિગત	પાકા સરવૈયાનું શીર્ષક	મુખ્ય શીર્ષક	પેટા શીર્ષક
(1) આવતા વર્ષે પરત થવાપાત્ર ડિબેન્ચર	ઇક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	અન્ય ચાલુ જવાબદારી
(2) બૅન્ક પાસેથી કેશ ક્રેડિટ	ઇક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં
(3) કરવેરાની જોગવાઈ	ઇક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	ટૂંકા ગાળાની જોગવાઈ

વિગત	પાકા સરવૈયાનું શીર્ષક	મુખ્ય શીર્ષક	પેટા શીર્ષક
(4) અગાઉથી મળેલ ભાડું	ઈક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	અન્ય ચાલુ જવાબદારી
(5) ટૂંકા ગાળાની લોન (જમા બાકી)	ઈક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારી	ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં
(6) ગ્રેજ્યુઈટી માટે જોગવાઈ	ઈક્વિટી અને જવાબદારીઓ	બિનચાલુ જવાબદારી	લાંબા ગાળાંની જોગવાઈઓ
(7) કામદાર અકસ્માત વળતર ભંડોળ	ઈક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સના ભંડોળો	અનામત-વધારો
(8) પ્રેફરન્સ શૅરમૂડી	ઈક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સનાં ભંડોળો	શૅરમૂડી
(9) સામાન્ય અનામત	ઈક્વિટી અને જવાબદારીઓ	શૅરહોલ્ડર્સનાં ભંડોળો	અનામત-વધારો
(10) આવતા વર્ષે પરત થવાપાત્ર ડિબેન્ચર્સનું પરત પ્રીમિયમ	ઈક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારીઓ	અન્ય ચાલુ જવાબદારી
(11) અગાઉથી મળેલ શૅર હપતા	ઈક્વિટી અને જવાબદારીઓ	ચાલુ જવાબદારીઓ	અન્ય ચાલુ જવાબદારી

ઉદાહરણ 4 : નીચે આપેલ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના પાકા સરવૈયાની ઈક્વિટી અને જવાબદારી દર્શાવતું પત્રક તૈયાર કરો :

વેપારી દેવાં	₹ 30,000	શૅરમૂડી	₹ 2,00,000
લાંબા ગાળાની જોગવાઈઓ	₹ 60,000	ટૂંકા ગાળાની જોગવાઈઓ	₹ 35,000
અનામત અને વધારો	₹ 80,000	લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં	₹ 1,20,000
અન્ય ચાલુ જવાબદારીઓ	₹ 25,000	અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ	₹ 76,000
ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં	₹ 24,000		

જવાબ :

પાકું સરવૈયું

વિગત	નોંધ નંબર	રકમ (₹)	તા. .....ના રોજ (₹)
ઈક્વિટી અને જવાબદારીઓ :			
(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :			
(a) શૅરમૂડી		2,00,000	
(b) અનામત અને વધારો		80,000	2,80,000
(2) બિનચાલુ જવાબદારીઓ :			
(a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં		1,20,000	
(b) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ		76,000	
(c) લાંબા ગાળાની જોગવાઈઓ		60,000	2,56,000
(3) ચાલુ જવાબદારીઓ			
(a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં		24,000	
(b) વેપારી દેવાં		30,000	
(c) અન્ય ચાલુ જવાબદારીઓ		25,000	
(d) ટૂંકા ગાળાની જોગવાઈઓ		35,000	1,14,000
કુલ			**6,50,000**

ઉદાહરણ 5 : નીચેની બાકીઓ શાન લિ.ના ચોપડામાંથી તા. 31-3-2017ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III અનુસાર પાકા સરવૈયાની ઈક્વિટી અને જવાબદારી દર્શાવતું પત્રક તૈયાર કરો.

વિગત	(₹)
26,000 ઈક્વિટી શૅર, દરેક ₹ 10નો તેવા	2,60,000
9 %ની બૅન્ક ઑફ બરોડાની લોન	50,000
સૂચિત ડિવિડન્ડ	18,000
દેવીહૂંડી	10,000
વધારો : નફા-નુકસાનના પત્રક મુજબ	50,000
પ્રોવિડન્ટ ફંડ	70,000
બૅન્ક ઑવરડ્રાફ્ટ	17,000
પગાર ચૂકવવાનો બાકી	30,000

જવાબ :

શાન લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું

વિગત	નોંધ નંબર	રકમ (₹)	રકમ (₹)
ઈક્વિટી અને જવાબદારીઓ :			
(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :			
(a) શૅરમૂડી (ઈક્વિટી શૅરમૂડી)		2,60,000	
(b) અનામત અને વધારો (વધારો : નફા-નુકસાનના પત્રક મુજબ)		50,000	3,10,000
(2) બિનચાલુ જવાબદારીઓ :			
(a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં (9 %ની બૅન્ક ઑફ બરોડાની લોન)		50,000	
(b) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ		–	
(c) લાંબા ગાળાની જોગવાઈઓ (પ્રોવિડન્ટ ફંડ)		70,000	1,20,000
(3) ચાલુ જવાબદારીઓ :			
(a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં (બૅન્ક ઓવરડ્રાફ્ટ)		17,000	
(b) વેપારી દેવાં (દેવીહૂંડી)		10,000	
(c) અન્ય ચાલુ જવાબદારીઓ (પગાર ચૂકવવાનો બાકી)		30,000	
(d) ટૂંકા ગાળાની જોગવાઈઓ (સૂચિત ડિવિડન્ડ)		18,000	75,000
કુલ			**5,05,000**

ઉદાહરણ 6 : નીચેની બાકીઓ કુબેર લિમિટેડના ચોપડાઓમાંથી તા. 31-3-2017ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ કંપનીધારા 2013ના પરિશિષ્ટ III અનુસાર પાકા સરવૈયામાં કયા શીર્ષકો હેઠળ દર્શાવવામાં આવશે તે જણાવો.

(1) જમીન-મકાન
(2) ગૌણ કંપનીના શૅર
(3) દેવાદારો
(4) આખરસ્ટૉક
(5) ટૂંકા ગાળાનાં રોકાણો
(6) બૅન્કસિલક
(7) પાઘડી
(8) ફર્નિચર
(9) કસ્ટમ ડિપોઝિટ
(10) ટ્રેડમાર્ક

(11) અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ
(12) લેણીહૂંડી
(13) સ્ટોર્સ અને સ્પેરપાર્ટ્સ
(14) કર્મચારીઓને લોન
(15) સરકારી જામીનગીરીઓ (પાક્યા તારીખ 30-6-2017)
(16) અગાઉથી ચૂકવેલ કરવેરા
(17) બૅન્કમાં બાંધી મુદતની થાપણ (પાક્યા તારીખ 31-3-2020)
(18) છૂટા ભાગો
(19) ડિરેક્ટરને લોન (કામચલાઉ)
(20) પ્રોવિડન્ટ ફંડનાં રોકાણો

જવાબ :

વિગત	પાકા સરવૈયાનું શીર્ષક	મુખ્ય શીર્ષક	પેટા શીર્ષક
(1) જમીન-મકાન	મિલકતો	બિનચાલુ મિલકતો	કાયમી મિલકતો - દૃશ્ય
(2) ગૌણ કંપનીના શૅર	મિલકતો	બિનચાલુ મિલકતો	બિનચાલુ રોકાણો
(3) દેવાદારો	મિલકતો	ચાલુ મિલકતો	વેપારી લેણાં
(4) આખરસ્ટૉક	મિલકતો	ચાલુ મિલકતો	માલસામગ્રી
(5) ટૂંકા ગાળાનાં રોકાણો	મિલકતો	ચાલુ મિલકતો	ચાલુ રોકાણો
(6) બૅન્કસિલક	મિલકતો	ચાલુ મિલકતો	રોકડ અને રોકડ સમકક્ષ
(7) પાઘડી	મિલકતો	બિનચાલુ મિલકતો	કાયમી મિલકતો - અદૃશ્ય
(8) ફર્નિચર	મિલકતો	બિનચાલુ મિલકતો	કાયમી મિલકતો - દૃશ્ય
(9) કસ્ટમ ડિપોઝિટ	મિલકતો	બિનચાલુ મિલકતો	લાંબા ગાળાની લોન અને ધિરાણ
(10) ટ્રેડમાર્ક	મિલકતો	બિનચાલુ મિલકતો	કાયમી મિલકતો - અદૃશ્ય
(11) અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ	મિલકતો	ચાલુ મિલકતો	અન્ય ચાલુ મિલકતો
(12) લેણીહૂંડી	મિલકતો	ચાલુ મિલકતો	વેપારી લેણાં
(13) સ્ટોર્સ અને સ્પેરપાર્ટ્સ	મિલકતો	ચાલુ મિલકતો	માલસામગ્રી
(14) કર્મચારીઓને લોન	મિલકતો	બિનચાલુ મિલકતો	લાંબા ગાળાની લોન અને ધિરાણ
(15) સરકારી જામીનગીરીઓ (પાક્યા તારીખ 30-6-2017)	મિલકતો	ચાલુ મિલકતો	ચાલુ રોકાણો
(16) અગાઉથી ચૂકવેલ કરવેરા	મિલકતો	ચાલુ મિલકતો	અન્ય ચાલુ મિલકતો
(17) બૅન્કમાં બાંધી મુદતની થાપણ (પાક્યા તારીખ 31-3-2020)	મિલકતો	બિનચાલુ મિલકતો	બિનચાલુ રોકાણો
(18) છૂટા ભાગો	મિલકતો	ચાલુ મિલકતો	માલસામગ્રી
(19) ડિરેક્ટરને લોન (કામચલાઉ)	મિલકતો	ચાલુ મિલકતો	ટૂંકા ગાળાની લોન-ધિરાણ
(20) પ્રોવિડન્ટ ફંડનાં રોકાણો	મિલકતો	બિનચાલુ મિલકતો	બિનચાલુ રોકાણો

ઉદાહરણ 7 : નીચેની બાકીઓ કંપનીધારા 2013ના પરિશિષ્ટ III અનુસાર કંપનીના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો.

(1) છૂટા ભાગો
(2) ભાડાપટ્ટે મિલકતો
(3) ડિબેન્ચર પરતનિધિનાં રોકાણો
(4) ઈલેક્ટ્રિસિટી ડિપોઝિટ
(5) અન્ય કંપનીના ડિબેન્ચર (આવતા વર્ષે દરમિયાન પરત થવાપાત્ર)
(6) લેણદારોને આપેલ એડવાન્સ
(7) કૉપીરાઈટ
(8) ડિબેન્ચર વટાવ (આવતા વર્ષે માંડી વાળવાનો છે.)
(9) ડિબેન્ચર વટાવ (આવતા વર્ષ બાદ માંડી વાળવાનો છે.)
(10) મ્યુચ્યુઅલ ફંડના યુનિટ (ટૂંકા ગાળા માટે)
(11) અન્ય કંપનીના શૅર (લાંબા ગાળા માટે)
(12) અર્ધતૈયાર માલ
(13) વાહનો
(14) દેવાદારો પાસેથી મળેલ ચેક
(15) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ
(16) કમ્પ્યૂટર
(17) કમ્પ્યૂટર સૉફ્ટવેર
(18) અગાઉથી ચૂકવેલ ભાડું
(19) યંત્રો
(20) યંત્રો (આવતા વર્ષે વેચાણપાત્ર)

જવાબ :

વિગત	પાકા સરવૈયાનું શીર્ષક	મુખ્ય શીર્ષક	પેટા શીર્ષક
(1) છૂટા ભાગો	મિલકતો	ચાલુ મિલકતો	માલસામગ્રી
(2) ભાડાપટ્ટે મિલકતો	મિલકતો	બિનચાલુ મિલકતો	કાયમી મિલકતો - દૃશ્ય
(3) ડિબેન્ચર પરતનિધિનાં રોકાણો	મિલકતો	બિનચાલુ મિલકતો	બિનચાલુ રોકાણો
(4) ઈલેક્ટ્રિસિટી ડિપોઝિટ	મિલકતો	બિનચાલુ મિલકતો	લાંબા ગાળાની લોન અને ધિરાણ
(5) અન્ય કંપનીના ડિબેન્ચર (આવતા વર્ષ દરમિયાન પરત થવાપાત્ર)	મિલકતો	ચાલુ મિલકતો	ચાલુ રોકાણો
(6) લેણદારોને આપેલ એડવાન્સ	મિલકતો	ચાલુ મિલકતો	ટૂંકા ગાળાની લોન - ધિરાણ
(7) કૉપીરાઈટ	મિલકતો	બિનચાલુ મિલકતો	કાયમી મિલકતો - અદૃશ્ય

વિગત	પાકા સરવૈયાનું શીર્ષક	મુખ્ય શીર્ષક	પેટા શીર્ષક
(8) ડિબેન્ચર વટાવ (આવતા વર્ષે માંડી વાળવાનો છે.)	મિલકતો	ચાલુ મિલકતો	અન્ય ચાલુ મિલકતો
(9) ડિબેન્ચર વટાવ (આવતા વર્ષ બાદ માંડી વાળવાનો છે.)	મિલકતો	બિનચાલુ મિલકતો	અન્ય બિનચાલુ મિલકતો
(10) મ્યુચ્યુઅલ ફંડના યુનિટ (ટૂંકા ગાળા માટે)	મિલકતો	ચાલુ મિલકતો	ચાલુ રોકાણો
(11) અન્ય કંપનીના શૅર (લાંબા ગાળા માટે)	મિલકતો	બિનચાલુ મિલકતો	બિનચાલુ રોકાણો
(12) અર્ધતૈયાર માલ	મિલકતો	ચાલુ મિલકતો	માલસામગ્રી
(13) વાહનો	મિલકતો	બિનચાલુ મિલકતો	કાયમી મિલકતો - દૃશ્ય
(14) દેવાદારો પાસેથી મળેલ ચેક	મિલકતો	ચાલુ મિલકતો	રોકડ અને રોકડ સમકક્ષ
(15) રોકાણો પર મળવાનું બાકી વ્યાજ	મિલકતો	ચાલુ મિલકતો	અન્ય ચાલુ મિલકતો
(16) કમ્પ્યૂટર	મિલકતો	બિનચાલુ મિલકતો	કાયમી મિલકતો - દૃશ્ય
(17) કમ્પ્યૂટર સૉફ્ટવેર	મિલકતો	બિનચાલુ મિલકતો	કાયમી મિલકતો - અદૃશ્ય
(18) અગાઉથી ચૂકવેલ ભાડું	મિલકતો	ચાલુ મિલકતો	અન્ય ચાલુ મિલકતો
(19) યંત્રો	મિલકતો	બિનચાલુ મિલકતો	કાયમી મિલકતો - દૃશ્ય
(20) યંત્રો (આવતા વર્ષે વેચાણપાત્ર)	મિલકતો	ચાલુ મિલકતો	અન્ય ચાલુ મિલકતો

ઉદાહરણ 8 : નીચેની બાકીઓ વિજય લિમિટેડના ચોપડાઓમાંથી તા. 31-3-2017ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના તા. 31-3-2017ના રોજના પાકા સરૈવયાની મિલકત બાજુ તૈયાર કરો.

બાકી	(₹)
(1) કાયમી મિલકતો - દૃશ્ય	8,00,000
(2) રોકડ અને રોકડ સમકક્ષ	60,000
(3) લાંબા ગાળાની લોન અને ધિરાણ	34,000
(4) માલસામગ્રી	43,000
(5) અન્ય બિનચાલુ મિલકતો	31,000
(6) બિનચાલુ રોકાણો	27,000
(7) ચાલુ રોકાણો	29,000
(8) વેપારી લેણાં	56,000
(9) ટૂંકા ગાળાની લોન-ધિરાણ	40,000
(10) અન્ય ચાલુ મિલકતો	10,000
(11) કાયમી મિલકતો - અદૃશ્ય	50,000

જવાબ :

વિજય લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું

વિગત	નોંધ નંબર	રકમ (₹)	તા. 31-3-2017ના રોજ (₹)
મિલકતો :			
(1) બિનચાલુ મિલકતો :			
(a) કાયમી મિલકતો			
(i) દૃશ્ય		8,00,000	
(ii) અદૃશ્ય		50,000	
(b) બિનચાલુ રોકાણો		27,000	
(c) લાંબા ગાળાની લોન-ધિરાણ		34,000	
(d) અન્ય બિનચાલુ મિલકતો		31,000	9,42,000
(2) ચાલુ મિલકતો :			
(a) ચાલુ રોકાણો		29,000	
(b) માલસામગ્રી		43,000	
(c) વેપારી લેણાં		56,000	
(d) રોકડ અને રોકડ સમકક્ષ		60,000	
(e) ટૂંકા ગાળાની લોન-ધિરાણ		40,000	
(f) અન્ય ચાલુ મિલકતો		10,000	2,38,000
કુલ			**11,80,000**

ઉદાહરણ 9 : નીચેની બાકીઓ ગુજરાત લિમિટેડના ચોપડામાંથી તા. 31-3-2017ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ પાકા સરવૈયાની મિલકતો દર્શાવતું પત્રક તૈયાર કરો.

બાકી	(₹)
(1) મળવાનું બાકી વ્યાજ	3000
(2) પ્લાન્ટ-યંત્રો	6,00,000
(3) રોકડ હાથ પર	37,000
(4) ટ્રેડમાર્ક	20,000
(5) દેવાદારો	42,000
(6) 10 %ના નર્મદા બોન્ડ	70,000
(7) છૂટા ભાગો	18,000
(8) ટેલિફોન ડિપોઝિટ	30,000
(9) મ્યુચ્યુઅલ ફંડના યુનીટ (કામચલાઉ)	10,000

જવાબ :

ગુજરાત લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું

વિગત	નોંધ નંબર	રકમ (₹)	રકમ (₹)
મિલકતો :			
(1) બિનચાલુ મિલકતો :			
(a) કાયમી મિલકતો			
(i) દૃશ્ય (પ્લાન્ટ-યંત્રો)		6,00,000	
(ii) અદૃશ્ય (ટ્રેડમાર્ક)		20,000	
(b) બિનચાલુ રોકાણો (10 %ના નર્મદા બોન્ડ)		70,000	
(c) લાંબા ગાળાની લોન-ધિરાણ (ટેલિફોન ડિપોઝીટ)		30,000	
(d) અન્ય બિનચાલુ મિલકતો		–	7,20,000
(2) ચાલુ મિલકતો :			
(a) ચાલુ રોકાણો (મ્યુચ્યુઅલ ફંડના યુનીટ-કામચલાઉ)		10,000	
(b) માલસામગ્રી (છૂટા ભાગો)		18,000	
(c) વેપારી લેણાં (દેવાદારો)		42,000	
(d) રોકડ અને રોકડ સમકક્ષ (રોકડ હાથ પર)		37,000	
(e) ટૂંકા ગાળાની લોન-ધિરાણ		–	
(f) અન્ય ચાલુ મિલકતો (મળવાનું બાકી વ્યાજ)		3000	1,10,000
કુલ			**8,30,000**

ઉદાહરણ 10 : નીચેની બાકીઓ સ્ટાર લિમિટેડના ચોપડામાંથી લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31 માર્ચ, 2017ના રોજનું પાકું સરવૈયું કંપનીધારા-2013ના પરિશિષ્ટ-III મુજબ તૈયાર કરો.

બાકી	(₹)
(1) મળવાનું બાકી કમિશન	20,000
(2) જમીન-મકાન	10,00,000
(3) ઇક્વિટી શૅરમૂડી	10,00,000
(4) બૅન્ક સિલક	45,000
(5) સામાન્ય અનામત	20,000
(6) આખર સ્ટૉક	1,80,000
(7) લેણદારો	4,00,000
(8) દેવાદારો	2,30,000
(9) 10 %ના ડિબેન્ચર	1,30,000
(10) ડિબેન્ચર પરતનિધિના રોકાણો	30,000
(11) કસ્ટમ ડિપોઝીટ	1,25,000
(12) ગ્રેજ્યુઇટી ફંડ	20,000
(13) કરવેરાની જોગવાઈ	60,000

જવાબ :

સ્ટાર લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું

વિગત	નોંધ નંબર	રકમ (₹)	રકમ (₹)
I ઈક્વિટી અને જવાબદારીઓ :			
(1) શૅરહોલ્ડર્સનાં ભંડોળો :			
(a) શૅરમૂડી (ઈક્વિટી શૅરમૂડી)		10,00,000	
(b) અનામત અને વધારો (સામાન્ય અનામત))		20,000	10,20,000
(2) બિનચાલુ જવાબદારીઓ :			
(a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં (10 %ના ડિબેન્ચર)		1,30,000	
(b) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ		–	
(c) લાંબા ગાળાની જોગવાઈઓ (ગ્રેજ્યુઇટી ફંડ)		20,000	1,50,000
(3) ચાલુ જવાબદારીઓ			
(a) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં		–	
(b) વેપારી દેવાં (લેણદારો)		4,00,000	
(c) અન્ય ચાલુ જવાબદારીઓ		–	
(d) ટૂંકા ગાળાની જોગવાઈઓ (કરવેરાની જોગવાઈ)		60,000	4,60,000
કુલ			**16,30,000**
II મિલકતો :			
(1) બિનચાલુ મિલકતો :			
(a) કાયમી મિલકતો			
(i) દૃશ્ય (જમીન-મકાન)		10,00,000	
(ii) અદૃશ્ય		–	
(b) બિનચાલુ રોકાણો (ડિબેન્ચર પરતનિધિના રોકાણો)		30,000	
(c) લાંબા ગાળાની લોન-ધિરાણ (કસ્ટમ ડિપોઝીટ)		1,25,000	
(d) અન્ય બિનચાલુ મિલકતો		–	11,55,000
(2) ચાલુ મિલકતો :			
(a) ચાલુ રોકાણો		–	
(b) માલસામગ્રી (આખરસ્ટૉક)		1,80,000	
(c) વેપારી લેણાં (દેવાદારો)		2,30,000	
(d) રોકડ અને રોકડ સમકક્ષ (બૅન્ક સિલક)		45,000	
(e) ટૂંકા ગાળાની લોન-ધિરાણ		–	
(f) અન્ય ચાલુ મિલકતો		20,000	4,75,000
કુલ			**16,30,000**

ઉદાહરણ 11 : નીચેની બાકીઓ કંપનીધારા 2013ના પરિશિષ્ટ IIIમાં દર્શાવ્યા પ્રમાણે નફા-નુકસાનના પત્રકમાં કયા શીર્ષક હેઠળ દર્શાવશો તે જણાવો.

(1) વેચાણ
(2) પગાર
(3) મળેલ વ્યાજ અને ડિવિડન્ડ
(4) ભંગારની ઊપજ
(5) ઘસારો
(6) તાર-ટપાલ
(7) લોન પર વ્યાજ
(8) બૉનસ
(9) બૅન્કચાર્જિસ
(10) વેચાણ ખર્ચા

જવાબ :

બાકી	**શીર્ષક**
(1) વેચાણ	કામગીરીમાંથી ઊપજ
(2) પગાર	કર્મચારી લાભના ખર્ચા
(3) મળેલ વ્યાજ અને ડિવિડન્ડ	અન્ય ઊપજ
(4) ભંગારની ઊપજ	અન્ય ઊપજ
(5) ઘસારો	ઘસારો અને માંડી વાળેલ ખર્ચા
(6) તાર-ટપાલ	અન્ય ખર્ચા
(7) લોન પર વ્યાજ	નાણાકીય પડતર
(8) બૉનસ	કર્મચારી લાભના ખર્ચા
(9) બૅન્કચાર્જિસ	અન્ય ખર્ચા
(10) વેચાણ ખર્ચા	અન્ય ખર્ચા

ઉદાહરણ 12 : તા. 31-3-2017ના રોજ પૂરા થતાં વર્ષની પારસ લિમિટેડની માહિતી પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ નફા-નુકસાનનું પત્રક તૈયાર કરો.

વિગત	**રકમ (₹)**
વપરાયેલ માલની પડતર	6,25,000
તૈયાર માલના સ્ટૉકમાં ફેરફાર	40,000
કર્મચારીનો પગાર અને કર્મચારી માટે જોગવાઈઓ	2,60,000
વેચાણ	12,70,000
ચૂકવેલ વ્યાજ	30,000
ઑફિસ અને વેચાણ ખર્ચા	52,000
કાયમી મિલકતો પર ઘસારો	28,000
મિલકત વેચાણનો નફો	35,000
કરવેરાની જોગવાઈ નફાના 50 ટકા	

જવાબ :

તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાનનું પત્રક

	વિગત	નોંધ નંબર	રકમ (₹)	તા. 31-3-2017ના રોજ (₹) પૂરા થતા વર્ષ માટે
I	કામગીરીમાંથી ઊપજ		12,70,000	
II	અન્ય ઊપજ		35,000	
III	**કુલ ઊપજ (I + II)**			**13,05,000**
IV	**ખર્ચાઓ :**			
	વપરાયેલ માલની પડતર		6,25,000	
	તૈયાર માલના સ્ટૉકમાં ફેરફાર		40,000	
	કર્મચારી લાભનાં ખર્ચા		2,60,000	
	નાણાકીય પડતર		30,000	
	ઘસારો		28,000	
	અન્ય ખર્ચા		52,000	
	કુલ ખર્ચા			**10,35,000**
V	કરવેરા પહેલાંનો નફો (III – IV)			2,70,000
VI	કરવેરાની જોગવાઈ			1,35,000
VII	કરવેરા બાદ નફો (V – VI)			1,35,000

ઉદાહરણ 13 : નીચે આપેલ બાકીઓ પરથી તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષ માટે શ્રી સહજાનંદ લિમિટેડનું કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III અનુસાર નફા-નુકસાનું પત્રક તૈયાર કરો :

વિગત	રકમ (₹)
ઑફિસ અને વેચાણ ખર્ચા	40,000
વેચાણ	16,00,000
પગાર	5,00,000
મજૂરી	40,000
ખરીદી	7,10,000
શરૂઆતનો સ્ટૉક	60,000
ડિબેન્ચર વ્યાજ	20,000
રોકાણોના વેચાણનો નફો	26,000
આખર સ્ટૉક	70,000
કરવેરાની જોગવાઈ	1,63,000

જવાબ : **શ્રી સહજાનંદ લિમિટેડનું તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાનનું પત્રક**

	વિગત	નોંધ નંબર	રકમ (₹)	રકમ (₹)
I	કામગીરીમાંથી ઊપજ (વેચાણ)		16,00,000	
II	અન્ય ઊપજ (રોકાણોના વેચાણનો નફો)		26,000	
III	**કુલ ઊપજ (I + II)**			**16,26,000**
IV	**ખર્ચાઓ :**			
	ખરીદી		7,10,000	
	તૈયાર માલના સ્ટૉકમાં ફેરફાર		(10,000)	
	(શરૂનો સ્ટૉક ₹ 60,000 – આખરસ્ટૉક ₹ 70,000)			
	કર્મચારી લાભનાં ખર્ચા (પગાર + મજૂરી)		5,40,000	
	નાણાકીય પડતર (ડિબેન્ચર વ્યાજ)		20,000	
	ઘસારો		–	
	અન્ય ખર્ચા (ઑફિસ અને વેચાણ ખર્ચા)		40,000	
	કુલ ખર્ચા			**13,00,000**
V	કરવેરા પહેલાંનો નફો (III – IV)			3,26,000
VI	કરવેરાની જોગવાઈ			1,63,000
VII	કરવેરા બાદ નફો (V – VI)			**1,63,000**
	(પાકા સરવૈયામાં લઈ ગયા)			

ઉદાહરણ 14 : તા. 31-3-2017ના રોજનું શિવમ્ લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

વિગત	ઉધાર (₹)	જમા (₹)
માલસામગ્રી	1,10,000	
કાયમી મિલકતો - દશ્ય	8,00,000	
5000 ઈક્વિટી શૅર દરેક ₹ 100નો તેવા		5,00,000
વેચાણ		7,50,000
અન્ય ઊપજ		20,000
કર્મચારી લાભના ખર્ચા	1,30,000	
લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં		3,50,000
નાણાકીય પડતર	17,500	
વેપારી દેવાં		1,00,000
વેપારી લેણાં	40,000	
રોકડ અને બૅન્કસિલક	60,000	
ઘસારો	22,500	
વેચેલ માલની પડતર	4,00,000	
બિનચાલુ રોકાણો	1,40,000	
	17,20,000	**17,20,000**

વધારાની માહિતી : કરવેરાની જોગવાઈ ₹ 80,000 કરો.

કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કંપનીના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

જવાબ : **શિવમ્ લિમિટેડનું તા. 31-3-2017ના રોજ પૂરા થતા વર્ષ માટે નફા-નુકસાનનું પત્રક**

	વિગત	નોંધ નંબર	રકમ (₹)	રકમ (₹)
I	કામગીરીમાંથી ઊપજ (વેચાણ)		7,50,000	
II	અન્ય ઊપજ		20,000	
III	**કુલ ઊપજ (I + II)**			**7,70,000**
IV	**ખર્ચાઓ :**			
	વેચેલ માલની પડતર		4,00,000	
	કર્મચારીઓને લગતાં ખર્ચા		1,30,000	
	નાણાકીય પડતર		17,500	
	ઘસારો		22,500	
	અન્ય ખર્ચા		–	
	કુલ ખર્ચા			**5,70,000**
V	કરવેરા પહેલાંનો નફો (III – IV)			2,00,000
VI	કરવેરાની જોગવાઈ			80,000
VII	કરવેરા બાદ નફો (V – VI)			**1,20,000**
	(પાકા સરવૈયામાં લઈ ગયા)			

શિવમ્ લિમિટેડનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું

	વિગત	નોંધ નંબર	રકમ (₹)	રકમ (₹)
I	**ઇક્વિટી અને જવાબદારીઓ :**			
(1)	**શૅરહોલ્ડર્સના ભંડોળો :**			
	(a) શૅરમૂડી		5,00,000	
	(b) અનામત અને વધારો (ચોખ્ખો નફો બાકી)		1,20,000	6,20,000
(2)	**બિનચાલુ જવાબદારીઓ :**			
	(a) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં		3,50,000	3,50,000
(3)	**ચાલુ જવાબદારીઓ**			
	(a) વેપારી દેવાં		1,00,000	
	(b) ટૂંકા ગાળાની જોગવાઈઓ		80,000	1,80,000
	કુલ			**11,50,000**

વિગત	નોંધ નંબર	રકમ (₹)	રકમ (₹)
II મિલકતો :			
(1) બિનચાલુ મિલકતો :			
(a) કાયમી મિલકતો : દશ્ય		8,00,000	
(b) બિનચાલુ રોકાણો		1,40,000	9,40,000
(2) ચાલુ મિલકતો :			
(b) માલસામગ્રી		1,10,000	
(c) વેપારી લેણાં		40,000	
(d) રોકડ અને રોકડ સમકક્ષ (રોકડ અને બૅન્કસિલક)		60,000	2,10,000
કુલ			**11,50,000**

સમજૂતી :

(1) પ્રશ્નમાં વેચેલ માલની પડતર આપેલ હોવાથી નફા-નુકસાનના પત્રકમાં ખરીદી અને સ્ટૉકમાં ફેરફાર નોંધાશે નહિ. કારણ કે વેચેલ માલની પડતર = ખરીદી + શરૂનો સ્ટૉક − આખરનો સ્ટૉક

(2) કરવેરાની જોગવાઈ ₹ 80,000 હવાલા તરીકે આપેલ છે, તેથી તેની બે અસર આવશે : (i) નફા-નુકસાનના પત્રકમાં કરવેરા પહેલાનાં નફામાંથી બાદ થશે. (ii) પાકા સરવૈયામાં ટૂંકા ગાળાની જોગવાઈ તરીકે દર્શાવાશે.

(3) પ્રશ્નમાં નહિ આપેલ વિગતો જેવી કે અન્ય ખર્ચા, અન્ય લાંબાગાળાની જવાબદારીઓ, લાંબાગાળાની જોગવાઈઓ, અન્ય ચાલુ જવાબદારીઓ, અદશ્ય કાયમી મિલકતો, લાંબાગાળાની લોન-ધિરાણ, અન્ય બિનચાલુ મિલકત, ટૂંકાગાળાની લોન.

સ્વાધ્યાય

1. દરેક પ્રશ્ન માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો :

(1) કંપનીનાં નાણાકીય પત્રકોમાં ....નો સમાવેશ થાય છે.

(અ) નફા-નુકસાનનું પત્રક અને પાકું સરવૈયું

(બ) રોકડ પ્રવાહ પત્રક અને ઇક્વિટીમાં ફેરફાર દર્શાવતું પત્રક

(ક) હિસાબોને લગતી નોંધો

(ડ) ઉપરના બધા જ

(2) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ નફા-નુકસાનનું પત્રક અને પાકું સરવૈયું .... સ્વરૂપમાં તૈયાર કરવું ફરજિયાત છે.

(અ) આડા કે T

(બ) ઊભા

(ક) નફા-નુકસાનનું પત્રક આડા સ્વરૂપે અને પાકું સરવૈયું ઊભા

(ડ) નફા-નુકસાનનું પત્રક ઊભા સ્વરૂપે અને પાકું સરવૈયું આડા

(3) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ .... નિર્ધારિત નમૂનામાં જ તૈયાર કરવું/કરવા ફરજિયાત છે.

(અ) પાકું સરવૈયું

(બ) નફા-નુકસાનનું પત્રક

(ક) પાકું સરવૈયું અને નફા-નુકસાનનું પત્રક બંને

(ડ) પાકું સરવૈયું અને નફા-નુકસાનના પત્રકમાંથી એક પણ નહિ

(4) .... માટે નફા-નુકસાનનું પત્રક તેમજ પાકું સરવૈયું ઊભા સ્વરૂપે નિર્ધારિત નમૂનામાં જ તૈયાર કરવું ફરજિયાત છે.

(અ) એકાંકી વેપારી પેઢી

(બ) ભાગીદારી પેઢી

(ક) બધી જ કંપનીઓ

(ડ) વીમા કંપની, વીજળી કંપની અને બૅન્કિંગ કંપની સિવાયની કંપનીઓ

(5) પાકું સરવૈયું .... જ્યારે નફા-નુકસાનનું પત્રક .... તૈયાર કરવામાં આવે છે.

(અ) ચોક્કસ હિસાબી સમય માટે, ચોક્કસ દિવસના રોજ

(બ) ચોક્કસ દિવસના રોજ, ચોક્કસ હિસાબી સમય માટે

(ક) ચોક્કસ દિવસના રોજ, ચોક્કસ દિવસના રોજ

(ડ) ચોક્કસ હિસાબી સમય માટે, ચોક્કસ હિસાબી સમય માટે

(6) .... એ કંપનીની નાણાકીય સ્થિતિ દર્શાવે છે, જ્યારે .... એ નાણાકીય દેખાવ દર્શાવે છે.

(અ) નફા-નુકસાનનું પત્રક, રોકડ પ્રવાહ પત્રક (બ) પાકું સરવૈયું, રોકડ પ્રવાહ પત્રક

(ક) નફા-નુકસાનનું પત્રક, પાકું સરવૈયું (ડ) પાકું સરવૈયું, નફા-નુકસાનનું પત્રક

(7) કંપનીધારા 2013 અનુસાર કંપનીની મિલકતો અને જવાબદારીઓને .... અને ....માં વર્ગીકૃત કરવામાં આવેલ છે.

(અ) ચાલુ, કાયમી (બ) કાયમી, કાયમી

(ક) ટૂંકા ગાળા માટે, લાંબા ગાળા માટે (ડ) ચાલુ, બિનચાલુ

(8) .... મિલકતને ચાલુ મિલકત તરીકે ગણવામાં આવે છે.

(અ) પાકા સરવૈયાની તારીખ પછીના 12 માસ દરમિયાન રોકડમાં રૂપાંતર થવાપાત્ર

(બ) પાકા સરવૈયાની તારીખ પછીના 12 માસ દરમિયાન વેચાણપાત્ર

(ક) પાકા સરવૈયાની તારીખ પછીના 12 માસ દરમિયાન વપરાશપાત્ર

(ડ) ઉપરના બધા જ

(9) કંપનીધારા 2013 અનુસાર પાકા સરવૈયા પછીના 12 માસ દરમિયાન વેચાણપાત્ર યંત્રને .... કહે છે.

(અ) કાયમી મિલકત (બ) બિનચાલુ મિલકત

(ક) ચાલુ મિલકત (ડ) ખર્ચ

2. નીચેના પ્રશ્નોના બે કે ત્રણ વાક્યમાં જવાબ આપો :

(1) નાણાકીય પત્રકો એટલે શું ?

(2) નાણાકીય પત્રકોમાં શાનો સમાવેશ થાય છે ?

(3) નાણાકીય પત્રકોનાં લક્ષણો જણાવો.

(4) નાણાકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ જણાવો.

(5) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ ઇક્વિટી અને જવાબદારી હેઠળ સમાવાતાં મુખ્ય શીર્ષકો જણાવો.

(6) બિનચાલુ જવાબદારીઓનું વર્ગીકરણ દર્શાવો.

(7) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III અનુસાર ચાલુ જવાબદારીઓનું વર્ગીકરણ દર્શાવો.

(8) ચાલુ મિલકત અને બિનચાલુ મિલકત એટલે શું ?

(9) ચાલુ જવાબદારી અને બિનચાલુ જવાબદારી એટલે શું ?

(10) કંપનીધારા 2013ના પરિશિષ્ટ-III મુજબ ચાલુ મિલકતોનું વર્ગીકરણ દર્શાવો.